# કુમાર




દેવસ્ત્રી (લીનોકટ) ચિત્રકાર : વૈદ્યનાથ દાસ · એમનો પરિચય અંદર વાંચો

## અંક ૨૯૧

વર્ષ ૨૫મું · અંક ૩જો · માર્ચ ૧૯૪૮ · આવતી કાલનાં નાગરિકો માટેનું



પવન-વિનોદ ચિત્રકાર: સોમાલાલ શાહ ('ભારતી'ના સૌજન્યથી)









કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭ાા; પરદેશમાં રૂા. ૯ાા અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.


જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધીરોડ, અમદાવાદ.




કોઈ ભવ્ય મહેલાતના નકસીદાર ઝરૂખા જેવો, વિશાળ હિંદની કેડ પર શોભતો સૌરાષ્ટ્રનો ૨૩,૫૦૦ ચોરસ માઇલનો પ્રદેશ, ગઈ વસંતપંચમીથી ત્યાંનાં ૪૪૯ રજવાડાંઓના આપખુદ અમલની એડી તળેથી મુક્ત થયો. આજ સુધી એળે જતી અથવા સુપ્ત પડેલી તેની અનેકવિધ ભૌતિક સમૃદ્ધિ તથા તેનાં શક્તિશાળી સંતાનો માટે હવે નવસર્જનની ઉષા ઊગી છે. ઉપરના નકશામાં તેનાં મુખ્ય શહેરો સાથે, એક કાળે ધીકતાં તેનાં ૬૨ જેટલાં બંદરોમાંથી ૩૦ જેટલાં બંદરો બતાવ્યાં છે, જેના વિકાસની શક્યતાઓ એ દેશને સમૃદ્ધિથી રેલછેલ કરી મૂકશે. તેની મોટી નદીઓ, તેનાં સઘન જંગલો અને તેની રેલવેઓ સાથે, ત્યાંની ફળદ્રુપ જમીનમાં થતા પાકનાં ચિત્રો પણ એ મુખ્ય નકશામાં બતાવીને, નીચલે ડાબે ખૂણે આપેલા નાના નકશામાં એ પાકનું પરસ્પરનું પ્રમાણ દર્શાવ્યું છે, અને જમણા ખૂણામાંના નકશામાં તેના અક્ષાંશ-રેખાંશ જણાવીને ત્યાં પડતા વરસાદના ઈંચવાર પ્રદેશ જુદીજુદી ભાત પાડીને દર્શાવ્યા છે. સૌરાષ્ટ્રમાં જ થતા ગીરના નામી સિંહ, ઉમદા ખમીરવાળા જાતવાન ઘોડા ને જાફરાબાદી ભેંસોનો નિર્દેશ ઉપલા ડાબા ખૂણાના નાના નકશામાં છે. ઉપરાંત, આજ સુધી અંધારે રહેલા એ દેશની ધરતીના પેટાળમાં ખનીજ તેમજ ઈતર સમૃદ્ધિની એટલી તો શક્યતાઓ પડી છે કે જો તેનું વ્યવસ્થિત સંશોધન કરવામાં આવે તો એ દેશ ઉદ્યોગધંધાથી ધીકતો બને. (વધુ આ અંકમાંના વિસ્તૃત લેખમાં)




કોઇ ભવ્ય મહેલાતના નકસીદાર ઝરૂખા જેવો, વિશાળ હિંદની કેડ પર શોભતો સૌરાષ્ટ્રનો ૨૩,૫૦૦ ચોરસ માઇલનો પ્રદેશ, ગઈ વસંતપંચમીથી ત્યાંનાં ૪૪૯ રજવાડાંઓના આપખુદ અમલની એડી તળેથી મુક્ત થયો. આજ સુધી એળે જતી અથવા સુપ્ત પડેલી તેની અનેકવિધ ભૌતિક સમૃદ્ધિ તથા તેનાં શક્તિશાળી સંતાનો માટે હવે નવસર્જનની ઉષા ઊગી છે. ઉપરના નકશામાં તેનાં મુખ્ય શહેરો સાથે, એક કાળે ધીકતાં તેનાં ૬૨ જેટલાં બંદરોમાંથી ૩૦ જેટલાં બંદરો બતાવ્યાં છે, જેના વિકાસની શક્યતાઓ એ દેશને સમૃદ્ધિથી રેલછેલ કરી મૂકશે. તેની મોટી નદીઓ, તેનાં સઘન જંગલો અને તેની રેલવેઓ સાથે, ત્યાંની ફળદ્રુપ જમીનમાં થતા પાકનાં ચિત્રો પણ એ મુખ્ય નકશામાં બતાવીને, નીચલે ડાબે ખૂણે આપેલા નાના નકશામાં એ પાકનું પરસ્પરનું પ્રમાણ દર્શાવ્યું છે, અને જમણા ખૂણામાંના નકશામાં તેના અક્ષાંશ-રેખાંશ જણાવીને ત્યાં પડતા વરસાદના ઈંચવાર પ્રદેશ જુદીજુદી ભાત પાડીને દર્શાવ્યા છે. સૌરાષ્ટ્રમાં જ થતા ગીરના નામી સિંહ, ઉમદા ખમીરવાળા જાતવાન ઘોડા ને જાફરાબાદી ભેંશોનો નિર્દેશ ઉપલા ડાબા ખૂણાના નાના નકશામાં છે. ઉપરાંત, આજ સુધી અંધારે રહેલા એ દેશની ધરતીના પેટાળમાં ખનીજ તેમજ ઈતર સમૃદ્ધિની એટલી તો શક્યતાઓ પડી છે કે જો તેનું વ્યવસ્થિત સંશોધન કરવામાં આવે તો એ દેશ ઉદ્યોગધંધાથી ધીકતો બને. (વધુ આ અંકમાંના વિસ્તૃત લેખમાં)



('બાપુ': શિલ્પી-કાન્તિલાલ કાપડિયા અને યુસુફઅલી ધાલા)

## રાષ્ટ્રપિતાને

• પૃથ્વી •

તમે ગગનદીપ દિવ્ય રવિરાજ શા રાજતા,
અમે લઘુક તારકો તમ પ્રભાથકી લાજતા.
તમે ગરુડ વ્યોમનાં ફલક માપતા વેગથી,
અમે અરૂઢ પાંખને ફડફડાવીએ કૈં મથી.
હિમાલય તમે ઊભા અચલ તુંગ ને વૈભવી,
અમે મનુષ વામણાં તમ પદે સદા શૈશવી.
તમેં જલધિ ને અમે ઝરણુ ક્ષુદ્ર જાતાં સરી,
તમે અમર ને અમે મરણુ સાથ જાશું મરી.

પિતા, અમર પંથના! તુજ ગયે ઘટે શોક ના,
ભર્યું સભર પાત્ર તેં જનમભોમનું અમૃતે–
મુદા, અડગ વીરતા અમલ પ્રેમ સંજીવને;
ગયેલ પ્રગટાવિયા પુનઃ પ્રાણ આ લોકના.
હવે ન અફસોસ.
છે લઘુક પ્રાર્થના અંતરે:
પ્રબુદ્ધ જનપ્રાણ નિદ્રિત બને ન જન્માન્તરે!

**ચોપટલાલ પંચાલ**

## સફર સહસા

• શિખરિણી-અનુષ્ટુપ •

અહો ગાંધી! સાધી સફર સહસા આમ અકળી,
રચી આંધી, શાંતિપ્રિય જન, ન છાજે જ તમને!
ગયા– ના રોકાયા વચન 'જઉં છું' એ ય વદવા,
ઘડી તો પૃથ્વીનું પણ સ્થગિત હૈયું કરી ગયા!

તમારે ના વૈરી, પણ જગતનાં વૈર સહુ, હા,
તમે બાંધી શત્રુવટ, પ્રણયની વેદી રચવા
ચહ્યું, વિશ્વે અદ્રિ સમ વિચરવા શાંતિસદન.
મચ્યા એ સંગ્રામે કવચ ધરીને માત્ર પ્રભુનું.

ઢળ્યા એ સંગ્રામે! પ્રભુથકી જ આ ત્રાણ ઉતર્યું?
તમોને વીંધી ગૈ સનન, કરુણા એ શું પ્રભુની?
મનુષ્યે ઝંખેલાં પ્રણય-સતનો સિદ્ધિ-પથ આ
અસત્-હસ્તે થાવું સતત હત, એ અંતિમ પથ?

હજી રોતી પૃથ્વી, પ્રગટ ધરતીનાં રુદન શા
હતા ગાંધી, એને ગત કરી, પ્રભો! તેં રુદનને
વધાર્યાં. ક્યારે યે રુદન સ્મિતમાં ના પલટશે?
કહે, પૃથ્વી અર્થે પ્રગટ નવ આનંદ ન થશે?

પૂર્ણથી પૂર્ણ એ તારા સત્ય-આનંદનો ઘટ
અક્ષુણ્ણ, ધરતી તીરે પ્રગટાવ, મહા નટ!

('સંસ્કૃતિ'માંથી) **સુન્દરમ્**

## બાપુ

મહા તેજનો ઓઘ ચડે ગગને અને નેન અનેકોનાં થિર બને,
એનું મૂળ જોવા ગાંડુતૂર થતું મનુકુળ આખું ય અધીર મને.
અરે! અંબરના સહુ દેવતાઇ આજ દીવડા રાંક તે કોણે કર્યા?
બાપુ! મુઠ્ઠી શી માટીને કોડિયે તેં મૃતલોકનાં અમર નૂર ભર્યાં.
બાપુ! ઘોર અંધારામાં એકલ ભવ્ય પ્રતાપીલી તારી એ જ્યોત ઝગી,
આખી આલમ વાયરે અટવાણી પણ એ જ ન એક લગીર ડગી.
બાપુ! કાળા તે માનવી કાળજામાં અહીં શ્રદ્ધા તેં એવી શી સંઘરી'તી?
તારે પ્રેમળ સ્પરશે કાળમીંઢાને યે સરવાણી ઉરે સંચરી'તી,
બાપુ! તો ય તારે નવ જંપ હતો તારે પંથ વિરાગની વાત કેવી?
ચારે દિશનાં ઝેરને નિચોવીને તારે હતી કટોરી શું હાથ લેવી?
બાપુ! પ્રેમના તેં પારાવાર દઇ અમ ઝેરને એકલાં ઘોળી પીધાં?
બાપુ! હાસનાં ફૂલ-ઉલ્લાસ દઈ અમ અંગારા તેં ઉરે ચાંપી લીધા?
બાપુ! પાપ અમારાંને એ જ પ્રીતે તારે વિશુદ્ધ લોહીથી ધોવાં હતાં?
અરે જીવતાં પાઠ પૂરા ન પડેલ કે મોતમાં એ પણ નોંધવા'તા?
તારે શબ્દે જે ન સમાઇ શક્યું એને મૂંગી તેં રાખથી વાચા દીધી?
બાપુ! પાક નવા નિર્મળ કાજે પ્યારા હિંદને નીર વહંત કીધી?
બાપુ! જિંદગીના તારા જશને ન્યાળવા જગનાં માનવી ટોળે વળ્યાં,
પણ મોતનો તારો મેળાપ દેખી બાપુ! અમરો યે ઇરષાથી બળ્યા.

**મકરન્દ દવે**

# હવે

જ્યારે પરમેશ્વરને આ પૃથ્વી પર મારી જરૂર નહિ લાગે ત્યારે એક ક્ષણ પણ મને અહીં નહિ રહેવા દે અને પોતાની પાસે બોલાવી લેશે.’..પોતાના જીવન તથા કાર્ય વિષે આમ સંપૂર્ણરીતે શ્રદ્ધાન્વિત રહેનાર મહાત્માજી તો ગયા. ઇશ્વરમાં ને પોતાના જીવનધ્યેયમાં અનન્ય શ્રદ્ધા ધરાવતા એ રાષ્ટ્રપિતાએ, તપશુદ્ધ જીવનના પુરુષાર્થ વડે આ મૃતપ્રાય બની ગએલા દેશના ખોળિયામાં નવચૈતન્ય જન્માવીને, તેનામાં બલિદાન ને પ્રતિકારનું તેજ પ્રગટાવી જબરદસ્ત એવી બ્રિટિશ સલ્તનતની નાગચૂડમાંથી તેને છોડાવ્યું તથા સ્વાતંત્ર્યના નિર્મળ વાતાવરણમાં તેને લાવીને ખડું કર્યું. સાથોસાથ હિંસા તથા અસતનો સામનો સત અને સ્વબલિદાનનાં અજેય સાધનોથી કરવાની અભિનવ કાર્યપદ્ધતિ તેમણે હિંદ દ્વારા જગતની કચડાએલી માનવજાતને બતાવી, એટલું જ નહિ પણ હજારો વરસથી ઝગડતા રહેલા આ જગતમાં શાંતિ સ્થપાય તથા માનવજાતનો ઉદ્ધાર થાય તે માટે ઇશુ અને બુદ્ધની માફક પ્રેમ અને અહિંસા દ્વારા વિશ્વશાંતિનો મહામંત્ર દુનિયા આગળ મૂક્યો. માત્ર હિંદને જ નહિ પણ જગતભરની માનવજાતને સત્યનો ને શિવનો એ ‘એકમેવ’ રાજમાર્ગ બતાવી તે પ્રકાશમાન જ્યોતિ જ્યોતિપુંજમાં મળી ગઇ. આમ, એકરીતે માનીએ તો, તેમની મજલ —તેમનું જીવનકાર્ય તો પૂરું થયું.’


પણ હવે ખરી મજલ તો આપણી શરૂ થાય છે. તેમના બોધ આચરણમાં ઉતારવાની, તેમણે પાડી આપેલા ચીલાને રાજમાર્ગ બનાવવાની, તેમનાં આદર્શોને પૂરાં કરવાની, તેમનાં સ્વપ્નોને સાકાર કરવાની જવાબદારી આપણા પર છે એ તો આપણને દિવ્ય વારસો સોંપી ગયા; એને સાચવવાનો અને ઉજાળવાનો આપણે છે.

પણ આપણે ખરું આત્મશોધન કરીને જોઇએ કે એમના એ આદર્શોને,—અરે એમણે ચીંધેલા પ્રાથમિક બોધને પણ આપણે જીવનમાં હજી ઉતાર્યો છે ખરો? એમણે બોધેલાં સાદાંપણ સમર્થ ચાર સૂત્રો:સ્વાશ્રય,સાદાઈ, સ્વદેશી ને સદાચાર. એને પડછે વિચારીએ કે આપણા ચાલુ જીવનમાં પણ એનો નિષ્ઠાપૂર્વક અમલ થાય છે? આપણે રાષ્ટ્રસંપત્તિની બાબતમાં હજી પૂરા સ્વાશ્રયી થયા છીએ? રોજિંદા વપરાશની કેટકેટલી મામૂલી વસ્તુઓ પણ આપણે પરદેશની વાપરીએ છીએ? ને એમાં કેટલી બીનજરૂરી વેંઢારીએ છીએ? દેશમાં કરોડોની સંખ્યામાં વપરાતા, માથું ઓળવાના નજીવા કાંસકાથી માંડીને રેડિયો ને વિમાનો સુધીની આપણા વપરાશની વસ્તુઓ તપાસી જઇશું તો આપણી પાંગળી સ્થિતિનો ખ્યાલ આવશે. અને સદાચાર? એ પૈસાના પાનમાંપણ સડેલી સોપારીનો ચૂરો નાખી આપનાર દુકાનદારથી માંડીને કૉન્ટ્રાકટો આપવા બદલ હજારોની લાંચ લેતા અમલદારો સુધીની આપણી જીવનસૃષ્ટિ પર નીતિશૈથિલ્યનો જે શીહા ઓળો પથરાઈ ગયો છે એ આખું યે ચિત્ર દર્દભર્યું છે.

આજ સુધી તો આવા અધોગત દેશના ક્ષેમનો અને માર્ગભૂલેલી માનવજાતને ચિરંતન સતનો માર્ગ બતાવવાનો પહાડ સમ બોજો એ માનવવિભૂતિએ એકલપંડે ઉપાડેલો. પણ હવે તેમના જતાં આપણો એ બોજો આપણે જ આપમેળે ઉપાડવાનો છે. આપણા નાનામાં નાના નીતિશૈથિલ્યથી માંડી, જગતના ચોકમાં હિંદી સંસ્કૃતિના ગૌરવની અસ્મિતા સ્થાપવા સુધીના વિશાળ ક્ષેત્રમાં જે મહાભારત કાર્ય કરવાનું આપણે માથે છે તેની વિસ્મૃતિ હવે આપણને નહિ પાલવે. કાર્ય ખરેખર મહાભારત છે; પણ તેને પહોંચી વળવાનો માર્ગ, રામચંદ્રજીને સેતુ બાંધવામાં મદદ કરનાર ખિસકોલીએ આપણને બતાવ્યો છે : શ્રદ્ધાની નમ્રતા ને પુરુષાર્થની તેજસ્વિતાથી આપણામાંનો દરેકજણ પોતાને ભાગે આવતો બોજો ઉપાડે તો એ મહાસેતુ બંધાઇ જાય:

જેમણે પોતાના જીવનના કણકણ વડે, અને છેવટે મૃત્યુ વડે પણ, સમસ્ત માનવજાતને જીવનનાં શાશ્વત નૈતિક મૂલ્યોની સક્રિય સાધના શીખવી, જેમણે રાષ્ટ્રના આત્માનો વિધ્વંસ કરનારાં પાંગળાપણાં, અનેક વેરઝેર તથા અરાજકતાનો, ક્રિયાપૂત પ્રતિકાર કરવાનો સંદેશ આપ્યો, અને એ જ કાર્યના યજ્ઞમાં પોતાની જાતનો બલિ દીધો, એ વીર પિતાનું તર્પણ શું ઠેરઠેર પૂતળાં અને મંદિરો ઊભાં કરીને જ કરીશું? ‘શિવો ભૂત્વા શિવં યજેત’ એ છે આપણી પુરાતન સંસ્કૃતિનો સનાતન સંદેશ. એ દિવ્ય માનવ વિભૂતિની ખરી પૂજા, તેમનું સાચું સ્મારક તો તેમનો ઉપદેશ તથા તેમના સિદ્ધાંતો જીવનાચારમાં આણવામાં, તેમની દિવ્ય માનવતાનો અંશ દેશના હૃદયહૃદયમાં પ્રકટવામાં જ હોઇ શકે. એમની મહત્તાને કેવળ સ્થૂલ સ્મારકો રૂપે સ્થાપી દૂરથી પ્રણામ કરીને આપણે આપણી જવાબદારીમાંથી છટકી જઈ શકીએ તેમ નથી. તેમનો જીવનસંદેશ આપણા આચરણમાં ઉતારીને જ તે કર્તવ્ય આપણે પાર પાડવાનું છે.

એટલે હવે આપણું જ કાર્ય શરૂ થાય છે.



**એમની મજલ પૂરી થઈ; હવે આપણી શરૂ થાય છે**
(‘રેખા’માં ચિત્રકાર બંસીલાલ વર્માનું ચિત્ર : બંનેના સૌજન્યથી)

# જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર

**'રસાયણોના જાદુગર'ના નામે જગજાણીતો, માનવતાનો પરમ ઉપકારક અને ખેતીવિજ્ઞાનનો સમર્થ સંશોધક**

જગતની સૌથી પછાત ગણાતી હબસી કોમમાં પણ પોતાની અણપૈલુ પ્રતિભા તથા સર્વગામી તેજસ્વી બુદ્ધિમત્તા વડે માત્ર અમેરિકામાં જ નહિ પણ જગતભરમાં સન્માનનું અચળસ્થાન મેળવી જનાર બે હબસીઓ થઈ ગયા. એક બૂકર ટી વૉશિંગ્ટન અને બીજા જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર. એકે પોતાના નમ્ર સેવાભાવ તથા અખંડ પરિશ્રમથી હબસી લોકોનાં શિક્ષણ, સંસ્કાર અને પ્રગતિ માટે ટસ્કેજી ઇન્સ્ટિટ્યૂટ જેવી જગવિખ્યાત સંસ્થાની સ્થાપના કરી ને બીજાએ મોંમાં આંગળાં પકડાવે તેવી પોતાની ખેતીવિજ્ઞાનને લગતી આશ્ચર્યકારક શોધખોળો વડે જગતને બતાવી આપ્યું કે વિજ્ઞાન જેવા અટપટા પરિશ્રમવાળા વિષયમાંયે હબસી જેવી પછાત કોમ પણ યોગ્ય તક અને ક્ષેત્ર મળતાં પશ્ચિમના ભલભલા વૈજ્ઞાનિકોને ટપી જઈ શકે છે.




**ગુલામ હબસી કોમ જેવી જગતની સૌથી પછાત કોમમાં જન્મીને, પ્રતિકૂળ પરિસ્થિતિના અનુલ્લંઘનીય પર્વતો કેવળ કાળજાંતૂટ પરિશ્રમ અને ઈશ્વરદત્ત બુદ્ધિમત્તા વડે ઓળંગીને જગતમાં સર્વોચ્ચ માનમર્તબો મેળવનાર આ વિખ્યાત મહાપુરુષનું જીવન એક નવલકથા કરતાં પણ વધુ અદ્ભુત અને વધુ રસદાયક છે. જગતને તેણે બતાવી આપ્યું કે 'क्रियासिद्धि: सत्त्वे भवति महतां नोपकरणे'**

અમેરિકાના મિસુરી પરગણામાં ડાયમંડ ગ્રોવ ગામે ઇ. ૧૮૬૪ માં એક ગુલામ હબસી કુટુંબમાં આ નામાંકિત વૈજ્ઞાનિકનો જન્મ થયો હતો. પિતા તો જન્મ પહેલાં જ મૃત્યુ પામેલો. અને ગોરા માલિકના ખેતરમાં રાતદિવસ કાળી મજૂરી કરતી તેની માતાને તે વખતે તો ખ્યાલે ક્યાંથી હોય કે પોતાનો એ અરૂપ પુત્ર એવાં તો પરાક્રમો કરશે કે તેનું નામ જગતભરમાં જાણીતું થશે? પણ પુત્રની ઉમર માત્ર ૬ માસની હતી ત્યાં જ એક ભયંકર બનાવ બન્યો. કેટલાક લુંટારુઓ ઓચિંતા હુમલો કરી તે ૬ માસના બાળક તથા માતાનું અપહરણ કરી ગયા. તેમના જર્મન માલિકે તેમને છોડાવવા સંદેશો મોકલ્યો ને ૧૦૦૦ રૂપિયાના શરતના ઘોડાના બદલામાં તે બાળકને તો છોડાવ્યો, પણ માતાનો પત્તો ન લાગ્યો. આમ બાળક બચી ગયો અને બીજા હબસીઓ પાસે મોટો થવા લાગ્યો.

ત્યાર પછી બીજે જ વર્ષે, ૧૮૬૫ માં અબ્રાહમ લિંકનને પ્રતાપે ગુલામગીરીની કાળી પ્રથા નાબૂદ થઇ અને તે અનાથ બાળક એ નાગચૂડામાંથી તો છૂટ્યો. તરત મોઝિઝ કાર્વર નામના એક ભલા જમીનદારે તેને પોતાના ઘરમાં રાખી લઈ ઉછેરવા માંડ્યો અને તેનું તેણે નામ પાડ્યું જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર.

જ્યોર્જ જેમજેમ મોટો થતો ગયો તેમતેમ બુદ્ધિના અજબ ચમત્કાર બતાવવા લાગ્યો. લખવાવાંચવાનું તો તેણે નિશાળે જતાં પહેલાં જ ઘેર શીખી લીધું, એટલું જ નહિ પણ ઘરમાં બાઈબલ અને બીજું એક પુસ્તક હતું તે બંને કડકડાટ મોઢે કરી નાખ્યાં. તેની દોદળી તબિયતને કારણે તેને રાંધવાનું, સીવવાનું, ઈસ્ત્રી કરવાનું એવાં કામો સોંપવામાં આવતાં. પણ તે બાળકની જ્ઞાનતૃષા હવે એવી તો જાગૃત થઈ હતી કે તે નિશાળે ગયા સિવાય છીપાય તેમ નહોતી. પણ દૈવવશાત્ તેના પાલક-પિતા મોઝિઝ કાર્વરની દશા ફરી ગઈ. આથી તે જ્યોર્જને નિશાળે ભણવા મોકલી શકે તેમ નહોતો.

પણ એ બાળકની તીવ્ર જ્ઞાનપિપાસા ગમે તેવી મુશ્કેલી કે પ્રતિકૂળ સંજોગોથી દબાઇ જાય તેમ નહોતી. ગમે તે ઉપાયે ભણતરની ભૂખ સંતોષવાનો તેણે નિરધાર કરી લીધો અને ૧૦ વર્ષની કુમળી વયે પોતાના પાલક પિતાના ઘરને છેલ્લી સલામ કરી માત્ર સ્વબળે જ તે દુનિયા સામે ટક્કર ઝીલવા નીકળી પડ્યો. નહોતી કોઇની ઓળખાણ કે નહોતો કોઇનો સહારો. ખિસામાં તો રાતી પાઈ યે શાની હોય? માત્ર જ્ઞાન માટેની દુર્દમનીય તમન્નાનો દીપ તેના હૃદયમાં જલતો હતો. તે દીપને અજવાળે તે આઠ માઈલ દૂર આવેલી નિશાળે ભણવા પહોંચ્યો અને જે કામ મળે તે કરી પોતાનું પેટિયું કાઢીને ભણવા લાગ્યો. કદી કોઈ ઘાસની ગંજીમાં, કદીક કોઇ ઝાડ તળે, તો કદીક ખુલ્લા મેદાનમાં તે રાત વિતાવતો. અને આમ, કપરી તપશ્ચર્યા કરી તેણે એ ગામડાની નાનકડી નિશાળમાં હતું તેટલું જ્ઞાનવારિ પી લીધું અને માધ્યમિક શાળાના અભ્યાસ માટે મિનીઍપોલિસ શહેરમાં પહોંચ્યો. ત્યાં પણ કપડાં ધોવાનું ધોબીનું સખત પરિશ્રમનું કામ કરીને ૨૦ વર્ષની વયે તેણે એ શિક્ષણ પણ પૂરું કર્યું.



કાર્વર તેની લૅબોરેટરીમાં : નીચે–અમેરિકાએ તેના સ્મરણમાં કાઢેલી ત્રણ સેન્ટની ટિકિટ

હવે યુવાન કાર્વરે કૉલેજનું શિક્ષણ લેવાનું નક્કી કરી આયોવાની કૉલેજમાં અરજી કરી. તેની અરજી મંજૂર તો થઇ, પણ જેવો જાતે તે કૉલેજના બારણામાં પહોંચ્યો કે તેને અટકાવવામાં આવ્યો અને દાખલ થવાની ના સુણાવી દેવામાં આવી; કારણ કે તે કાળી ચામડીનો હબસી હતો ! પણ સંકટોથી ડરી જાય તો તે કાર્વર શાનો ?

વળી આ વખતે તેની પાસે પૈસા પણ ખૂટી પડ્યા હતા. તરત તેણે એક લૉન્ડ્રી ખોલી અને કૉલેજમાં દાખલ થવા જેટલા પૈસા કમાઈ લઇ ઈંન્ડયાની સિમ્સન કૉલેજમાં દાખલ થયો. ફાલતુ સમયમાં સખત પરિશ્રમના જુદાજુદા કામધંધા કરીકરીને તેણે ત્યાંનું ત્રણ વર્ષનું શિક્ષણ પૂરું કર્યું અને ખેતીવાડીનો અભ્યાસ સંપૂર્ણ કરવા તે આયોવા સ્ટેટ કૉલેજમાં દાખલ થયો. ચાર વર્ષના કપરા અભ્યાસ પછી જ્યારે તે મેધાવિન યુવાને 'માસ્ટર ઑવ્ સાયન્સ' ની ડિગ્રી મેળવી ત્યારે કૉલેજના પ્રોફેસરો તેના ખેતીવાડી તથા વનસ્પતિને લગતા વિશાળ જ્ઞાનભંડાર પર મુગ્ધ હતા થઈ ગયા. તરત તેને તે જ કૉલેજમાં 'કૉલેજ ફેકલ્ટી' તરીકે નીમવામાં આવ્યો.

બે વર્ષ સુધી તે એ પદે રહ્યો ત્યાં હબસીઓના મહાન ઉદ્ધારક બુકર ટી. વૉશિંગ્ટન તરફથી, તેમણે તાજેતરમાં જ હબસીઓ માટે સ્થાપેલી ટસ્કેજી ઇન્સ્ટિટ્યૂટમાં જોડાવાનું તેને આમંત્રણ મળ્યું. પોતાના પછાત જાતભાઇઓની સેવાની આવી અમૂલ્ય તક મળતાં જ તે ૧૮૯૬ માં રાજીનામું આપી ટસ્કેજી પહોંચી ગયો અને ત્યાં ખેતીવાડીની પ્રયોગશાળા સ્થાપવાનું મહાભારત કાર્ય માથે લીધું.

મહાભારત એટલા માટે કે, એ કાર્ય માટે ત્યાં માત્ર ત્રણ જ વસ્તુ તેની પાસે હતી : નાનકડું મકાન, પ્રયોગ કરવા માટે કસ વગરનું રેતાળ મેદાન અને હૃદયમાં ઉત્સાહ. પાસે નહોતાં કોઇ ફંડ કે નહોતી કોઈ સાધનસામગ્રી. પણ તેની પ્રતિભાશાળી સંશોધકબુદ્ધિ તથા કૌશલ્યને જાણે એ આહ્વાન હતું તરત બાંયો ચઢાવી તે કામે વળગ્યો.



એક તૂટેલા ફાનસમાંથી તેણે સ્ટવ બનાવ્યો; રસોડામાંથી મળેલો એક જાડો પ્યાલો શોધી તેનો ખલ કર્યો, અને લોખંડના ટુકડાનો દસ્તો બનાવ્યો. જૂની બાટલીઓ, રસોડાના વાટકા ને ઇતર કાટમાળમાંથી પ્રયોગશાળાને જરૂરી વસ્તુ વિશ્વકર્માની કુશળતાથી ઝડપથી બનવા લાગી.

પણ પ્રયોગ કરવા માટે જોઈતી જરૂરી કસવાળી જમીનનું શું? સંસ્થા પાસેની જમીન તો હતી ૧૯ એકર જેટલી, પણ તે બધી તદ્દન રેતાળ ને બિલકુલ કસ વગરની. કાર્વર પોતે જ લખે છેઃ 'બધા મને કહેતા કે આ જમીનમાં કંઈ પાકવાનું નથી. પણ મારી પાસે એ જ જમીન હતી. હું કહેતો કે જમીન વાંઝણી નથી; એ તો માત્ર અણખેડાએલી જ છે.' અને રેતીમાંથી સોનું પેદા કરવાની આરઝૂથી તેણે કમ્મર કસી. તેણે પોતાના વિદ્યાર્થીઓને રોજ નજીકનાં જંગલોમાંના કાદવવાળા પ્રદેશમાંથી બાલદીઓ ભરીભરીને પાંદડાંથી ભરપૂર કાદવવાળી માટી લઈ આવવાને મોકલવા શરૂ કર્યા ને એ રેતાળ જમીન પર તે કાદવવાળો કસવાળો થર પાથર્યો. આમ, જમીન તૈયાર કર્યા પછી તેના પર કાર્વરના જગવિખ્યાત પ્રયોગો શરૂ થયા.

પ્રથમ તો તેણે આસપાસ વસતા ખેડૂતોને રૂનો પાક કેવી રીતે વધારી શકાય તે બતાવ્યું. તેણે તેના પ્રત્યક્ષ પુરાવા રૂપે પોતાની જ જમીનમાંથી એકર દીઠ એકએક ગાંસડી પાક ઉતારી બતાવ્યો ! વળી તેણે એ પણ જોયું કે દક્ષિણના ખેડૂતો માત્ર રૂનો જ પાક ઉતારતા હોવાથી જમીન કસ વિનાની થતી જતી હતી. તેણે પ્રયોગો કરીને સિદ્ધ કરી બતાવ્યું કે કપાસ ઉપરાંત વટાણા તથા શક્કરિયાંનો પાક એમાંથી ઘણી સારી રીતે ઉતારી શકાય, એટલું જ નહિ પણ કપાસના એક પાકને બદલે શક્કરિયાંના બે પાક વરસમાં ઉતારી શકાય. પોતાના આ સંશોધનનો, તે સેવાભાવી વૈજ્ઞાનિકે આલાબામાના ખેડૂતોમાં ભાષણો, પત્રિકાઓ તથા પ્રત્યક્ષ ફરીને પ્રચાર કર્યો. જેને પરિણામે આજે આલાબામા પ્રાંતના વટાણા એ કપાસથી બીજે નંબરે મોટો કમાણીનો પાક બની ગયો છે.

પણ હવે એક બીજી મુશ્કેલી આવી. કાર્વરના પ્રચારથી પ્રેરાઇને ખેડૂતોએ વટાણા તથા શક્કરિયાંના પાક મોટા પ્રમાણમાં ઉતાર્યા તો ખરા; પણ તેની માગ ક્યાં વધી હતી ? પરિણામે વટાણા અને શક્કરિયાંના ગંજ ને ગંજ સડવા લાગ્યા! કાર્વરથી આ કેમ સહ્યું જાય? બગાડનો તો એ કટ્ટો દુશ્મન હતો. તરત તે તે પદાર્થોના વિવિધ ઉપયોગો શોધી કાઢવા તરફ તેણે પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું. પોતાની પ્રયોગશાળામાં વટાણા અને શક્કરિયાં પર વિવિધ પ્રયોગો તેણે શરૂ કર્યા અને જોતજોતાંમાં આખા જગતને પણ આશ્ચર્યમાં નાખી દે તેવા ઉપયોગો તેમણે શોધી કાઢ્યા.

તેની તેજસ્વી સંશોધક બુદ્ધિમત્તાએ શક્કરિયાંમાંથી સ્ટાર્ચ અને રંગો બનાવ્યા, અને ઉપરાંત સરકો, શાહી, ગોળ, બુટપૉલિશ આદિ ૧૦૦ રોજિંદા ઉપયોગની વસ્તુઓની લાંબી કતાર ખડી કરી દીધી ! વટાણામાંથી તો તેણે ૩૦૦ વસ્તુઓ સર્જી બતાવીઃ કૉફી, ચીઝ, દૂધ, છાપવાની શાહી, આટો, કાગળ, (અનુસંધાન પૃ. ૮૬મે)

# એક શિલિંગનાં ફૂલ

લંડનના કેટલાક ભાગમાં શાકાહારી હૉટેલો હોય છે. એક દિવસ આખું સવાર નૅશનલ ગૅલેરીમાં ચિત્રો જોવામાં ગાળ્યો હોવાથી હું થાકી ગએલો. લગભગ એક વાગવા આવ્યો હતો એટલે ભૂખ પણ કકડીને લાગેલી; એટલે હું ટેલતોટેલતો સેઈન્ટ માર્ટિન સ્ટ્રીટમાં આવેલા એક શાકાહારી રેસ્ટોરાંમાં ગયો.

રેસ્ટોરાંમાં હજી લંચ માટેની ગિરદી બહુ જામી ન હતી. થોડા ઘણા લોકો છૂટાછવાયા આમતેમ બેઠાં હતા. એક ટેબલ પર જઇ મેં હાથમાં છાપું લીધું. તુરત જ ત્યાંની સ્ત્રીનોકર આવી અને નીચું જોઇને ભોજનની મારી સૂચનાની રાહ જોતી ઊભી રહી.

છાપામાંથી ઊંચું જોઈ મેં વાનીઓની યાદીમાંથી કેટલીક મંગાવી.

એવામાં મારી નજર પાસેના એક ટેબલ પર પડી. ત્યાં નાની અંગ્રેજ બાળા બેઠી હતી. જેવી અમારી દૃષ્ટિ મળી કે તરત જ તેણે પોતાની નજર ખેંચી લીધી. આ બધો વખત તે મારી સામે અનિમેષ નયને જોયા જ કરતી હતી એમ મને લાગ્યું.

બાળા તેરથી ચૌદ વર્ષની હશે. ઠીકઠીક કહેવાય તેવો—અથવા ગરીબાઇનો ખ્યાલ આપે તેવો પોષાક તેણે પહેરેલો. તેના વાળની કોઈકોઈ લટો પાછળ ઊડતી દેખાતી હતી. તેની મોટી આંખોમાં જાણે કંઇક દુઃખ કે ગ્લાનિ ભર્યાં હોય તેવો મને ભાસ થયો.

તે ન જુએ તેમ મેં તેની સામે વારંવાર જોયા કર્યું. મેં મંગાવેલી વાનીઓ આવી તે પહેલાં તો તે ભોજન પતાવી દઇ ઊઠી અને બિલ લઈ તે પૈસા આપવા ગઈ. મેં તેની પાછળ ધ્યાનથી જોયું. પૈસા લેનાર સ્ત્રીકારકુન સાથે તેને વાત કરતી મેં સાંભળી: તેણે પૂછ્યું: 'શ્રીમતી, પેલા સદ્‌ગૃહસ્થ હિંદી છે?'

'હા, મને લાગે છે કે એ હિંદી છે.'

'તેઓ અહીં હમેશાં આવે છે?'

'ચોક્કસ તો નહિ કહી શકું, પણ મેં તેમને અગાઉ જોયા હોય તેવો ખ્યાલ આવતો નથી.'

તે બાઇનો આભાર માની, મારા તરફ એક નજર ફેંકી બાળા તરત જ ચાલી ગઈ. મને જરા નવાઈ લાગી. તેણે 'મારા' વિષે પૂછ્યું હશે? શા માટે? તેને મારામાં આમ રસ લેતી જોઇને મને જરા કુતૂહલ થયું તેથી જેવું મેં ભોજન પૂરું કર્યું કે તરત જ સ્ત્રીનોકરને પૂછ્યું: 'થોડીવાર પહેલાં પાસેના ટેબલ પર બેઠેલી બાળાને તમે ઓળખો છો?'

'ના જી; મેં તેને જોઈ છે ખરી, પણ હું તેને ઓળખતી નથી. દર શનિવારે તે અહીં ભોજન માટે આવે છે.'

'અઠવાડિયાના બીજા કોઇ જ દિવસે નહિ?'

'નહિ જી. બીજા કોઇ દિવસે મેં તેને જોઇ નથી.'

'તે શો ધંધો કરે છે, તેની કંઇ ખબર છે?'

'હું ધારું છું કે કોઇ દુકાનમાં કામ કરે છે.'

'શા ઉપરથી તમે એમ ધારો છો?'

'હું અનુમાન કરું છું કે તે બહુ કમાતી નહિ હોય; તેથી જ દરરોજ ભોજન માટે પૈસા ખર્ચી શકતી નહિ હોય. અને દર શનિવારે જ આવે છે, કારણ કે તે એના પગારનો દિવસ હશે.' આ શબ્દોએ જાણે મને નવાઈભર્યો ડંખ માર્યો હોય તેમ હું વિચારમાં પડી ગયો.

૨

પણ એ બાળા વિષે મને થએલું કુતૂહલ હું દૂર કરી શક્યો નહિ. તેણે મારી પૂછપરછ શાથી કરી હશે? શું એની પાછળ કંઈ ભેદ હશે? તેના ગ્લાનિભર્યાં દીન ચહેરાએ ધીમે-ધીમે મારું મન ઘેરી લીધું. ગરીબ બીચારી છોકરી! તે કોણ હશે? તેને હું કંઈ ઉપયોગી થઈ શકીશ? મારી જિજ્ઞાસા વધતી ગઈ. બધી દુકાનો રવિવારે તો બંધ હોય, એટલે સોમવારે નાસ્તો લઇને તરત હું તે બાળાની શોધમાં નીકળ્યો. સેઇન્ટ માર્ટિન તથા સ્ટ્રૅન્ડ પાસેના લત્તામાં આવેલી ઘણીખરી દુકાનોમાં મેં તેની તપાસ કરી, પણ તેને ક્યાંયે ન જોઈ. દુકાનમાં જતાં આપણે કંઈક ખરીદવું તો પડે જ; નહિતર ત્યાં વેચાણ કરનારા ગરીબ નોકરનું આવી બને અને સદા યે ચકોર રહેતા તેમના શેઠ તેમને પાણીચું જ પધરાવી દે. એટલે મારા ઓવરકોટનાં ખિસ્સાં ટાઈ, રૂમાલ, પેન્સિલ, ચિત્ર-કાર્ડ અને એવીએવી પરચુરણ ચીજોથી ભરાઈ ગયાં; પણ પેલી બાળાનો પત્તો મને ન લાગ્યો.

અઠવાડિયું વીતી ગયું ને બીજો શનિવાર આવી પહોંચ્યો એવો જ હું પેલા શાકાહારી રેસ્ટોરાંમાં પહોંચ્યો, અને જેવો અંદર ગયો કે તરત જ મેં પેલી બાળાને ટેબલ પર બેસીને



ભોજન લઈ રહી. હું તેની પાસે ગયો ને તેને નમસ્તે કહી તેની સામેની જગા પર બેઠો.

કંઈક નિરુત્સાહથી તેણે મારા નમસ્કાર ઝીલ્યા. મેં તેને વાતમાં જોડાવવા શરૂઆત કરી. વાતચીત દરમ્યાન એકાએક તેણે પૂછ્યું : 'આપ હિંદી છો ?'

'હા'

'આવી પૂછપરછ કરવા માટે મને માફ કરશો; પણ...આપ શાકાહારી છો ?'

સીધો જવાબ આપવાને બદલે મેં સામો પ્રશ્ન કર્યો : 'શા ઉપર-થી તમે એમ પૂછ્યું ?'

'મેં સાંભળ્યુ છે કે હિંદી લોકો સામાન્યરીતે શાકાહારી હોય છે.'

'તમે હિંદી લોકો વિષે કયાંથી જાણો ?'

'મારા મોટા ભાઇ હિંદુસ્તાન ગયા છે. તે લશ્કરમાં છે.'

મેં કહ્યું, 'કોઇકોઇ વાર બીન શાકાહારી ખોરાક પણ મને ગમે છે ખરો; હું ચુસ્ત શાકાહારી તો નથી.' મને લાગ્યું કે મારા આ જવાબે તેને જરા નિરાશ કરી. વાત ઉપરથી મને ખબર પડી કે તેના કુટુંબના પુરુષોમાં તેનો ભાઇ એકલો જ છે અને પોતે વિધવા માતા સાથે લૅમ્બેથ તરફ રહે છે. મેં પૂછ્યું : 'તમારા ભાઇ તરફથી સમા-ચાર તો આવતા હશે ?'

'હમણાં તો ઘણા વખતથી કંઇ ખબર નથી આવ્યા, એટલે મારી બા તેના વિષે બહુ ચિંતાતુર રહે છે. લોકો પાસેથી તેણે સાંભળ્યું છે કે હિંદ દેશ સર્પ, વાઘ અને ઝેરીલા તાવથી ભરેલો દેશ છે. અને મારા ભાઈ તરફથી કશા સમાચાર નથી, એટલે તેને કદાચ કંઈ થયું તો નહિ હોય ને, એવી મારી માને બીક રહ્યા કરે છે. હિંદ સાપ, વાઘ અને ઝેરીલા તાવથી ભરેલો દેશ છે એ સાચી વાત ?'

હું જરા હસી પડયો. મેં તેને ખાતરી આપી કે એવું કંઈ જ નથી; એમ હોય તો ત્યાં આટલા કરોડ લોકો કેમ રહેતા હશે ?

તેણે રાહતનો એક દીર્ઘ શ્વાસ લીધો ને કહ્યું : 'જો કોઈ હિંદી મળે તો મારી બાને હિંદ વિષે ઘણીઘણી વાતો જાણવી છે.' તેણે મારી સામે આતુર નજરે જોયું. તેનો ભાવ હું કળી ગયો. પોતાની બા પાસે આવવાનું સીધેસીધું મને પૂછવાની તેની હિંમત ન ચાલી.

પુત્રથી વિખુટી પડેલી એ માતાને મળવાની મને પણ વૃત્તિ થઈ આવી. વળી, લંડનના ગરીબ લત્તાના લોકજીવનથી હું તદ્દન અપરિચિત હતો તેથી એ લોકોનું જીવન તથા વિચારો જાણવાની ઈચ્છા પણ મને થઈ આવી. તેથી મેં સૂચવ્યું : 'આપણે તમારે ઘેર જઈશું ? તમારાં બાને મારી ઓળખાણ ન કરાવો ?' મારી આ વાતથી તેની આંખ જાણે કે ઉપકારવશ બની હોય તેમ સજળ બની ખીલી ઊઠી. તેણે નમ્રતાપૂર્વક મારો આભાર માન્યો અને પૂછ્યું : 'હમણાં આવશો ?'

'જરૂર.'

'આપને સમય તો છે ને ?'

'હા, અત્યારે મારે કંઈ કામકાજ નથી.'

બાળા રાજી થઈ ગઇ. ભોજન પૂરું કરી અમે બંને ઊઠચાં. રસ્તામાં મેં તેને પૂછ્યું, 'તમારૂં નામ શું ?

'એલીસ માર્ગરેટ કિલફર્ડ.'

મે વિનોદ કર્યો: 'ત્યારે તો પેલા "એલીસ ઈન ધ વન્ડર લૅન્ડ" પુસ્તકમાંની નામશ્રીન એલીસ તો તમે નહિ ?' મારો વિનોદ સમજી ન શકવાથી તેણે મારી સામે જોયું. મને જરા આશ્ચર્ય થયું. મને લાગ્યું કે 'એલીસ ઇન ધ વન્ડર લૅન્ડ' જેવું જગવિખ્યાત ને બાળપ્રિય પુસ્તક એક અંગ્રેજ બાળાએ વાંચ્યું ન હોય એ નવાઇની વાત ! એટલે મેં તેને પૂછ્યું: 'તમે એ પુસ્તક નથી વાંચ્યું ?'

તેણે ના પાડી. 'જો તમારાં માતા હા પાડશે તો હું તમને તે પુસ્તક ભેટ આપીશ.' મેં કહ્યું.

આમ વાતો કરતાંકરતાં અમે સેઈન્ટ માર્ટિન દેવળ તથા ચૅરિંગ ક્રૉસ સ્ટેશને આવ્યાં. સ્ટ્રૅન્ડની બંને બાજુ માળવાળી મોટી બસો દોડતી હતી ને ત્યાં ગિરદી પણ ઘણી હતી, એટલે મેં તાર ઑફિસ-ની સામેના ફુટપાથ પર આવી એલીસને પૂછ્યું, 'આપણે વેસ્ટ-મિન્સ્ટર બસમાં જઇશું ?' તેણે નરમાશથી સામું પૂછ્યું, 'ચાલતાં જવામાં આપને કંઇ હરકત તો નથી ને ?'

'ના, જરા ય નહિ; પણ તમે એટલું બધું ચાલી શકશો ?'

'હું તો દરરોજ ચાલીને જ ઘેર જાઉં છું.' તેણે જવાબ આપ્યો.

તે શું કામ કરતી હતી તે જાણવાની મને જિજ્ઞાસા થઈ. આથી મેં તક લીધી. અલબત્ત, સીધી રીતે નહિ. ઇંગ્લંડમાં વાતચીતનો વિવેક બહુ જ હોય છે. ટ્રેઇનમાં મુસાફરી કરતા કોઇ પડોશી મુસાફરને 'આપ કયાં જાઓ છો' એમ પૂછવું એ અવિવેકી ગણાય; પણ 'આપ શું બહુ દૂર સુધી જાઓ છો ?' એમ વિના સંકોચે પૂછી શકાય. મુ-સાફરને ગમે તો તેનો સીધો જવાબ દે; નહિતર કહી દે કે 'ખાસ દૂર નહિ.' આ જવાબથી રીતભાતની દૃષ્ટિએ આપણને જવાબ દીધો-યે ગણાય અને પોતાની અંગત વાત જાહેર કરી ન પણ કહેવાય. એટલે આ પ્રકારના વિવેકથી મેં એલીસને પૂછ્યું: 'તમારે આ બાજુ વારંવાર આવવાનું થાય છે ?'

'હા, સિવિલ સર્વિસ સ્ટોરમાં હું ટાઇપિસ્ટ તરીકે કામ કરું છું અને રોજ સાંજે ઘેર જાઉં છું. માત્ર શનિવારે તેઓ વહેલું બંધ કરે છે.'

'આપણે પૂલ પરથી જઇશું? સ્ટ્રૅન્ડ કરતાં ગિરદી ત્યાં ઓછી હશે.'

પૂલ પર ચાલતાંચાલતાં મેં તેને ફરી પૂછ્યું: તમે પણ આ જ રસ્તે દરરોજ ઘેર આવો છો ?'

'ના, અહીં ગિરદી ઓછી હોય છે ખરી; પણ આ રસ્તે સારા માણસો પણ ઓછા હોય છે. એટલે સ્ટ્રૅન્ડ અને વ્હાઈટ હૉલનો રસ્તો જ હું પસંદ કરું છું.' આ અજાણ છોકરી ગરીબ પણ ખાનદાન લાગી. વેસ્ટમિન્સ્ટર પૂલ આવતાં મેં પૂછ્યું : 'હું તમને કયા નામે બોલાવું ?'

તેણે હસીને ઉત્તર દીધો, 'મિસ કિલફર્ડ; જો કે હું કંઈ બહુ મોટી થઈ નથી એટલે તમે ગમે તે નામે મને બોલાવી શકો છો. મને સામાન્યરીતે સૌ મૅગી નામે બોલાવે છે.'

અમે પાર્લમેન્ટના મકાન પાસે થઈ વેસ્ટમિન્સ્ટર પૂલને જમણી બાજુ ઓળંગી, લંડનના એક ગરીબ લત્તા લૅમ્બેથમાં આવી પહોં-ચ્યાં. રસ્તે ઊભેલા ટોળામાંથી જગ્યા કરી અમે આગળ વધ્યાં. થોડી વારે મેં તેને પૂછ્યું : 'તમને સૌ તમારા બીજા નામે કેમ બોલાવે છે?'

'મારી બાનું પણ પહેલું નામ એલીસ છે, એટલે મારા પિતાએ મને મારા બીજા નામે બોલાવવાનું પસંદ કરેલું.'

'તમારા પિતા તમને મૅગી કહેતા કે મેગ્સી ?'

'જ્યારે મને વહાલથી બોલાવવી હોય ત્યારે મૅગ્સી કહેતા. પણ આ તમે કેમ જાણ્યું ?'

'કેમ ? અમે હિંદીઓ તો જાદુ જાણીએ છીએ ! દરેકનું ભૂત, ભ-વિષ્ય ભાખી શકીએ છીએ.' મેં જરા હસીને કહ્યું.

'હા, સાચું. મેં પણ એવું સાંભળ્યું છે ખરું.'

'ખરેખર, તમે સાંભળ્યું છે ? શું સાંભળ્યું છે ?'

મેં સાંભળ્યું છે કે હિંદમાં ઘણા લોકો પાસે દૈવી શક્તિ હોય છે. તેઓ યોગી કહેવાય છે, પણ તમે યોગી નથી લાગતા ખરુંને ?'

'કેમ? હું શા માટે યોગી નહિ?'

'કારણ કે યોગીઓ માંસ ખાતા નથી.'

'એમ? એટલે જ તમે મને, આપણે મળ્યાં ત્યારે, પહેલાં જ પૂછેલું કે હું શાકાહારી છું કે નહિ?'

મૅગી જવાબ ન આપતાં ધીમું હસી. એટલામાં અમે એક સાંકડા રસ્તા પાસે આવી પહોંચ્યાં. મૅગી દીવાસળી સળગાવી અંદર ગઇ; ને બારણું ઉઘાડી મને અંદર બોલાવ્યો.

૩

બારણું બંધ કરી મૅગીએ દાદર પરથી તેની બાને બૂમ પાડી, 'બા, ક્યાં છો?' નીચે રસોડામાંથી અવાજ આવ્યો, 'બેટી, હું અહીં છું; અહીં આવ.' મૅગીએ મારી સામે જોયું ને પૂછ્યું, 'આપ આવશો?'

'હા, જરૂર; ચાલો.'

અમે નીચે ઓરડામાં ગયાં. બહારથી જ મૅગીએ તેની માતાને ખબર આપ્યા, 'બા, એક હિંદી ગૃહસ્થ તમને મળવા આવ્યા છે.'

'ક્યાં છે એ ગૃહસ્થ?' વૃદ્ધ સ્ત્રી ચમકી અને સહજ આતુરતાથી પૂછ્યું. હું રસોડામાં ગયો અને મૅગીએ મારી ઓળખાણ કરાવી.

શ્રીમતી ક્લિફર્ડે દિલગીરી બતાવતાં કહ્યું: 'માફ કરજો, મારા હાથ લોટવાળા છે. આજે શનિવાર છે તેથી આ બિસ્કિટ કેઈક વગેરે બનાવું છું. આજે સાંજે લોકો ગુજરીમાં ભેગાં થશે ત્યારે રસ્તા ઉપર એ વેચાઈ જશે. ગમે તેમ કરીને ગુજરાન તો ચલાવવું પડેને?'

ગરીબ લત્તાઓમાં શનિવારની રાત એ આનંદરાત્રિ હોય છે. શનિવાર પગારનો દિવસ હોવાથી ગરીબ લોકો એ દિવસે પૈસા ખરચી આનંદ કરે છે ને ફેરિયાઓનો ઘણોખરો માલ વેચાઇ જાય છે.

બિસ્કિટ બનાવવાની વસ્તુઓ રસોડામાં પડી હતી. કેટલીક તાજી બિસ્કિટ તૈયાર થઈ હતી તે ડબામાં મૂકી હતી. શ્રીમતી ક્લિફર્ડે મને કહ્યું, 'ગરીબ સ્ત્રીના રસોડામાં બેસવામાં મઝા નહિ આવે. મેં મારું કામ લગભગ પૂરું કર્યું છે. મૅગી, તું આ ગૃહસ્થને ઉપર દીવાનખાનામાં લઈ જા. હું હમણાં આવી.'

મેં કહ્યું, 'ના; અહીં બેસવું મને ગમશે. મને લાગે છે કે તમે સુંદર બિસ્કિટ બનાવો છો.' શ્રીમતી ક્લિફર્ડે હસીને મારો આભાર માન્યો. મૅગીએ કહ્યું, 'મારી બા ટૉફી પણ સરસ બનાવે છે; થોડી લેશો?' મેં હા પાડી. થોડી ખાધી. અને એ ખરેખર સારી લાગી.

કામ કરતાંકરતાં શ્રીમતી ક્લિફર્ડે મને પૂછ્યું, 'હિંદ કેવોક દેશ છે?'

'બહુ સુંદર.' મેં જવાબ આપ્યો.

'ત્યાં રહેવું સહીસલામત છે?'

'જરૂર; તદ્દન સહીસલામત. પણ તે ઇંગ્લંડ જેવો ઠંડો દેશ નથી. ત્યાં જરા ગરમી વિશેષ પડે છે.'

'ત્યાં બહુ સર્પ અને વાઘ હોય છે એ સાચું? વાઘ અને સર્પ માણસોને મારી નાખતાં નથી?'

મેં શ્રીમતી ક્લિફર્ડને હસીને ખાતરી આપી કે એ બધું ખોટું છે. એ બધી વાતો માનવી નહિ જોઈએ. સર્પ અને વાઘ જંગલમાં જરૂર રહે છે, પણ જ્યાં માણસ રહે ત્યાં તે નથી આવતાં. અને જો આવી ચડે તો તરત જ તેમને મારી નાખવામાં આવે છે.

'ત્યારે ઝેરીલા તાવના વાયરા ત્યાં ઘણુંખરું હોય છે ખરા?'

'હા; તાવના વાયરા કોઇકોઈ ભાગમાં હોય છે; પણ દરેક જગ્યાએ નહિ અને બધી ઋતુમાં પણ નહિ.'

'મારો પુત્ર પંજાબમાં લશ્કરમાં છે. પંજાબ કેવો ભાગ છે?'

તે બહુ જ સુંદર પ્રાંત છે. ત્યાં રોગચાળો પણ નથી હોતો. વળી ત્યાંનાં હવાપાણી બહુ માફકમાં છે.' આ સાંભળી શ્રીમતી ક્લિફર્ડને હવે નિરાંત વળી. તેમણે કહ્યું, 'મને આ જાણી બહુ આનંદ થાય છે.' બિસ્કિટ તૈયાર થઈ રહ્યાં એટલે તેમણે મૅગીને કહ્યું, 'મિ. ગુપ્તાને ઉપર દીવાનખાનામાં લઈ જા. હું આ લઈને તરત આવું.'

મૅગીની પાછળ હું ઉપર ગયો. દીવાનખાનામાં રાચરચીલું બહુ ઓછું અને સસ્તી કિંમતનું હતું. જમીન પર પાથરેલો જાજમ જોકે ફાટેલી અને કાણાંવાળી હતી, પણ બધું વ્યવસ્થિત ને ચોખ્ખું હતું.

મૅગીએ પરદા ઊંચા ચડાવી બારીઓ ઉઘાડી. એક ખૂણામાં ચોપડીઓનું કાચનું કબાટ હતું. એની સામે ઊભો રહી હું ચોપડીઓનાં નામ વાંચવા લાગ્યો.

થોડીવારમાં શ્રીમતી ક્લિફર્ડ હાથમાં ચાની ટ્રે લઇ આવ્યાં. એમના શરીર પર રસોઈ કર્યાનું એક પણ ચિહ્ન હવે નહોતું. ચા પીતાંપીતાં મેં હિંદ વિષે વાતો કરી. શ્રીમતી ક્લિફર્ડે પોતાના પુત્રનો ફોટો બતાવ્યો. એ હિંદ ગયો તે પહેલાંનો એ હતો. એનું નામ ફ્રાન્સિસ ફ્રૅન્ક હતું. મૅગી પોતાના જન્મદિન નિમિત્તે પોતાના ભાઇએ મોકલેલું ચિત્રનું આલ્બમ લઈ આવી.

'મૅગી! પેલી વીંટી મિ. ગુપ્તાને બતાવને?'

'તમારા ભાઇએ તમને મોકલી છે? જોઉં, કેવીક છે એ?'

'એ તો જાદુઇ વીંટી છે. ફ્રૅન્કને કોઈ યોગીએ આપેલી!' મૅગીએ જરા ગર્વ સાથે કહ્યું અને વીંટી લઈ આવી.

'તમે એના પરથી કોઈનું ભૂત-ભવિષ્ય કહી શકો?' તેણે પૂછ્યું. મેં કાચવાળી વીંટીમાં જોઇ ભવિષ્ય કહેવાની વાત ઘણાં વરસ પર સાંભળેલી. મેં વીંટી તપાસી. તેમાં સામાન્ય કાચનું નંગ જડેલું હતું.

શ્રીમતી ક્લિફર્ડે મને કહ્યું: 'ફ્રૅન્કે મને જ્યારે એ મોકલી ત્યારે એને વિષે લખ્યું હતું કે જો કોઈ શાંત અને એકાગ્ર ચિત્તે એના તરફ તાકે તો જે માણસના વિષે જાણવું હોય તે શું કરે છે તે જોઈ શકાય છે, એમ કોઇ યોગીએ તેને કહેલું. ફ્રૅન્કના ખબર ઘણા વખતથી નથી. મૅગીએ અને મેં એના વિચાર કરીને એમાં જોવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ કંઇ પરિણામ ન આવ્યું. તમે પ્રયત્ન કરશો? તમે હિંદુ છો એટલે કદાચ તમને કંઇ દેખાશે.'

મને લાગ્યું કે વહેમો ફક્ત હિંદમાં જ નથી. પણ મારી કહેવાની હિંમત ન ચાલી કે વીંટીમાં સામાન્ય કાચના ટુકડા ઉપરાંત કશું જ મહત્ત્વ નથી. ફ્રૅન્કે દૂરદૂરના સ્વપ્નદેશ હિંદુસ્તાનમાંથી કંઇક ચમત્કારભર્યું મોકલ્યું છે એવા શ્રીમતી ક્લિફર્ડના વિશ્વાસને હું કેમ ઉડાડી શકું? એ મા–દીકરીની જિજ્ઞાસા સંતોષવા મારે ફરી વીંટી હાથમાં લેવી પડી ને મેં અંદર મીટ માંડી ઘણો વખત સુધી જોયા કર્યું. અંતે મેં વીંટી પાછી આપી દીધી અને નમ્રતાપૂર્વક જણાવ્યું કે મને તેમાં કશું દેખાતું નથી.

એ સાંભળી મા-દીકરી જરા દુ:ખી થયાં. વાત બદલવા મેં કહ્યું: 'તમારી પાસે વાયોલિન છે ને શું? એ તમારું છે, મૅગી?'

'હા.' શ્રીમતી ક્લિફર્ડે જવાબ દીધો. 'મૅગી બહુ સુંદર વગાડે છે. મૅગી, તું કંઈક વગાડને?'

મૅગીએ રોષભરી દૃષ્ટિએ તેની બા તરફ જોયું, એટલે મેં વિનતિ કરી, 'હા, હા; કંઇક વગાડો; મને વાયોલિન બહુ ગમે છે. ઘેર પણ તમારા જેવડી મારી બેન મને સંભળાવતી હતી.'

'હું સંભળાવવા જેવું સારું નથી વગાડતી', એણે છટકવા પ્રયત્ન કર્યો. પણ મેં દબાણ કર્યું એટલે આખરે તે વગાડવા તૈયાર થઈ.

'તમને શું સાંભળવું ગમશે? જોકે મને સારું આવડતું નથી.'

'તમને હું રાગ સૂચવું. તમારો સંગીત-સંગ્રહ લાવો જોઉં.'

મૅગીએ મારી સામે એક જૂનું કાળા (અનુસંધાન પૃ. ૮૮મે)

ઊર્મિના પ્રકંપોને ત્વરિત ભાવરૂપો તથા સુઘટ્ટ પ્રતીકરૂપોમાં ઉતારતા

# કલાકાર વિશ્વનાથ દાસ



બંગાળના વિષ્ણુપુર-સંધિપુરની પકવેલી મૃદ-પ્રતિમાઓ પરથી શ્રી દાસે કરેલાં રેખાંકનો પૈકીનું એક

**પશ્ચિમની** કેળવણીએ આપણા સંસ્કારો ઉપર જે સર્વવ્યાપી અસર કરી તેમાંથી આપણી ચિત્રદૃષ્ટિ પણ બચી જવા પામી નથી. અને છેલ્લાં સો વર્ષથી તો પશ્ચિમી પદ્ધતિના છાયાપ્રકાશ અને પરસ્પેક્ટિવના બંધિયાર નિયમો અનુસાર માત્ર વસ્તુનું હૂબહૂ દર્શન કરાવતાં વાસ્તવદર્શી ચિત્રો એ જ સાચી કળા, એવો ગજ શિક્ષિત લોકોની આંખમાં રચાઇ ગયો છે. એ પશ્ચિમી સંસ્કારની અસર પછીના આપણા ગયા સૈકાના નવા અગ્રિમ કલાકારો પણ એ જ મર્યાદામાં પુરાઇ રહ્યા, જેમાં સૌથી લોકપ્રિય થનાર દક્ષિણના રાજા રવિવર્માનાં ચિત્રોએ તો સમસ્ત પ્રજાની ચિત્રદૃષ્ટિમાં વાસ્તવદર્શી કલાનું આંજણ આંજી દીધું. લોકોનાં મનમાં રમી રહેલા પુરાણકથાઓને આધુનિક પોશાક તથા ઢબછબવાળાં માનવ પાત્રોના રૂપમાં રજૂ કરતાં એમનાં ચિત્રોમાં સુરૂપ માનવ દેહનું માત્ર પાર્થિવ રસ-દર્શન હતું. આથી જ તે અત્યંત વ્યાપક ને લોકપ્રિય થયાં.

પણ માત્ર સ્થૂલ વસ્તુદર્શન કરાવતી એ ચિત્રશૈલી, ઉપરછલ્લો રસ આપીને અટકી જાય છે. કલાકારના મનોરાજ્યમાં રમતું સંવેદનનું અપાર્થિવ તત્ત્વ તાદૃશ્યતાના નિયમોના પાશથી કદી પકડાતું નથી. એટલે કા તો એ પોતાની અભિવ્યક્તિ માટે આલેખનનો મુક્ત વિહાર શોધી લે છે અથવા કોઈ પ્રતીક રૂપ મારફત વ્યક્ત થવા મથે છે. કવિતાની જેમ ચિત્રકળામાં પણ ભાવપ્રતીકો એ કલાકારના મનોરાજ્યનું દર્શન કરાવવાનું એક સબળ સાધન છે. દુનિયાના પ્રત્યેક દેશની મૂળગત લોકકલા આવા પ્રતીકો દ્વારા કે મુક્ત શૈલીથી પોતાનું રસ-તત્ત્વ પ્રકટ કરતી આવી છે, અને એ રીતે તેની પ્રણાલિઓ ઉદ્‌ભવી છે.

ભારતનો કલાપ્રાણ વ્યક્ત કરતી એવી તેની પ્રાચીન પ્રણાલિ-





ઊર્મિનો પ્રકંપ તદ્દન ઓછા અને સાદા આલેખનમાં, પીંછીની ત્વરિત ક્રિયા વડે પ્રતીક રૂપમાં દર્શાવતાં, શ્રી દાસની એક લાક્ષણિક ઢબનાં બે ચિત્રો. ડાબી બાજુ-'જનની': અહીં, જાણે બાળકને ખોળામાં લઇ કોઇ માતા બેઠી હોય એવી, બાહ્ય રેખાઓ વડે રચાતી આકૃતિમાં વચ્ચેવચ્ચે વેરાન ધરતીમાંથી ફૂટતાં છોડ દર્શાવીને ધરતીનું માતૃત્વ આલેખ્યું છે. જમણી બાજુ: 'ચંદ્ર-પૃથ્વી'માં, હેતભરી મીટ માંડીને બેઠેલી કોઇ સ્ત્રીની નમણી બાહ્યાકૃતિમાં, પૃથ્વીનું પ્રતીક રૂપ આલેખીને ચંદ્ર સામે નમેલી તેની ડોકમાં આતુર પ્રતીક્ષાનું કેવું લાવણ્ય ઝરાયું છે!





લોકહૃદયમાં વ્યાપ્ત '**કહાન કાળો ને રાધા ગોરી**'ની કાવ્યભરી યુગલકલ્પનાને, લોકસમાજની જ સાદી કળાની ઢબે ઉતારેલું 'લીનોકટ' ચિત્ર ગ્રામલોકમાં પ્રચલિત ભીંતચિત્રો, પૂતળીઓ આદિની ચિત્રણા-પ્રણાલિની ઢબે રાધાકૃષ્ણના પ્રણયી યુગલને પ્રતીક રૂપે આલેખતું, લીનોલિયમના પટ્ટામાંથી કોરેલું આ ચિત્ર, ઉપલકિયા રૂપદૃષ્ટિને કદાચ બેડોળ લાગશે; પણ મુખ્ય કથિત વસ્તુને જ પ્રતીક રૂપે સુઘટ્ટ સંયોજનમાં પલટાવી તેને ઘાટી જોરદાર રેખાઓમાં રજૂ કરવાની લોકચિત્રણાનો પ્રાણ એમાં ઊતરેલો છે. ગ્રામલોકના માનસ પર ત્વરિત અસર કરતાં ગામડાંની ભીંતો પરનાં ચિત્રોમાં, તથા બાળ માનસને રંજન આપતી ઢીંગલીઓ-પૂતળીઓનાં ચિત્રામણની રેખાઓમાં, કેવળ મુખ્ય મુદ્દા દર્શાવતી જે સાદગી હોય છે એ પણ એક ચિત્રગુણ છે. એમાં છાયાપ્રકાશ, પર્સ્પેક્ટિવ વગેરેની આળપંપાળ ઉડાવી દઇને માત્ર વસ્તુના મુખ્ય કથનને જ સુઘટ્ટ, પ્રતીકના રૂપમાં તારવી લઈ જોરભર્યાં સાદા રેખારૂપમાં પલટાવી નાખવામાં આવે છે. ઉપર 'રાધાકૃષ્ણ'ના લીનોકટમાં આપણે ગ્રામચિત્રણાનો એવો પ્રકાર જોયો. તે જ રીતે જમણી બાજુના ચિત્રમાં ઉતારેલા 'રાજકુમાર'ના ચિત્રમાં, ઘોડેસવાર થઇ રૂઆબમાં તલવાર ધારણ કરી નીકળેલા કોઈ રાજકુમારનું દર્શન છે. બાળમાનસને સાદા સુઘટ્ટ ને પ્રબળ કલ્પનારૂપમાં દેખાય તેવું એ પ્રતીકરૂપ આલેખન છે. ચિત્રકારને એમાં અંગાંગ કે પોષાકનાં રૂપરંગની ઝીણવટ ઉતારવાની નથી, પણ માનસપટ પર જે ઝડપથી અસર કરે છે, તે કુમાર અને ઘોડાના છટાદાર રૂઆબ તથા દમામને આગળ લાવી દર્શાવવાં છે.

---

ભારતની જે તેનાં સમૃદ્ધ પ્રાચીન શિલ્પોમાં અને અજંતા-બાઘ તથા ગુર્જર-રાજપૂત શૈલીનાં ચિત્રાંકનોમાં પડેલી હતી તેને શોધીને જીવંત સ્રોતમાં વહેતી કરવાનો પ્રયત્ન આજથી ચાર પાંચ દાયકા પર બંગાળના કલાગુરુ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અને હિંદી કલાના અગ્રિમ પુરસ્કારક સ્વ. આનંદ કુમારસ્વામી તથા ઇ. બી. હાવેલ આદિના સમર્થ પ્રયત્નોથી શરૂ થયો, ત્યારથી એ પ્રાંતમાં—તેમજ તે પછી મદ્રાસ અને હવે મુંબાઇ પ્રાંતમાં પણ—નવોદિત કલાકારોએ પોતાનાં સંવેદનોનો પ્રકંપ વ્યક્ત કરવા માટે અનેક કલારૂપો સર્જ્યાં છે. 'કુમાર' અવારનવાર તેમનો પરિચય આપતું રહ્યું છે.

એવા એક બંગાળી કલાકાર શ્રી વૈદ્યનાથ દાસની થોડી ચૂંટેલી કૃતિઓ અત્રે રજૂ કરી છે. એમની પ્રેરણાનો સ્રોત મુખ્યત્વે બંગાળનાં પ્રાચીન શિલ્પ તથા મૃદ-પ્રતિમાઓ (પકવેલી માટીની મૂર્તિઓ) ની પરંપરાગત શૈલીમાં રહેલો જણાય છે અને બંગાળમાં વધુ પ્રચલિત જલરંગો તથા માટી-રંગો (ટેમ્પેરા)ની પદ્ધતિઓ તેમજ લીનોકટ જેવી આધુનિક શૈલીઓ દ્વારા તે વ્યક્ત કરે છે. થોડા સમય ઉપર અમદાવાદના ભારત કલા મંડળના આશ્રયે શ્રી દાસનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. તેમાં રજૂ થએલી તેમની કૃતિઓ પૈકી તેમની લાક્ષણિકતા રજૂ કરતા થોડા નમૂના ચૂંટીને અહીં આપ્યા છે.

આ પ્રદર્શન વેળાના હસ્તપત્રમાં શ્રી રવિશંકર રાવળે આપેલી શ્રી દાસની જીવનરેખામાં જણાવ્યા મુજબ 'શ્રી વૈદ્યનાથ દાસનો જન્મ કલકત્તાથી સાતેક માઇલ દૂર હુગલી પ્રાંતમાં કોટ્રાંગ નામના ગામડામાં ઈ. સ. ૧૯૧૬માં થએલો. મૅટ્રિક પર્યંત શાળાશિક્ષણ લઈ અઢાર વર્ષની ઉમરે તેમના જ વતનના પડોશી પીઢ કલાકાર શ્રી ચૈતન્યદેવ ચટ્ટોપાધ્યાયના સમાગમથી કળાના ચીલે ચડી ગયા, અને પછી તો સ્વપ્રતિભાથી જાતજાતના પ્રયોગો કરી નવીનવી પ્રણાલીઓ પકડીને તથા જુદીજુદી સંસ્થાઓના અનુભવો મેળવીને તેઓ આ સ્થિતિએ પહોંચ્યા છે. શરૂઆતમાં શ્રી અવનીન્દ્રનાથનાં ચિત્રોની અસર તેમના પર ખૂબ રહેલી.

ખાસ કરીને માનવ તસ્વીર(Portraits) અને ભૂમિદૃશ્યો (Landscapes) નવા ઢંગથી રજૂ કરવા એમણે મહેનત કરી છે. ચીની કે મુઘલ કાળના ચિતારા પેઠે છાયાપ્રકાશના સહારા વિના સુરેખ રેખા ને સ્વચ્છ રંગપટથી આજના યુગની તસ્વીરો તેમણે કરી છે.

હમણાં હમણાં તેમણે આધુનિક કળા-સંપ્રદાયો પ્રમાણે ભાવના, આવેશ, સંવેગ, રેખાઓના તાલમેળ તથા પ્રકંપો અને પ્રવાહો પકડવા નવીનવી શૈલીઓ પર હાથ અજમાવ્યો છે.

ઘણાં પ્રદર્શનોમાં પોતાની કૃતિઓ એમણે રજૂ કરી છે અને વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. પ્રવાસી, મૉડર્ન રિવ્યૂ ને મદ્રાસનાં પ-

ડાબી બાજુ : રાધાકૃષ્ણ



નીચે : રખેવાળ



ત્રોમાં તેમનાં ચિત્રો પ્રકટ થાય છે. 'આર્ટ ઇન ઇન્ડસ્ટ્રી' ની પ્રસિદ્ધ સંસ્થા તરફથી હિંદનાં પરંપરાગત શિલ્પ ને રૂપરચના (ડિઝાઇનો)ના કામમાં કલકત્તામાં તેમણે બે વર્ષ કામ કર્યું છે. તેથી તે ભારતની પ્રણાલિબદ્ધ કોતરણી નકશી અને ચિત્રાંકનની વિશિષ્ટ પદ્ધતિ તરફ ખાસ આકર્ષણ ધરાવે છે. તેમના એવા જ એક પ્રેરણાસ્થાન રૂપ, બંગાળના વિષ્ણુપુર ને સંધિપુરના પુરાણા મંદિરની પકવ મૃદ-પ્રતિમાઓ (Terra-Cottas) પરથી તેમણે કરેલાં કેટલાંક રેખાંકનો પૈકીનાં ત્રણ અહીં આ પાના ઉપર તથા એક આ લેખને મથાળે આપ્યાં છે. પકવેલી માટીના એ મૂર્તિઓની રેખામાં લાવણ્યની જે મધુરી છટા આપણા પ્રાચીન કલાકારો ઉતારતા તેનાં એ ઉત્તમ દૃષ્ટાન્ત છે.



તે માટે મેમિસિડિન નામનું એક નવું જ ઔષધ શોધી કાઢયું છે. આ ઔષધ આજસુધીની ચામડી પરના રોગો માટેની બધી દવા કરતાં વિશેષ લાભદાયક માલૂમ પડયું છે. જોકે હજુ તે પ્રયોગાવસ્થામાં હોઈ તેના ગુણોનો ઝીણવટભર્યો અભ્યાસ ચાલી રહ્યો છે.

● ઉષ્ણતારોધક (ફાયરપ્રૂફ) પદાર્થ તરીકે તો ઍસ્બેસ્ટૉસ જાણીતું છે. હવે એવું માલૂમ પડયું છે કે તે ઝટ પાણી ચૂસવામાં તથા ચિનાઈ માટી ને કાચનાં વાસણોને ચળકાટ આપવાના કામમાં પણ ઉપયોગી છે; આથી ૮ ભાગ કપાસ ને ૨ ભાગ ઍસ્બેસ્ટૉસને ભેગા કરીને 'ઍસ્બેસ્ટૉસ ટુવાલ' વૈજ્ઞાનિકોએ બનાવ્યાં છે. એ વડે પ્યાલા રકાબી ઝટ લુછાવા સાથે તે વાસણોને ચળકાટ પણ ચઢે છે.

● ફક્ત દોઢ જ મિનિટમાં આઈસ્ક્રીમ બનાવી શકાય એવું એક યંત્ર હાલમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું છે. તેની રચનામાં વિશેષતા એ છે કે આજસુધીના સાંચાઓમાં દૂધનું વાસણ વચમાં અને આજુબાજુ બરફ રહેતો, પણ આમાં વચમાં બરફ હોઈ આજુબાજુ દૂધનું વાસણ હોય છે. આ યંત્રથી દોઢ જ મિનિટમાં આઇસ્ક્રીમ તૈયાર થઈ ટ્રેમાંના કાગળના પ્યાલામાં પડે છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા **આપણી વનસ્પતિ** હપતો ૧૩

# કાંચનાર

લેખક **પ્રો. જયંતીલાલ દે. ઓઝા** એમ.એસસી.



**મ**રાઠી ભાષામાં જેને રક્ત કંચન'ના અત્યંત સુંદર અને ઉચિત નામથી ઓળખવામાં આવે છે તે, સાધારણ વાસવાળાં આ વિવિધરંગી સુંદર ફૂલો વસંતના આ મહિનાઓમાં મબલખપણે ખીલી નીકળીને સૃષ્ટિસૌંદર્યમાં અનેરો વધારો કરે છે. કાંચનારની અનેક જાતો થાય છે: રાતો કાંચનાર, પીળો કાંચનાર, સફેદ કાંચનાર વગેરે. અંગ્રેજ વનસ્પતિવિદ્ બ્રૅન્ડિસ તો તેની ૩૦ જાતો વર્ણવે છે. અહીં જે આપ્યો છે તેને તેનાં રંગબેરંગી ફૂલોને લીધે અંગ્રેજીમાં The Variegated Bauhinia કહે છે. સોળમી સદીમાં થઈ ગએલા બે જર્મન વનસ્પતિવિદો જૉન ને કેસ્પર બોહીનના માનમાં આ નામ પાડવામાં આવેલું. કાંચનારનું જોડકું પાન બે બંધુઓનું સૂચક છે. તેને કોવિદાર પણ કહે છે. કોવિદાર મૂળ તો તેનું સંસ્કૃત નામ. તેનું શાસ્ત્રીય નામ Bauhinia Variegata, Linn.

આ વૃક્ષનાં ઉત્પત્તિસ્થાન સિંધુની પૂર્વ દિશા તરફનો હિમાલયની નીચેનો પ્રદેશ, અસમ, બ્રહ્મદેશ, છોટાનાગપુર, મધ્યપ્રાંત, પશ્ચિમ ભૂશિરનો પ્રદેશ અને ચીન. હિંદમાં તેનાં સુશોભિત ફૂલો માટે તે બધે જ બાગબગીચા ને રસ્તા પર ઉગાડવામાં આવે છે.

કાંચનારનું વૃક્ષ મધ્યમ કદનું થાય છે. તેની છાલ લગભગ લીસી અને ઘેરી ભૂરી હોય છે અને કૂમળી ડાળીઓ પર ભૂરી રુવાંટી હોય છે. તેનાં પાન આંતરે આવેલાં હોય છે અને સાદાં, ૪ થી ૬ ઇંચ લાંબાં અને લગભગ તેટલાં જ પહોળાં હોય છે. પાનની મધ્યમાં એક સાંધો હોય છે, ને તે લગભગ સરખાં બે અડધિયાંનું બનેલું હોય છે. એ બે અડધિયાંને પુસ્તકના પાન પેઠે વાળ્યા પછી તેનો આકાર લંબગોળ દેખાય છે. પાન કૂમળાં હોય છે ત્યારે તે પર બારીક રુવાંટી હોય છે, પરંતુ પાકું થતાં તે રુવાંટી ખરી પડે છે. પાનના તળિયાનો ભાગ હૃદયાકાર હોય છે અને તેમાં ૧૧ થી ૧૫ નસો હોય છે. દરેક પાનને ૧ થી ૧½ ઈંચ લાંબી દાંડી હોય છે. નવેમ્બરથી ડિસેમ્બર સુધીમાં વૃક્ષ પરથી પાન ખરવા માંડે છે અને માર્ચ આવતાં તો આખું વૃક્ષ લગભગ પાનરહિત થઇ જાય છે. નવાં પાન એપ્રિલ–મે માં આવે છે.

કાંચનારનાં ફૂલોનો ઉદ્ભવકાળ ફેબ્રુઆરીથી એપ્રિલ. ફૂલો મોટાં, સુવાસિત ને રંગબેરંગી (સફેદ, ગુલાબી કે જાંબલી રંગનાં) હોય છે; અને જ્યારે ફૂલો આવે છે ત્યારે વૃક્ષ પાનરહિત હોય છે. ફૂલો વૃક્ષની ઉપરની શાખાઓના છેડે અગર પાનની દાંડી અને શાખાની વચ્ચેના ભાગમાંથી ઝૂમખામાં આવે છે. દરેક ફૂલને એક ટૂંકી દાંડી હોય છે.


આ વૃક્ષ શિંબી વર્ગની વનસ્પતિ હોઇ તેની શીંગ ૬ થી ૧૨ ઈંચ લાંબી અને ¾ થી ૧ ઇંચ પહોળી ચપટી તથા કઠણ હોય છે, અને તેમાં ૧૦-૧૫ બીજ હોય છે. શીંગ મે–જૂનમાં પાકે છે. તે વૃક્ષ પર હોય છે ત્યારે જ વળ કરીને ફાટે છે અને ચોમેર બીજ વેરાયાં કરે છે. આ વૃક્ષ બીજવડે ઉગાડવામાં આવે છે.

કાંચનાર તેનાં સુંદર ફૂલોને લીધે શોભાવૃક્ષ તરીકે બહુ ઉપયોગી છે. તેની છાલ રંગવા તથા ચામડાં કમાવવાના કામમાં વપરાય છે. તેમાંથી ઉપયોગી ગુંદર પણ નીકળે છે, જેના ગુણ 'ચેરી' ગુંદર જેવા જ હોય છે. તેની છાલમાંથી રેસા નીકળે છે. તેનાં પાન બીડી બનાવવામાં વપરાય છે તેમ ઢોરને ચારા તરીકે પણ અપાય છે. તેનાં બીજમાંથી ઉપયોગી તેલ નીકળે છે: તેનું બહારનું લાકડું ભૂરા રંગનું ને સાધારણ કઠણ હોય છે, પરંતુ મધ્ય ભાગમાં કાળું ને ખૂબ સખત હોય છે. વજનમાં પણ તે ભારે (એક ઘનફૂટે ૩૩ થી ૪૮ રતલ) હોય છે. આથી તેનો ઉપયોગ ખેતીનાં ઓજારો બનાવવામાં થાય છે.

આ વૃક્ષનો ઘરગથ્થુ ઉપયોગ પણ થાય છે. તેનાં પાન, ફૂલ, કળી અને કૂમળી શીંગોનું શાક થાય છે. ફૂલની કળીનું રાયતું ને અથાણું પણ થાય છે. આયુર્વેદમાં તેની છાલ, મૂળ તથા ફૂલ ઉપયોગી ઔષધ તરીકે વપરાય છે.

કાંચનાર પવિત્ર વૃક્ષ ગણાય છે ને બૌદ્ધ શિલ્પોમાં પર ઘણીવાર તે નજરે પડે છે.

# કાઠિયાવાડનું નવસર્જન




૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮; વિક્રમ સંવત ૨૦૦૪ની માહ સુદ પાંચમ—વસંત પંચમી! આ દિવસ માત્ર કાઠિયાવાડના જ નહિ પણ મહાગુજરાત ને હિંદના ઇતિહાસમાં અપૂર્વ ગણાશે. તે દિવસે કાઠિયાવાડનાં નાનાંમોટાં ૪૪૯ રજવાડાંની ૮૯૦ સીમાઓ અદૃશ્ય થઈ એક અને અખંડ સૌરાષ્ટ્રનું ખાતમુહૂર્ત થયું. સ્વાભાવિક ને ભૌગોલિક રીતે એક અને અવિભક્ત સર્જાએલા સૌરાષ્ટ્રની પ્રજા અનેક રાજ્યોનાં જે સાંકડાં કુંડાળાંની દીવાલોમાં વહેંચાઇ ભીંસાતી હતી, જે કૃત્રિમ સીમારેખાઓએ પ્રજાના રાજકીય, આર્થિક ને સામાજિક વિકાસને અશક્ય બનાવી મૂકયો હતો તથા સાહસપ્રિય માનવીઓની મહેચ્છાઓને જેણે રૂંધી નાખી હતી તે રેખાઓ એ દિવસે ભુંસાઈ ગઇ. અમાપ ને આપખુદ સત્તા ભોગવતા એના રાજકુળોએ આપમેળે એ સત્તાનો ત્યાગ કર્યો અને સમગ્ર સૌરાષ્ટ્રની પ્રજાસમસ્તની પ્રતિનિધિરૂપ મધ્યસ્થ સત્તા અસ્તિત્વમાં આવી. એથી એ અખંડ પ્રદેશના સર્વાંગી વિકાસનો હવે એક મહાયોગ જન્મ્યો. એના વિશાળ સાગરકિનારા, એના સઘન ગિરિપ્રદેશો, એનાં રસાળ ખેતરો, એના રિદ્ધિભર્યા ભૂગર્ભમાં રહેલાં મૂલ્યવાન ખનિજદ્રવ્યો, એની નદીઓનાં નકામાં વહી જતાં જળ, એનાં બહોળાં પશુધન અને એનાં સાવજશૂરાં સંતાન—સૌને માટે સ્વાભાવિક ઉત્કર્ષની ઉષા ઊગી.

કોઇ ભવ્ય અને બાજરમાન ઈમારતનાં અગ્રભાગે નકસીમય ને રૂપાળો ઝરૂખો શોભે તેવી રીતે ભારતવર્ષના દેહ પર શોભતો સૌરાષ્ટ્રનો એ પ્રદેશ નાનોસૂનો નથી. અરબી સમુદ્રની વિચિમાળાઓથી ધોવાતો, ૨૫૦ માઈલ લાંબો અને ૨૦૦ માઈલ પહોળો આ દ્વીપકલ્પ, ૨૩,૫૦૦ ચો૦ માઈલનું ક્ષેત્રફળ ધરાવે છે. ૪૦ લાખની તેની વસતિ સિંધ પ્રાંત, વડોદરા રાજ્ય, કાશ્મીર, ફિનલૅંડ અને ડેન્માર્ક કરતાં પણ વધારે છે. ૬ થી ૭ કરોડની તેની વાર્ષિક આવક હિંદના બિહાર કે મધ્યપ્રાંત આદિ જેવા છ પ્રાંતો કરતાં પણ ચડિયાતી છે. ત્રણ બાજુ રત્નાકરથી વીંટાએલો આ પ્રદેશ, ડુંગરો ને નદીઓથી રળિયામણો, ખેતીએ ફળદ્રુપ અને ખનિજે સમૃદ્ધ છે.

### ઈતિહાસ

આવા આ સમૃદ્ધ-સુંદર પ્રદેશનો ઇતિહાસ ઘણા પુરાતન કાળથી શરૂ થાય છે. એક કાળે એ સ્થળે છેક રાજપુતાનાના રણ સુધી સમુદ્ર ઘૂઘવતો. કુદરતની કાયાપલટને કારણે એની વચ્ચેથી કાઠિયાવાડનો ટાપુ ઊંચો આવ્યો. તે પછી ધીમેધીમે કચ્છના અખાતથી ખંભાતની ખાડી સુધીનો આખો સાગરકાંઠો પશ્ચિમ ભારતની નદીઓનાં પાણી સાથે ઠલવાતા કચરાથી ભરાઇને એ પટ્ટી સંધાઈ ગઈ અને સૌરાષ્ટ્ર ટાપુ મટીને દ્વીપકલ્પ થયો.

પ્રાચીન પૌરાણિક ભૂગોળના મત પ્રમાણે ભારતના આ આખા પશ્ચિમ દેશનું નામ 'ગુજરાત' પડતાં અગાઉ ઘણા પુરાતન કાળથી 'સૌરાષ્ટ્ર' હતું અને તે સાથે જ તેના કેટલાક ભાગનાં નામ 'આનર્ત', 'અપરાંત' વગેરે હતાં. પુરાણો કહે છે કે વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તને ભારતનો આ નૈઋત્ય ભાગ મળ્યો, અને એના પુત્ર રૈવતે, પિતાના નામ પરથી ઓળખાતા આ આનર્ત દેશમાં કુશસ્થલી (દ્વારકા)માં રાજધાની કરી. કંસવધ પછી શ્રીકૃષ્ણે યાદવોને આ દેશ પર મોકલ્યા. તેમણે એ આનર્તના એક વંશજ કકુંમી રૈવત પર ચડાઈ કરી. કકુંમીએ પોતાની પુત્રી રેવતીને શ્રીકૃષ્ણના ભાઇ બળરામને આપીને સમાધાન કર્યું. પણ ત્યારથી આનર્તના રાજ્યના ધણી યાદવો થયા. ગિરનાર પર્વતનું પુરાણ સમયનું નામ 'રૈવતક' આ રૈવત કુટુંબના રૈવતો પરથી પડેલું. યાદવોએ કુશસ્થલીનું સુધારી દ્વારકા નામ પાડયું.


યાદવો પછી છેક મૌર્ય સામ્રાજ્યના સમય સુધી આપણા પ્રાંતના ઇતિહાસમાં અંધારૂં જ છે. એ અંધકારના સમયમાં યૌધેયો ને આભીરોની સત્તામાં દેશ વહેંચાએલો હશે. તે પછી પહેલી ઐતિહાસિક સાબિતી અહીં મૌર્યોના અમલની મળે છે. હિમાલયથી કન્યાકુમારી અને મગધથી સૌરાષ્ટ્ર સુધીમાં વિસ્તરી રહેલાં, મૌર્યવંશના પ્રાતઃસ્મરણીય રાજા અશોકના શિલાલેખો રૂપ ધન્ય સ્મરણો, એ કાળની કીર્તિ ગાતાં આજે પણ કાઠિયાવાડને ટીંબે સુરક્ષિત રહ્યાં છે.

અશોકના અવસાન પછીથી સોરઠમાં ગ્રીસની સત્તાનો સૂર્યોદય થયો. કાળક્રમે ગ્રીક સત્તાના ક્ષત્રપ(શક)પ્રતિનિધિઓએ સોરઠી રાજ સ્વાધીન કર્યું, ને કચ્છથી માળવા સુધીમાં ક્ષત્રપ વંશનો ઢંઢેરો પડયો. એ વંશની સત્તા તળે આહીર અને મેર આગળ આવ્યા. અગ્નિ અને સૂર્યની પૂજા એ વંશે પ્રચલિત કરી.

ક્ષત્રપો(શકો)ના લાંબા રાજ્યકાળનો છેવટે આત્મસિંહ ક્ષત્રપના સમયમાં, ઈ. ૩૯૫માં અંત આવ્યો અને સૌરાષ્ટ્ર સાથે આ આખો પશ્ચિમ દેશ ગુપ્ત સામ્રાજ્યનો ભાગ બની રહ્યો.

ઈ. ૩૯૫થી ૪૭૦ સુધી અહીં ગુપ્ત વંશનાં ઘડિયાળાં વાગ્યાં. ગંગાથી બ્રહ્મપુત્રા સુધીના પ્રદેશ પર કુમારગુપ્તનો કોરડો ફર્યો તે પહેલાં જ સૌરાષ્ટ્રની વામનસ્થલિ પર તેની હાક વાગી. પાર્વતી, મયૂર ને ત્રિશૂળના પુજારી એ ગુપ્ત વંશના મહારાજાઓએ સોરઠની સુબાગીરી વલ્લભી(આજનું વળા)ના સૂર્યવંશી રજપૂતોને સુપ્રત કરી. ફરી ઇતિહાસનું પુનરાવર્તન મંડાયું ને સોરઠમાં ગુપ્ત વંશને સ્થાને વલ્લભીનું રાજ્ય તપ્યું. એ રાજ્યની પડતીની લોકકથા તો જાણીતી છે. રંક નામનો પાલીનો મારવાડી વાણિયો પરદેશીઓને બોલાવીને છેલ્લા રાજા શીલાદિત્યને ઉખેડી નાખવાનું કારણ બન્યો. ૭૮૫માં આરબોએ દરિયામાર્ગે ચડાઈ કરીને વલ્લભી રાજ્યનો નાશ કર્યો.

ઇ. ૮૭૫માં ગુજરાતના કેટલાક પ્રદેશો પર ચાવડાઓની સત્તા બળવાન હતી એ વેળાએ યાદવવંશના ચુડાસમાઓ વંથળી તથા જુનાગઢમાં પ્રવેશ પામ્યા. એ જ અરસામાં જેઠવા રજપૂતો કચ્છમાંથી કાઠિયાવાડમાં ઊતર્યા, ને મોરબી જીતીને પોતાની સત્તાનો તેઓએ જમાવ કર્યો. કાળની કપરી બાજી પર આંસુ સારતાં શ્રીનગર ને ઘૂમલી આજે પણ એ જેઠવાઓની કીર્તિકથા કહી રહ્યાં છે.



બેઠેલા: ડાબી બાજુથી-પાલીતાણાના મહારાજા, ભાવનગરના મહારાજા (ઉપ-રાજપ્રમુખ), નવાનગરનાં મહારાણી, સરદાર પટેલ, નવાનગરના જામસાહેબ (રાજપ્રમુખ), સરદાર-નાં પુત્રી મણિબેન, ઉછરંગરાય ઢેબર (વડા પ્રધાન), ધ્રાંગધ્રાના મહારાજા, કોટડા સાંગાણીના ઠાકોરસાહેબ. ઊભેલા: ડાબી બાજુથી-મનુભાઇ શાહ (પ્રધાન), દરબારસાહેબ ગોપાળદાસ, જગુભાઇ પરીખ (પ્રધાન), નાનાભાઈ ભટ્ટ (પ્રધાન), વી. પી. મેનન (રાજસ્થાની ખાતાના મંત્રી), રાજપ્રમુખ જામસાહેબના અંગત મંત્રી, સી. સી. દેસાઈ (રાજસ્થાન મંત્રી), બળવંતરાય મહેતા (પ્રધાન), નીલમ બુચ (કાઠિયાવાડમાં રાજસ્થાની ખાતાના રીજીઅનલ કમિશ્નર-પ્રાદેશિક અધિકારી), જામનગરના દીવાન સોલંકી, રસિકલાલ પરીખ (પ્રધાન).

૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮-સંવત ૨૦૦૪ની વસંતપંચમીના દિવસે હિંદના નાયબ વડા પ્રધાન અને રાજસ્થાની ખાતાના પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે, જામનગરમાં, કાઠિયાવાડના એક અને અખંડ એકમની 'સૌરાષ્ટ્ર'ના નામથી સ્થાપના કરી અને જામસાહેબને તેના રાજપ્રમુખ નીમ્યા તે પ્રસંગની તસવીર (ફોટો: પંચાણભાઈ વારા-જામનગર)

થોડોક વખત વીત્યો ને સોમનાથ પર સવારી આવી. મહમ્મદની આ સવારી વેળાએ સોરઠમાં જેઠવાઓ, ચાવડાઓ ને ગોહીલો, વાળાઓ, કાળીઓ ને ચુડાસમા રાજપૂતોની સત્તા પ્રચલિત હતી. આમાંની ઘણીક સત્તાઓ સોમનાથનું રક્ષણ કરવાને એકઠી મળી. સોરઠ 'એક અને અતૂટ' બનવાનાં નિશાન ઝબક્યાં. પણ ચાવડાનો વાવટો પડ્યો. સોમનાથ ભાંગવામાં મહમ્મદે સફળતા મેળવી.

૧૦૯૦માં ઝાલા રાજપૂતોએ કાઠિયાવાડમાં પગપેસારો કર્યો. એ પછી પાંત્રીસ વરસે સોરઠે સિદ્ધરાજની હાક સાંભળી. ને ત્યાર પછીથી વાઘેલાઓ આગળ આવ્યા. પણ તેમનો અમલ વધુ જામે એ પહેલાં તો અલાઉદ્દીન ખીલજી સોમનાથ પર આવ્યો ને જૂનો સોરઠ ધીમેધીમે મુસલમાની સત્તા તળે સરકવા લાગ્યો.

કાઠિયાવાડની આજની રાજસત્તાઓનો ઉપલબ્ધ ને સાધાર ઈતિહાસ ૧૩-૧૪ મી સદીથી શરૂ થાય છે. ૧૩ મી સદીમાં મારવાડમાંથી સેજકજી ગોહિલ સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમણે જૂનાગઢના તે વખતના રાના રા કવાટને પોતાની પુત્રી આપી અને સૌરાષ્ટ્રમાં વસવાટ શરૂ કર્યો. તેમના વંશજોએ ભાવનગરમાં ગાદી સ્થાપી. વળા, લાઠી ને પાલીતાણા પણ તેમના જ વંશજોએ સ્થાપેલાં.

સૌરાષ્ટ્રનાં બીજાં રાજ્યોનો ઇતિહાસ કચ્છ સાથે સંકળાએલો છે. ૧૫ મી સદીમાં સિંધમાંથી જામ લાખા કચ્છમાં આવ્યા ને પોતાનું રાજ્ય સ્થાપ્યું. જાડાના એ પુત્રે તેથી જાડેજા અટક રાખી. તેમના પૌત્રો જામ દાદર, જામ હમીર તથા રાવળ ત્રણ વચ્ચે કચ્છનું રાજ્ય વહેંચાયું. તેમની અંદર-અંદર ઝઘડો થતાં જામ રાવળ પરાસ્ત બની સૌરાષ્ટ્રના હાલારમાં આવ્યો. ત્યાં જેઠવાઓને હરાવીને હાલની જામનગરની ગાદીની સ્થાપના કરી. જેઠવાઓ ત્યાંથી સોરઠ ગયા. ને પોરબંદરનું રાજ્ય સ્થાપ્યું. જામ રાવળના વંશજોમાંથી ધ્રોળ, ગોંડળ ને રાજકોટનાં રાજ્ય સ્થાપાયાં.

૧૩મી સદીમાં કચ્છના મકવાણા કુળનો ઝાલો રાજપૂત હરપાળ ગુજરાતમાં જઈ કરણઘેલાને ત્યાં નોકરી રહ્યો. કરણઘેલાના પતન પછી તેણે પાટડીમાં પોતાની ગાદી સ્થાપી. તેના વંશજોએ હળવદ-ધ્રાંગધ્રાની ગાદી સ્થાપી. વાંકાનેર, વઢવાણ, લીંબડી, ચૂડા લખતર એ રાજ્યોની ગાદી પણ તે હરપાળના વંશજોએ જ સ્થાપેલી. આ સિવાય પરમારો ને ચૂડાસમા રજપૂતોએ પણ રાજ્યો સ્થાપ્યાં.

કાઠિયાવાડની બીજી રાજસત્તા કાઠીઓની છે. હિંદમાં આવેલા પાર્થિયન લોકોમાંથી જે આર્યો સાથે ભળ્યા તે ક્ષત્રિયો કહેવાયા. તેમના વંશજો એ આ કાઠીઓ. તેઓ સૂર્યના પૂજકો હતા. હિંદભરમાં એક જ સ્થળે સૂર્યનું મંદિર છે ને તે પંચાલના પ્રદેશ થાનમાં. કાઠીઓએ પોતાની રાજસત્તા જેતપુર, ચીતલ, બગસરા આદિ સ્થળે જમાવી. વાળા ખાચર ને ખુમાણ એવી તેમની જાતો કાઠિયાવાડનાં જુદા-જુદા ભાગોમાં પ્રસરી.

સૌરાષ્ટ્રનાં રાજકુળોમાં 'ભાઇએ ભાગ'ની પ્રથા હોવાથી જેટલા ભાઇઓ, તે બધા વચ્ચે રાજ્ય વહેંચાઈ જતું. આ પ્રથાને કારણે સૌરાષ્ટ્રમાં બે પાંચ નહિ પણ સેંકડો રાજ્ય અસ્તિત્વમાં આવ્યા.

મહમદ બેગડાના જમાનામાં (ઈ. સ. ૧૪૫૯) જૂનાગઢનો રા' માંડલિક સોરઠનું નૂર હતો. બેગડાની દાઢ સળકી. ૧૪૭૬ માં તેણે જૂનાગઢ ભણી કૂચ માંડી. માંડલિકે યુક્તિપ્રયુક્તિપૂર્વક એ સવારી પાછી વાળી. બેગડો બીજી વાર આવ્યો. માંડલિકે તેને સોનું આપી સંતોષ પમાડ્યો. પણ સુલતાન ત્રીજી વાર આવ્યો, ને જંગ જામ્યો. માંડલિકની અનીતિ, આસપાસના હિંદુ રાજાઓની અલિપ્તતા અને એવાં બીજાં અનેક કારણોસર માંડલિક ભાંગ્યો. તે ઈસ્લામી બન્યો.

જે વેળા શિવાજી દિલ્હીના બાદશાહોને થરથરાવતો હતો એ વેળાએ કાઠિયાવાડમાં નાનીમોટી અનેક સત્તાઓ મુસલમાન સરદારો સામે માથાં ઊંચકી 'માર મારવાની' પળેપળે પેરવી કરતી હતી. નવાનગરના જામ, છાયાના જેઠવા, શિહોરના ઠાકોરો અને ધ્રાંગધ્રાના ધણીઓએ અવનવી ફાળો ભરી. ૧૭૦૭માં ઔરંગઝેબ આથમી ગયો ને ગુજરાતની સાથે કાઠિયાવાડ પર પણ અંધાધૂંધીનાં ઝાપટાંઓ વરસ્યાં. સોરઠના ફોજદારોનું, ઠાકોરો વગેરે પાસેથી ખંડણી ઉઘરાવવાનું કાર્ય, દિવસેદિવસે કઠિન બન્યું. ખંડણીનીવસૂલાતોની સવારીઓ લગભગ કાયમની થઈ. ને કાઠિયાવાડની કાલિમા અઘોર બની.

વરસો વીત્યાં ને સૌની બત્રીશીએ ચડેલી સોરઠની ફોજદારીનો અંત આવ્યો. શેર બાબીખાને ફોજદારી મૂકીને નવાબી ધારી, ને બહાદુરખાનને નામે એ જૂનાગઢનો નવાબ બન્યો। કાળે કરીને તેણે સત્તા વિસ્તારી ને આસપાસના મુલકમાં જોરતલબીની વસૂલાત માંડી.

૧૭૨૨માં સોરઠે પીલાજી ગાયકવાડની સરદારી તળે મરાઠી ફોજો ભાળી. શિહોરના ભાવસિંહજીએ મરાઠાઓનો સામનો કર્યો. મરાઠાઓની હાર થઈ. વિજયી ભાવસિંહજીએ ૧૭૨૩માં ભાવનગર સ્થાપ્યું.

૧૭૨૯ માં ગુજરાતના સુબા મુબારિઝ–ઉલ–મુલ્કે મરાઠાઓને અંદરઅંદર લડાવી મૂકવા પેશ્વા સાથે સંધિ કરી. અને પછી તુરત તે ધોરણ મુજબ ખંડણી ઉઘરાવવા સોરઠમાં આવ્યો. ભાવસિંહજીએ તેને કળે કરીને વશ કર્યો, પણ છાયાની ઠકરાઈ સુબાને સંતોષવામાં નિષ્ફળ નિવડી ને સુબાએ, ઠાકોરે દબાવેલા માધવપુરનો નાશ કર્યો. ૧૭૩૫ માં દામાજી ગાયકવાડે કાઠિયાવાડ પાસેથી ખંડણી લીધી. એમણે જીતેલા અમરેલી વગેરે પ્રદેશો આજે પણ ગાયકવાડને કબજે છે.

છેક મુસલમાન સમય સુધી આ દેશ 'સોરઠ' જ કહેવાતો. પણ અહીં ચોથ ઉઘરાવવા આવતા મરાઠાઓને મોટા ભાગે કાઠીઓ સામે જ લડવું પડતું હોવાથી તેને કાઠીઓનો જ દેશ ગણીને તેમણે કાઠિયાવાડ નામ આપ્યું. એ નામ દોઢસો વરસથી જૂનું નથી.

મુલ્કગીરી, ખંડણી અને જોરતલબી—કાઠિયાવાડના ઠાકોર-ઠકરાંઓ આવા અનેકવિધ ભરણાંઓ વડે ચુસાવા લાગ્યા. ધીમેધીમે ગાયકવાડ અને પેશ્વાની સત્તા નબળી બનીને મરવા બેઠી. અને ઓગણીસમા સદીના આરંભમાં દ્વારિકાથી ભાવનગર ને માળિયાથી કોડીનાર સુધીનો પ્રદેશ ભયંકર અંધાધૂંધીનો ભોગ બન્યો. એ કાળા જમાનામાં કાઠિયાવાડમાં ગજબનાક અંધેર પ્રસરેલું. સૌ એકબીજાની સત્તા ઝડપી લેવાને, જમીનો ખાઈ જવાને ને માલ લૂંટી લેવાને ભાઈભાઇનાં ગળાં વાઢવા સુધી પણ તત્પર બન્યા હતા.

૧૮૦૧ના છેલ્લા દિવસો દરમિયાન કંપની સરકારે આ પલટાતી દશા દીઠી અને પોતાના આવતા સમયનાં નિશાન ભાળ્યાં. અંદર-અંદર ભભૂકી ઊઠેલી સોરઠી સત્તાઓને વશ કરવાનું કામ હવે વિકટ નહોતું; એટલે અંગ્રેજોના આશરાનાં ખતપત્રો પર કાઠિયાવાડનાં કાંડાં કપાવી લેવાનું કામ એ સરકારે ઍલેક્ઝાન્ડર વૉકરને સોંપ્યું. વૉકર સમજતો હતો કે પરદેશીઓ માટે કાઠિયાવાડના આકાશમાં હજી ફરકવું સંપૂર્ણ સરળ નહોતું. તેથી તેણે 'કુહાડાના હાથા'ની શોધ માંડી. કાઠિયાવાડના દુર્ભાગ્યે મુનશી મહમદઅલી હાથ આવ્યો. મોરબી સામે માથું ઊંચકીને લોખંડી મિયાણાશાહી આખું કાઠિયાવાડ સર કરવાની કરાલ ફાળો જે વેળા ભરતી હતી એ અણીની પળે મુનશી મહમદઅલી કંપની સરકારના 'ખાનગી માણસ' તરીકે મોરબી ઠાકોરને મળવા આવ્યો. મિયાણાઓને કચડી નાખવાનું રામબાણ મુનશીએ ઠાકોરને અંગ્રેજી એડીમાં જ વસેલું બતાવ્યું. ઠાકોર પાસે મુનશીએ કંપની સરકારની મદદની યાચના કરાવી. અને ૧૮૦૩ની ૧૭મી નવેમ્બરે કાઠિયાવાડમાં અંગ્રેજી અમલના ગણેશ મંડાયા.

તે પછી ૧૮૦૪માં વૉકરની સવારીએ કાઠિયાવાડમાં પાકો પડાવ નાખ્યો, તે આજની ઘડી ને કાલનો દિવસ. આ રીતે સ્થિર થતાં બ્રિટિશોએ ગાયકવાડનો ચોથ ઉઘરાવવાનો હક પોતે ઉઘરાવવાની શરતે લઈ લીધો ને ગાયકવાડની સત્તા નામશેષ કરી નાખી. પછીનાં સોળ વર્ષો દરમિયાન કાઠિયાવાડમાંની કંપની સરકાર ફૂલીફાલી ને ઊંડી ઊતરી; ને ૧૮૨૦માં તો તેણે સારો યે કાઠિયાવાડ સર કર્યો.

ઈ. ૧૮૧૬માં ઓખામંડળમાં ચાંચિયાગીરી કરતા વાઘેરોને બ્રિટિશોએ જેર કરીને ૧૮૧૭માં ગાયકવાડ સાથે કરેલી સંધિમાં ઓખામંડળનો પ્રદેશ ગાયકવાડને સોંપ્યો. પણ ભાવનગરના તાબા હેઠળનો ધંધુકા, ગોઘા વગેરે પ્રદેશ વસઈની સંધિમાં ગાયકવાડ પાસેથી એમણે લીધેલો.

મુંબાઈની નજીક આવેલું જંજીરા હબસીનિયાના સીદીઓનું મથક હતું. તેઓ મુઘલ સામ્રાજ્યના નાવિકો ને નૌકા-સેનાપતિઓ હતા. તેમને પશ્ચિમ કિનારે જુદાંજુદાં બંદરોની જરૂર પડતાં તેમણે કાઠિયાવાડના જાફરાબાદ બંદરનો કબજો લીધો જે હજુ પણ ચાલુ રહ્યો છે. જ્યારે કાઠિયાવાડનાં બધાં રાજ્યો બ્રિટિશ અને ગાયકવાડને ખંડણી ભરતાં ત્યારે માત્ર જાફરાબાદ જ તેમાંથી મુક્ત રહ્યું છે. (જુઓ આ અંકમાંનો 'ચિત્રબોધ'નો નકશો.)

ઈ. સ. ૧૮૨૨માં બ્રિટિશ સત્તાએ સોરઠ પરનું સર્વોપરિપદ ધારણ કર્યું ને કાઠિયાવાડમાં 'નવો જમાનો' ઊગવા લાગ્યો. ૧૮૩૧માં ફોજદારી ન્યાયની અદાલત આવી. ૧૮૬૩ માં હકૂમતનાં ધોરણો બંધાયાં. રાજાઓની અંદરઅંદરની સત્તાઓનાં મતભેદને મિટાવવા કાઠિયાવાડનાં રાજ્યોના સાત વર્ગ પાડવામાં આવ્યા. તે વર્ગોમાં ન હોય તે બધા બિનહકૂમતી તાલુકદારો કહેવાયા. ગરાસિયાઓ અને રાજાઓ વચ્ચેની તકરારોના નિવેડાને માટે ૧૮૭૩ માં રાજસ્થાનિક કોર્ટની સ્થાપના થઈ.

એજન્સીની સ્થાપના પછીથી ૧૮૭૧ થી ૧૮૭૩ વચ્ચેનાં વર્ષો દરમિયાન કાઠિયાવાડની કેડેથી પાણીદાર હથિયારો છોડાવી નંખાયાં. શૂરાતન રાંડી ગયું. મરદાઈ ખૂણે બેઠી.

રસ્તાઓ બંધાયા, થાણાંઓ સ્થપાયાં, ફિટ્ઝજિરાલ્ડે રાજકુમાર કૉલેજનાં નિશાન ઝબકાવ્યાં ને કાઠિયાવાડ 'સુખી' મનાયો.

વૉકરને પગલે પથરાએલી 'સુવ્યવસ્થાએ' સોરઠી સ્વાધીનતાનો સત્યાનાશ નોતર્યો. શૂરવીરો મરી ગયા. સતિયાઓ ગઇ કાલની ગુજરી બન્યા. ગુલામીએ અને ગરીબાઇએ સોરઠનો ઘાણ કાઢ્યો.

મહાજનો બળવો કરતા, શૂરવીરો બહારવટાં ખેડતા, બ્રાહ્મણો ત્રાગાં માંડતા, લોકનાયકો અસહકાર બોધતા ને પ્રજા પોતાનાં દુ:ખ નિવારણ માટે હિજરત કરતી એ કાળે, ગમે તેમ તો યે, સોરઠી પ્રજાનો સિક્કો વાગતો. પણ સૈકા પૂર્વે સોરઠનો માઠો બેઠો. એ પુનિત ભૂમિ પર ભાઇભાઇનાં ગળાં વઢાયાં. આંતરવિગ્રહ ને અવિશ્વાસની ભૂમિ કોની થઇ છે કે કાઠિયાવાડની થાય? વસુધાએ વિકરાળ મોં ફાડ્યું ને સોરઠનું આવી બન્યું. પરાધીન ને પરાવલંબી પ્રજાએ પતનને માર્ગે

પ્રયાણ આરંભ્યું. હથિયાર ખોયા પછીની પ્રજા લગભગ હીચકારી બની.

કાઠિયાવાડી હોઠો પર હાસ્ય હતું એ કાળે આઠ-દસ આને એક મણ જેટલી જુવાર મળતી; બાર આને બાજરી સાંપડતી; અગિયાર આને કપાસિયા મળતા; સવા રૂપિયે ઘઉં આવતા. કડબના એક સો પૂળા અર્ધા રૂપિયામાં જ ખરીદી શકાતા. પાંચ રૂપિયે તેલ મળતું. બાર પંદર રૂપિયે ઘી આવતું. કાળક્રમે કાઠિયાવાડની પાયમાલી જાગી. જમાનાની ખંજરી વાગી. ને કાઠિયાવાડ મોંઘવારીની ઘાણીમાં પડયો. છપ્પનિયા દુકાળે એને માથે આફત ઉતારી ને એ ભાંગી ગયો.

સમસ્ત એશિયામાં સિંહ તો કેવળ કાઠિયાવાડમાં જ ત્રાડુકતા. ગીરની ગાય ને કાઠી ઘોડાં જગતનાં ચૌટાંઓ વચ્ચે વિખ્યાત હતાં. આવા પ્રદેશની વચ્ચે આજથી જમાનાઓ પૂર્વે વસતા પુરુષો પડછંદ હતા; સ્ત્રીઓ કોમળ છતાં સુદૃઢ ને ગરવી હતી.

હજી આજથી એક સૈકા પૂર્વેની ખરેખરી અંધાધૂંધીને કાળે પણ કાઠિયાવાડની ખેતીવાડી આબાદ ને સમૃદ્ધ હતી. કણબી, સથવારા, રાજપૂત, આહીર, મેર, કોળી, ઘાંચી, સંધિ, જાટ અને મિયાણા-ઓની ખેડૂત તરીકેની નામના નાનેરી નહોતી.

વ્યાપાર અને વ્યાજવટું તો કાઠિયાવાડમાં પરાપૂર્વથી જ પ્ર-ખ્યાત બન્યાં છે. દૂરદૂરના જમાનામાં કાઠિયાવાડી વ્યાપારનો ધોરી માર્ગ ગોઘાથી સોમનાથ અને ત્યાંથી દ્વારકા તરફ જતો. અંદરના ભાગમાં વધુ રસ્તાઓ અણહિલવાડના સોલંકીઓએ જ બંધાવ્યા. એ પછીથી મુસલમાની સુબાઓએ પણ આ દિશામાં પ્રગતિ કરી.

પણ સારા યે કાઠિયાવાડને રાજમાર્ગો વડે ઘેરી લેવાની પહેલ કરવાનું માન તો ૧૮૬૫ના પોલિટિકલ એજંટ કર્નલ કીટિંજને જ આપવું રહ્યું. એ પછીથી પંદરેક વરસો વીતી ગયાં ને કાઠિયાવાડમાં આગગાડીનો ઘરઘરાટ સંભળાયો.

ભાવનગર, મહુવા, વેરાવળ, બેડી, જોડિયા, પોરબંદર, માંગ-રોળ, સલાયા, ધોલેરા, જાફરાબાદ, વવાણીઆ, નવીબંદર, ભેરઈ (જુનાગઢ), કથીવદર, (ભાવનગર), તળાજા અને સુંદરાઈ જેવાં બંદ-રોનો કેટલોક વ્યાપાર આગગાડીએ ઝડપી લીધો, ને નવા જમાના સાથે બંદરોનો પણ માઠો દિન બેઠો.

તેજીલી તલવારો, સોનેરી ઉપરણાંઓ, તસતસતી ભેઠો, પાસાબંધી અંગરખાંઓ, સોનારૂપાની બેડીઓ, દોરીછટ સુરવાળો, રૂપેરી હુક્કાઓ, થનગનતી ઘોડીઓ, ને ગર્વીલા ગરાસિયાઓ,—આ અધાં કાઠિયાવાડને ગરીબ, ગુલામ ને રડતો મૂકીને મરી ગયાં.

અંગ્રેજોના સર્વોપરિપણાનાં 'શાંતિ'નાં સો વરસો દરમિયાન સાહસિક જીવનની અદ્‌ભુત મિઠાશને બદલે સોરઠમાં યાંત્રિક જીવનની નીરસતા આવી; શૌર્યને સ્થાને નામર્દાઈ, વ્યવહારકુશળતાને ઠેકાણે વાણિયાશાહી ને ધમધમાટભર્યાં જીવનસંગ્રામને બદલે કાયરતાભર્યો જીવનકલહ કાઠિયાવાડમાં આવી વસ્યાં.

એ પછીથી રાષ્ટ્રવાદનાં બીજ રોપાયાં. એ કાળે પણ બ્રિટિશ હિંદના રાજદ્વારીઓની જીભમાં હિંદી નરેંદ્રો પ્રત્યે તો સાકર સિવાય અન્ય કશું યે દેખાતું નહોતું. ફીરોઝશાહની હાક બોલતી એ વેળાએ એમણે રાજાઓનું રક્ષણ કર્યું. ગોખલેનો જમાનો હતો એ વેળાએ એમણે પણ, છુપાંકઘાડાં નોંદાતાં રજવાડાંઓ પર માયા ને મમતાના જ વરસાદ વરસાવ્યા. પણ અંતે રજવાડાંઓની આંધળી તરફદારી કરવાની જૂની પ્રણાલિકાનું લજપતરાયે નિકંદન કાઢયું. હિંદી નરેન્દ્રો-ની ભયંકર આપખુદી પ્રત્યેનો પુણ્યપ્રકોપ સ્પષ્ટ શબ્દોમાં પહેલો તેમણે પ્રકટ કર્યો. સાત કરોડના સમૂહપરની નિષ્ઠુરતા મિટાવવાને જરૂર પડે તો રજવાડાંનો નાશ નોતરવા સુધીની પણ તેઓએ ઘોષણા કરી. હિંદી રાજ્યોની રીબાતી પ્રજાએ તેને વધાવી લીધી.

૧૯૧૯-૨૦નાં ઐતિહાસિક વરસો વચ્ચે બ્રિટિશ હિંદમાં જાગૃ-તિની વીજળી ઝબકી. એ ઝબકારાએ કાઠિયાવાડને જગાડી દીધો.

વિશ્વયુદ્ધમાં માથાં મૂકવાના બદલામાં ભારતવર્ષની પ્રજાને 'કાળા કાયદા'નો શિરપાવ મળ્યો ને મૉન્ટ-ફોર્ડ રીપોર્ટની ભલામણો અનુસાર ૧૯૨૧ના ફેબ્રુઆરીમાં સ્થાપાએલા નરેંદ્રમંડળમાં લૉર્ડ ચેમ્સફર્ડે નરેન્દ્રોને કાને પ્રજાસ્વાતંત્ર્યના પહેલા સૂર નાખ્યા.

સરકારની આ બેધારી રાજનીતિમાં મનસુખલાલ જેવા ચકોર સેવકે 'તક' ભાળી. વરસોનું સ્વપ્નું સાચું કરવાનાં આંદોલનો તેમણે ગતિમાન કર્યાં. વકીલોના સગવડપંથી મંડળ સમી 'કાઠિયાવાડ હિત-વર્ધક સભા'ને જગાડી શકાય તો જગાડીને, ને ન જગાડી શકાય તો રહેવા દઇને પણ, પ્રજામતને વાચા આપવાનો તેમણે નિશ્ચય કર્યો.

આખરે પણ કાઠિયાવાડ રાજકીય પરિષદને મનસુખલાલ જેવો પિતા મળ્યો, લાખાજીરાજ જેવો રાજા મળ્યો, ને કાઠિયાવાડના કેન્દ્ર સમા રાજકોટની ભૂમિ પર કાઠિયાવાડની પ્રજાને માટે શુદ્ધ અને શાંતિમય માર્ગે સ્વરાજ્ય, એટલે 'પ્રજાને જવાબદાર રાજતંત્ર' મેળવવાનો માણેકસ્થંભ ધરબવામાં આવ્યો.

કાઠિયાવાડના એક સ્વતંત્ર પત્રની સ્થાપનાની સૂચના વિઠ્ઠલ-ભાઇ પટેલે કરી ને અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર' પત્રનો જન્મ થયો. કાઠિયાવાડી પ્રજામતના પડઘા દૂર દૂર સુધી સંભળાયા. એ 'સૌરાષ્ટ્ર' મારફત 'મરેલો' કાઠિયાવાડ ફરી એકવાર જીવતો થયો. સોરઠની સિતમચક્કીમાં જમાનાઓ સુધી પીલાયા પછી પચ્ચીસ લાખની પ્રજાએ પડખું ફેરવ્યું. અને કાઠિયાવાડની જાગૃતિની એ ધીખતી ભઠ્ઠીમાં મનસુખલાલથી માંડીને ફુલચંદભાઈ સુધીના કેટલા યે સેવકોએ આજ સુધી પોતાનાં લોખંડ તપાવી લીધાં. એ પછીનો ઇતિહાસ તો હજી ગઈ કાલ જેટલો જ તાજો છે.

નેતાઓની વીનવણીઓ, વાઇસરૉયની ચેતવણીઓ, પ્રજાની પ્રાર્થનાઓ ને કાળનાં એંધાણો રાજાઓએ અવગણ્યાં. પણ ૧૫મી ઑગસ્ટે બ્રિટિશ સત્તાએ વિદાય લેતાં રાજાઓનો મોટો આધારસ્તંભ તૂટી પડયો. ઘડીભર તેમને ભ્રમણા થઈ કે અંગ્રેજો જતાં પોતે સર્વ-સત્તાધીશ ને સાર્વભૌમ બન્યા. પણ ગંજીપાના બંગલાની પેઠે ઘડીમાં તે ભ્રમણા ભાંગી પડી. દરવાજે આવીને ઊભાં રહેલાં ધૂઘવતાં પૂર દેખાયાં. પ્રજાની રોષજ્વાળાઓ શરીરને દઝાડવા લાગી. આપત્તિ-માંથી બચવાનો એક જ માર્ગ પ્રજાનું શરણું છે એ તેમને સમજાયું અને સૌરાષ્ટ્રની કાયાપલટના યુગનાં મંડાણ થયાં. બસો દીવાલો તૂટી પડી; બસો વાતાવરણો નાશ પામ્યાં. બસો કૂવાઓ તૂટી પડી એક વિશાળ સરોવર બન્યું. સૌરાષ્ટ્રની ધરતી એક શાસન તળે એકત્ર થઇ. એક સત્તા, એક રાજ્ય અને એક પ્રદેશ નિર્માણ થયાં.

વેલેસ્લી અને ડેલહાઉસીથી જે ન થયું તે સરદાર વલ્લભભાઇ પટેલે ત્રણ મહિનામાં કરી બતાવ્યું. એટલા ટૂંકા ગાળામાં તેમણે હિંદની કાયા પરથી મોટા ભાગનાં દેશી રાજ્ય રૂપી પીડાજનક ગુમડાં નાબૂદ કરી નાખ્યાં. આ અપૂર્વ સિદ્ધિ હિંદના ઈતિહાસમાં ઊજળે અક્ષરે લખાઈ જશે. જ્યારે રિયાસતોનો ઇતિહાસ લખાશે ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલ અને એમના રિયાસતી ખાતાના મંત્રી મેનન તેમાં અમર સ્થાન મેળવશે.

## ભૌતિક સમૃદ્ધિ

ભારતને પશ્ચિમ ખૂણે, અનેક નાનાં રજવાડાંઓમાં છિન્નભિન્ન થઇને પડેલો કાઠિયાવાડ એની અંધારી દશાને લીધે આજ સુધી દેશ-માં અવગણાએલો રહ્યો છે. એનાં સમથલ હવાપાણી, એનાં તેજસ્વી સંતાનો અને એનાં જળ તથા જમીનની માતબર સમૃદ્ધિનો સાચો

ખ્યાલ દેશમાં બહુ ઓછાને છે. એના પેટાળમાં પડેલી ખનિજ-દ્રવ્યોની અપાર સમૃદ્ધિ તરફ તો ખુદ ત્યાંના રાજાઓએ પણ ઉદાસીનતા સેવેલી, તે એ હેતુથી કે એવી શોધખોળો સફળ થાય તો અંગ્રેજ સરકારની દખલગીરી વધે. ૧૮૩૮માં કાઠિયાવાડમાં લોખંડની છ-સાત સધ્ધર ભઠ્ઠીઓ લોઢું ગાળતી. એમાં પોરબંદરના બરડાની અને જામનગરના રાણપુર ખંભાળિયાની સૌથી મોટી હતી. આજે પણ જામનગર રાજ્યમાં આસોટા મોટા તથા ભાટિયા પાસે, ને વઢવાણ રાજ્યમાં રતનપુરની હદમાં લોખંડના ખનિજવાળા પત્થરો મળે છે.

મોરબી રાજ્યમાં થાન પાસે, વાંકાનેર ને વઢવાણની આસપાસ ગોંડલ રાજ્યના ઓસમના ડુંગરા તરફ, અને વળા રાજ્યની હદમાં કોલસાનું સારું પ્રમાણ છે. કાઠિયાવાડમાં સોનાની પણ શક્યતા છે. ૧૮૧૮માં કૅપ્ટન મરડોએ લખેલી રાજકોટની આજી નદીમાંનાં સોનાનાં રજકણોની વાત અને ૧૮૪૧માં ગિરનારની સોનરેખા નદીની રેતીમાં રહેલા સોનાનો ઉલ્લેખ એ કથનની શાખ પૂરે છે.

નવાનગર ને ભડલાની આજુબાજુ ત્રાંબું સાંપડતું અને કૅપ્ટન જૅકબે હજી ત્યાં ત્રાંબું હોવાનો મત આપ્યો છે. ભાવનગર રાજ્યના શિહોરમાં જૂના કાળથી ત્રાંબાપિત્તળનાં વાસણોનો ઉદ્યોગ હોઈ તેની આજુબાજુની ગિરિમાળાઓમાં પણ ધાતુખાણોની શક્યતા છે.

ચૂનાનો કાચો પત્થર તો કાઠિયાવાડમાં મબલખ છે બાંધકામ માટે કાઠિયાવાડનો ચૂનો છેક ૧૮૭૬-૭૭સુધી મુંબાઈ ને દેશાવર સુધી ચડતો. તે ખાસ કરીને દ્વારકા ને રૂપબંદરની ભઠ્ઠીઓનો માલ હતો.

ઇમારતી પત્થર પણ કાઠિયાવાડનો મશહૂર છે. પોરબંદરનો ખૂખરો અને ધ્રાંગધ્રાનો ધંટિયો પત્થર તેમાં મોખરે છે. એ ઉપરાંત ગોંડળ રાજ્યની પાણ-ખાણો તથા એક અંગ્રેજે કરેલા સંશોધન મુજબ નવાનગરના પીંડારા ગામડા નજીકની અણખેડાએલી ખાણ ગણનાપાત્ર છે. અકીકના કીમતી પત્થરો મોરબી રાજ્ય ખંભાતના કારીગરો માટે ચડાવે છે. શંખજીરું પણ કાઠિયાવાડમાં છે, અને 'પ્લાસ્ટર ઑવ પારીસ' બની શકે તેવા ચીરોડીના પત્થર મોરબી, નવાનગર, ગોંડળ, પોરબંદરનાં રાજ્યો ને ભાલમાં પુષ્કળ છે. આમ, આખા કાઠિયાવાડમાં મબલખપણે રહેલા ચૂના-પત્થર, ચીરોડી અને દરિયાઈ કાદવને લીધે સીમેન્ટનો ઉદ્યોગ (દ્વારકાના સીમેન્ટ વર્ક્સ ઉપરાંત પણ) સારીરીતે સ્થાપીને ખીલવી શકાય તેમ છે.

વળી સૌરાષ્ટ્રમાં લાલ, પીળી ને ભૂરી માટી પણ પુષ્કળ મળી આવે છે, જેમાંથી આજે મોરબી, થાન, જામનગર, પોરબંદર, ભાવનગર વગેરેમાં ચાલતાં પૉટરી વર્ક્સ ઉપરાંત પણ માટીનાં વાસણો, વિલાયતી નળિયાં ને માટીનાં રંગો બનાવવાનાં કારખાનાં થવાની શક્યતા છે. જૂંભલીની માટી તો મુંબાઈની ભીંતોના ચણતરમાં રંગની ગરજ આજે પણ સારે છે. એવી માટી જામનગરના ભાટિયા મહાલમાં, જૂનાગઢના કડિયાળી ગામે અને ધ્રાંગધ્રા રાજ્યમાં છે.

ગોંડળ રાજ્યના પાટણવાવ ને આજુબાજુનાં ગામડાંના કેટલાક કૂવાનાં પાણીમાં કેરોસીનની ઉગ્ર વાસ આવે છે અને પાણી પી શકાતું નથી. ત્યાં પેટ્રોલની પણ શક્યતા છે.

કચ્છના અખાતમાં ઓખામંડળના અને જામનગરના ખાળામાં સાચાં મોતી મળતાં; અને કોડીનાર, માંગરોળ ને સીલને કિનારે પરવાળાં પણ પાકતાં. ભાવનગર રાજ્યમાં ચાંચ ને પોર્ટ આલ્બર્ટ વિક્ટર તરફના ખાબામાં ઝીણાંઝીણાં મોતી હજી મળે છે. ત્યાં પણ ઑઈસ્ટર્સ (સાચા મોતીની માછલીઓ) બહારથી લાવીને મૂકવામાં આવે ને તેના ઉછેર તરફ ધ્યાન અપાય તે જરૂરી છે.

કાઠિયાવાડનો ૫૭૦ માઇલનો દરિયાકાંઠાનો પ્રદેશ મીઠાના અગર માટે કુદરતી મનાયો છે, પરંતુ અંગ્રેજી રાજ્યના પ્રતિબંધોને કારણે તેનો વિકાસ થઈ શક્યો નથી. જે થોડી છૂટછાટો મળેલી તેમાં ઓખા સાલ્ટ વર્ક્સ, નાદીર સૉલ્ટ વર્ક્સ, અને મોરબી સૉલ્ટ વર્ક્સે સારી પ્રગતિ કરી છે. વળી ચૂના-પત્થર અને આ મીઠાના અગરોને કારણે આલ્કલી વર્ક્સ પણ સ્થાપી શકાય તેમ છે. માછલાં પકડવાનો ધંધો માંગરોળ, પોરબંદર, દીવ, જામનગર, મધવાર અને જાફરાબાદમાં ચાલે છે ને હજુ વધુ સ્થળે ખીલવી શકાય તેમ છે.

મુખ્યત્વે તો કાઠિયાવાડ ખેતીપ્રધાન પ્રદેશ છે. તેની વસતિમાં દર ૧૦ માણસે ૬ માણસો ખેતીમાં કામ કરે છે ને તેના કુલ ૨૩,૫૦૦ ચો૦ માઇલ પ્રદેશનો ૫૦ ટકા ભાગ ખેડાણમાં છે. મચ્છુ તથા શેત્રુંજીની આસપાસનો પ્રદેશ, બરડાનો બાગાયતી પ્રદેશ અને લીલી નાઘેરનો પ્રદેશ તો ફળદ્રુપતા માટે નામચીન છે. સૌરાષ્ટ્રનો મુખ્ય પાક જુવાર, બાજરી, ઘઉં, ડાંગર, શેરડી, ડુંગળી અને જવ, તથા કઠોળમાં ચણા, અડદ અને મગનો ગણાય છે. ઉપરાંત કપાસ, મગફળી, એરંડા આદિ તૈલી પાક પણ ઘણો થાય છે.

આ સિવાય અહીં ફળફળાદિનું ઉત્પાદન પણ એટલું વૈવિધ્યમય ને વિપુલ થાય છે કે એ જમીનની ફળદ્રુપતા જોઈ અજબ થઈ જવાય છે. ભાવનગરના પ્રદેશમાં સારી જાતનાં જામફળ, દાડમ અને કાગદી લીંબુ મોટા પ્રમાણમાં થાય છે. મહુવાની 'જમાદાર' કેરી તો પ્રસિદ્ધ છે. જૂનાગઢના પ્રદેશમાં કેરી, સીતાફળ અને જાંબુનાં વન છે. ચોરવાડ અને તલાળા પ્રદેશમાં બસરાઈ કેળાંની તથા ડુંગળીની ભારે મોટી પેદાશ છે. ચોરવાડી નાગરવેલનાં પાન તો કાઠિયાવાડભરમાં પ્રખ્યાત છે. જામનગરમાં ધુંવાળના જાંબુ અને ખંભાળિયા તાલુકામાં બટાટાનું પુષ્કળ ઉત્પન્ન થાય છે. ગોંડલ પંથકમાં મોટાં અને મોળાં ધોલર મરચાંનું સારું ઉત્પન્ન છે અને રાજકોટમાં લીલી ભરણી વાલોળ ખૂબ થાય છે. પોરબંદરના બરડા પ્રદેશનાં ટીંડોળાં આખા કાઠિયાવાડમાં તેમજ બહાર પણ જાય છે અને દેશી મરચાંની ત્યાં મોટી પેદાશ છે. ત્યાંના માધવપુરમાં ડુંગળીનું સારું ઉત્પન્ન થાય છે અને આદિત્યાણામાં બસરાઈ કેળાંનાં પણ વાવેતરો છે. માંગરોળની 'આમડી' કેરી પ્રસિદ્ધ છે. ઉપરાંત ત્યાં સરગવાની શીંગ, ડુંગળી તથા બસરાઈ કેળાં પણ થાય છે. કાઠિયાવાડની નદીઓના પટ ઉપર ટેટી અને તરબૂચ સારા પ્રમાણમાં થાય છે. વળી તેમાં ટમાટા, ભીંડા અને ચોખાનાં પણ વાવેતરો થાય છે, અને બટાટાનાં વાવેતરો થઇ શકે તેમ છે. સૌરાષ્ટ્રના વિસ્તૃત સાગરકાંઠામાં ફક્ત ભાવનગર, પોરબંદર, માંગરોળ, જૂનાગઢ વગેરે ઠેકાણે જ હાલ નાળિયેરીનાં વાવેતરો છે, તેને વધુ સ્થળે વિસ્તારીને મલબાર જેવા ઉદ્યોગો તેમાંથી ખીલવી શકાય તેમ છે. (ચાલુ)

['ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ', 'કાઠિયાવાડની કાળરાત્રિ', 'જન્મભૂમિ', 'વંદેમાતરમ્', 'પ્રજાબંધુ', 'ચેતન' વગેરે પરથી તારવીને]

**કસોટીના જવાબો :** (૧) ૧૧ કલાક ને ૫૯ મિનિટ. (૨) મૅક્સિમ ગૉર્કી. (૩) ૧-ચ, ૨-ઠ, ૩-છ, ૪-ટ, ૫-જ, ૬-ખ, ૭-ગ, ૮-ક, ૯-ઘ, ૧૦-ઝ, (૪) ૩૨ નંબરને ૧૧ સાથે જોડો, ૨ ને ૧૫ સાથે, ૬ ને ૨૩ સાથે, ૫ ને ૧૮ સાથે અને ૧૦ ને ૨૯ સાથે, (૫) (ક) પૃથ્વી જે ધરી પર ગોળ ફરે છે તે બરાબર ધ્રુવ તરફ આવેલી છે. (ખ) પીપળાના. (ગ) કિંગ, પ્રિન્સ, ડ્યૂક, માર્કવિસ, અર્લ, વાઇકાઉન્ટ ને બૅરન. (ઘ) ત્રિવેન્દ્રમ. (ચ) મહારાવ. (છ) ૧૧. (જ) ૧૪૪ ફૂટ. (ઝ) એડન. (ટ) ઉત્તર ધ્રુવ આગળ.

**સુધારો :** આ અંકના પૃ. ૭૬ પર આપેલા પરિચયલેખમાં કલાકારનું નામ ભૂલથી 'વિશ્વનાથ દાસ' છપાયું છે તે **વૈદ્યનાથ દાસ** જોઇએ.

# ઍમોનિયા

## શાંતિકાળમાં પોતાની અનેકવિધ ઉપયોગિતાથી માનવજીવનને સમૃદ્ધ કરતું અને યુદ્ધકાળમાં દારૂગોળા રૂપે સર્વનાશ કરતું રસાયણ

ડૉ. નરસિંહ મૂ. શાહ • એમ એસસી. પીએચ. ડી.



જર્મન વૈજ્ઞાનિક હાબર

આ લેખમાળાના અગાઉના હપ્તાઓમાં આલ્કલી સંબંધે સામાન્ય ઉલ્લેખ આવેલો તેમાં ઍમોનિયમ હાઇડ્રૉક્સાઇડ(ઍમોનિયાનું પાણીમાં દ્રાવણ)ની સાધારણ માહિતી આવી ગઈ છે. પ્રાચીન કાળમાં કીમિયાગરો આ દ્રાવણ બનાવતા. એટલે ઍમોનિયા પરત્વેનું આપણું જ્ઞાન ઘણા જૂના વખતથી છે. ઇજિપ્તમાં ઍમોનના મંદિરનાં ખંડિયેરો નજીક લીબિયાના રણમાં ઊંટના છાણને બાળીને ઍમોનિયાનો ક્ષાર–નવસાર–બનાવવામાં આવતો. આ કારણે જ તેનું નામ ઍમોનિયાનો ક્ષાર એવું પાડવામાં આવેલું છે. ગ્રીક ભાષામાં 'એમ્મોસ' એટલે રેતી એવો અર્થ પણ થાય છે. હાડકાં, ખરીઓ અને શિંગડાં આદિ પદાર્થોને બંધ વાસણોમાં ખૂબ ગરમ કરીને અથવા કોહવાઇ ગયેલું મૂત્ર આસવીને ઍમોનિયાનો બીજો ક્ષાર–ઍમોનિયમ કાર્બોનેટ–તૈયાર કરવામાં આવતો. તે ઊડણ ક્ષાર અથવા ઊડણ આલ્કલીના નામથી ઓળખાતો. તેને ચૂના સાથે ગરમ કરીને તેમાંથી ઍમોનિયા છૂટો પાડી તેનું પાણીમાં દ્રાવણ તૈયાર કરવામાં આવતું. પરંતુ ઇ. ૧૭૭૪માં પ્રીસ્ટલેએ શુદ્ધ ઍમોનિયા વાયુ બનાવીને તેને પારા ઉપર એકઠો કર્યો અને તેના ગુણધર્મનો અભ્યાસ કરી તેનું નામ પાડયું 'આલ્કેલાઈન હવા'. તે વાયુ શાનો બનેલો છે તે શોધી કાઢવા તેમાં વીજળીના તણખા પસાર કરીને તેનું વિઘટન કરવામાં આવ્યું. એ ઉપરથી નક્કી થયું કે ઍમોનિયા એ નાઇટ્રોજન અને હાઈડ્રોજન એ બે વાયુનો બનેલો પદાર્થ છે, જેમાં નાઇટ્રોજન એક ભાગ અને હાઇડ્રોજન ત્રણ ભાગના પ્રમાણમાં છે.


આપણા રોજિંદા જીવનમાં ઍમોનિયાની મહત્તા ખૂબ વ્યાપક છે. આપણું અસ્તિત્વ જ તેને આભારી છે એમ કહેવામાં અતિશયોક્તિ બિલકુલ નથી. આપણું જીવન જેને આધારે ટકી રહે છે તે ખોરાકના જરૂરી ધનધાન્યની ઉત્પત્તિમાં ઍમોનિયમ યુક્ત પદાર્થો અનિવાર્યરીતે જરૂરી છે. ખેતીમાં આ ઍમોનિયાવાળા પદાર્થો જ ખાતર તરીકે મોટા પ્રમાણમાં વપરાય છે. આ મુખ્ય ઉપયોગ ઉપરાંત ઍમોનિયાવાળા પદાર્થોના બીજા પણ અનેક ઉપયોગો છે. દા. ત. રંગવામાં, કાપડ છાપવામાં, ફોટોગ્રાફીમાં, બેકિંગ પાઉડરની બનાવટમાં ઈત્યાદિ અનેક નાનામોટા કાર્યમાં તે વપરાય છે.

ઍમોનિયા કુદરતમાંથી મોટા પ્રમાણમાં મળી આવતો નથી. વાતાવરણમાં તો તેનો જૂજ અંશ હોય છે. જ્વાળામુખીવાળા પ્રદેશોમાં નવસાગર, ઍમોનિયમ સલ્ફેટ જેવા તેના ક્ષારો મળી આવે છે. મનુષ્યના લોહી તેમજ પેશાબમાં ઍમોનિયાના ક્ષારો હોય છે. પુખ્ત વયના માણસના શરીરમાંથી ચોવીસ કલાકમાં ૨૨–૩૭ગ્રામ યુરિયા નામનો પદાર્થ પેશાબવાટે નીકળે છે, જેમાં ૧૨–૨૦ ગ્રામ ઍમોનિયા હોય છે. જે વરસ દહાડે લગભગ ૯ થી ૧૭ રતલ થયો !

કૃત્રિમરીતે ઍમોનિયા બનાવવાની અનેક પદ્ધતિઓ શોધી કાઢવામાં આવી છે. નાઇટ્રોજન અને હાઇડ્રોજન વાયુના મિશ્રણમાં વીજળીના તણખા પસાર કરવાથી ઍમોનિયા પેદા થાય છે. પરંતુ આ ક્રિયા દ્વિમુખી હોવાથી પેદા થએલા ઍમોનિયાનું પાછું વિઘટન થવા માંડે છે, એટલે પરિણામે માત્ર ૧ ટકા જ ઍમોનિયા આ ક્રિયાથી મેળવી શકાય છે. આ ક્રિયામાં જો ઉલટી પ્રક્રિયા અટકાવી શકાય તો વિશેષ પ્રમાણમાં ઍમોનિયા પેદા થઇ શકે. તે માટે જર્મન વૈજ્ઞાનિક હાબરે એક નવી જ રીત શોધી કાઢી. તે રીતમાં નાઇટ્રોજન ને હાઇડ્રોજનનું ૧:૩ના પ્રમાણમાં મિશ્રણ લઇને સંસર્ગ-પદાર્થ(catalyst)ની હાજરીમાં ભારે દબાણ હેઠળ તેમનું સંયોજન કરવામાં આવે છે. સંસર્ગ-પદાર્થને લીધે ક્રિયા ઓછી ઉષ્ણતાએ પણ ઝડપથી આગળ વધે છે ને ભારે દબાણને કારણે ઍમોનિયાનું વિઘટન બહુ જ ઓછું થાય છે. પરિણામે ઍમોનિયા ખૂબ મોટા પ્રમાણમાં બને છે. હાબરના માનમાં આ રીત 'હાબર રીત' તરીકે સુપ્રસિદ્ધ છે. ઍમોનિયા બનાવટની બીજી રીતમાં કૅલશિયમ કાર્બાઇડ વપરાય છે. તેને ૧૧૦૦ ડિગ્રીએ ગરમ કરીને તેના પરથી નાઇટ્રોજન પસાર કરવાથી, કૅલશિયમ સાયેનામાઇડ બને છે: અને તેના પર વરાળ પસાર કરવાથી ઍમોનિયા વાયુ છૂટો પડે છે. એ રીતે ઍલ્યુમીનિયમ નાઇટ્રાઈડમાંથી પણ ઍમોનિયા તૈયાર કરાય.

ખનીજ કોલસામાંથી કોલ-ગૅસ બનાવતી વખતે ઍમોનિયા અને તેના ક્ષારો ઉપ-પેદાશ તરીકે મળે છે. એક ટન કોલસામાંથી ૨૦–૨૫ રતલ ઍમોનિયમ સલ્ફેટ મળે છે. આનું કારણ એ છે કે કોલસો ભૂસ્તરીય કાળની વનસ્પતિના અસ્મીભૂત અવશેષ હોવાથી વનસ્પતિમાં રહેલો નાઇટ્રોજન આશરે એક ટકા જેટલા પ્રમાણમાં કોલસામાં પણ હોય છે, જે ઉપરની ક્રિયામાં ઍમોનિયા રૂપે છૂટો પડે છે. વળી ઍમોનિયાના ક્ષારને ચૂના સાથે ગરમ કરવાથી પણ ઍમોનિયા વાયુ છૂટો કરી શકાય છે.

**હાબર રીત**



એમોનિયા એ એક રંગવિહીન વાયુ હોઇ તેને ખૂબ લાક્ષણિક ગંધ હોય છે. થોડા પ્રમાણમાં સુંઘાડવાથી હૃદય ઉત્તેજિત બને છે, પણ શ્વાસમાં જો તે ખૂબ લેવાય તો ઝેરી નીવડે છે ને આંખોમાં જાય તો નુકસાન કરે છે. ઍમોનિયા પાણીમાં ખૂબ મોટા પ્રમાણમાં દ્રાવ્ય છે. તેને ઠંડો પાડી દબાણમાં રાખવાથી તે પ્રવાહી રૂપ બને છે. આ પ્રવાહી ઍમોનિયા રેફ્રીજરેટરમાં તેમજ બરફનાં કારખાનાંમાં ઠંડી પેદા કરનાર પદાર્થ તરીકે મોટા પ્રમાણમાં વપરાય છે. તેનો બીજો મોટો ઉપયોગ મીઠામાંથી સોડા બાઈ કાર્બોનેટ બનાવવામાં થાય છે. આ રીત 'સોડા ઍમોનિયા રીત' અથવા તેના શોધક સૅાલ્વેના નામમાં 'સોલ્વે પદ્ધતિ' તરીકે ઓળખાય છે.

ઍમોનિયા રાતા રંગના લિટમસ કાગળને વાદળી બનાવે છે. હળદરના દ્રાવણમાં બોળેલો કાગળ ઍમોનિયાની હાજરીમાં વાદળી થઈ જાય છે. બંધિયાર પાણીમાં વનસ્પતિ, કચરો કે મેલું નાખવામાં આવે તો એ વસ્તુઓના સડવાથી ઍમોનિયા તથા તેના સંબંધિત બીજા પદાર્થો પેદા થાય છે. આવું પાણી પીવું નુકાસનકારક છે. પાણીમાં ઍમોનિયાની હાજરી છે કે નહિ તે તપાસવા 'નેસ્લર રી-એજન્ટ' નામનો પ્રવાહી નાખવાથી ખબર પડે છે. જો ઍમોનિયા હોય તો પાણીમાંથી ભૂરો રંગ યા કોઇ પદાર્થ પેદા થાય છે.

ઍમોનિયાને સંસર્ગ-પદાર્થ (પ્લેટિનમ)ની હાજરીમાં ઑક્સિજન કે હવા સાથે ગરમ કરવાથી નાઈટ્રોજનના ઑક્સાઈડ બને છે. આ ઑક્સાઈડને પાણીમાં મેળવીને નાઇટ્રિક ઍસિડ બનાવાય છે, જે દારૂગોળાની બનાવટમાં ખૂબ ઉપયોગી છે. પ્રથમ મહાયુદ્ધ વખતે જર્મનીને ચીલીના નાઇટ્રેટ મળતા બંધ થયા અને દારૂગોળાની બનાવટમાં મુશ્કેલીઓ ઊભી થઇ, ત્યારે તેણે પોતાને જરૂરી નાઇટ્રેટ ઉપર મુજબ ઍમોનિયામાંથી બનાવવાની શોધ કરી. આ શોધે જર્મનીને યુદ્ધ સંચાલનમાં મોટી મદદ કરેલી. યુદ્ધ પછી બધા દેશોએ આ શોધનો ઉપયોગ ખેતી માટે ખાતર પેદા કરવા સારુ કરવા માંડ્યો.

ઍમોનિયા આલ્કલી છે. એટલે ઍસિડ સાથે તેને સંયોજવાથી તેના ક્ષારો બને છે. એ પણ ખૂબ ઉપયોગી છે. સલ્ફ્યુરિક ઍસિડ સાથે મેળવવાથી ઉત્પન્ન થતો ક્ષાર ઍમોનિયમ સલ્ફેટ કહેવાય છે. આ ક્ષાર બનાવટી ખાતર તરીકે ખૂબ જ વપરાય છે. આપણા દેશમાં આ સલ્ફેટ બનાવવા સરકારે બિહારમાં એક મોટું કારખાનું કાઢ્યું છે. ત્રાવણકોરમાં પણ એક આવું કારખાનું ચાલું થયું છે. હિંદમાં અનાજની ઉત્પત્તિ વધારવા માટે જમીનમાં વિશેષ ખાતર નાખવાની અગત્ય સૌ કોઈ સ્વીકારે છે. એટલે આ દિશામાં આ પગલું અત્યંત સ્તુત્ય છે. ઍમોનિયમ નાઇટ્રેટ નામનો ઍમોનિયાનો બીજો ક્ષાર પણ ખૂબ ઉપયોગી ખાતર છે. ઍમોનિયમ ફૉસ્ફેટ સાકરના શુદ્ધીકરણમાં વપરાય છે. ઍમોનિયમ ક્લોરાઈડ દવામાં, રેણ કરવામાં, કલાઇ કરવામાં. રંગવામાં ઇત્યાદિ અનેક ઉપયોગમાં આવે છે. તેને 'સાલ ઍમોનિયાક' પણ કહે છે. ઍમોનિયમ કાર્બોનેટ અથવા ઍમોનિયા કાર્બ, માણસ ગભરાઈ ગયો હોય અને નબળાઈ વર્તાતી હોય ત્યારે સુંઘાડવામાં આવે છે. વળી ઊન ધોવામાં, કાપડ રંગવામાં તથા બેકિંગ પાઉડર ને સ્મેલિંગ સૉલ્ટની બનાવટમાં પણ તેનો ઉપયોગ થાય છે. ઍમોનિયમ સલ્ફોસાયેનાઈડ નામનો ક્ષાર કાપડના રંગાટ અને છાપવામાં વપરાય છે. ઍમોનિયમ સલ્ફેટના દ્રાવણનું વીજ-પૃથક્કરણ કરીને તેમાંથી બનાવાતો ઍમોનિયમ પરસલ્ફેટ ઑક્સાવતા પદાર્થ તરીકે તથા ફોટોગ્રાફીમાં વપરાય છે.

આમ, ઍમોનિયા દ્વિ-મુખી કાર્ય કરે છે. શાંતિના કાળમાં તે અને તેમાંથી બનાવેલા પદાર્થો અનેક રીતે ઉપયોગી થઈ મનુષ્યજીવનને સમૃદ્ધ કરે છે; તો યુદ્ધકાળમાં તેનો ઉપયોગ દારૂગોળા માટે આવશ્યક નાઇટ્રેટ બનાવવા વાસ્તે થઈ તે મનુષ્યજીવનનો સર્વનાશ પણ કરે છે. આ રીતે ઍમોનિયા આપણા રોજિંદા જીવનમાં સંયોગાનુસાર નિતનવી સૃષ્ટિ રચતા બ્રહ્માનું અને તે જ સૃષ્ટિનો નાશ કરતા શિવનું એમ સંયુક્ત કાર્ય કરે છે.

## ગુરુ રામસિંહ (અનુસંધાન સામેના પાનાથી)

કોઈ સંબંધ નહિ હોવાથી તેમના કાર્ય માટે પોતાની કોઇ જવાબદારી નથી. પેલા ૧૫૦ કૂકાઓ મલૌધ નામના કિલ્લા પર પહોંચ્યા, જેના સરદારોએ સ્વાતંત્ર્ય-યુદ્ધમાં સાથ આપવાનું વચન આપ્યું હતું પણ તેમણે જ્યારે આ અપરિપક્વ વિદ્રોહ જોયો ત્યારે મદદ આપવાની ના પાડી. આથી કૂકાઓએ ત્યાંથી માત્ર થોડાંક હથિયારો મેળવી બીજે દિવસે માલેરકોટલા શહેર પર હુમલો કર્યો. ત્યાંના રાજાને અગાઉથી ખબર પડી જવાથી તેણે ખૂબ મોટી તૈયારી કરી રાખી હતી. આથી કૂકાઓ ફાવ્યા નહિ અને પીછેહઠ કરી ગયા. હવે તો આ 'બળવા'ને દબાવી દેવા અંગ્રેજ ફોજ પણ મેદાને પડી. ફરી લડાઈ થઇ. કૂકાઓ બહાદુરીપૂર્વક લડ્યા. ૨૯ ગામ પાસેના જંગલ આગળ લડતાંલડતાં તેમાંના ૬૮ પકડાઇ ગયા; બાકીના નાસી છૂટ્યા. અંગ્રેજો સામે સશસ્ત્ર બળવો કરનારને માટે જે 'ઇનામ' મળે છે તે જ તેમને મળ્યું. બીજે જ દિવસે તેમાંના ૪૯ ને તોપને મોઢે ચડાવી દેવામાં આવ્યા. કૂકાઓ પણ હસતાહસતા, જયનાદ કરતાકરતા વીર મૃત્યુને ભેટ્યા. ૫૦મો એક બાળક હતો. તેની દયા આવવાથી ડેપ્યુટી કમિશ્નર મિ. કૉવનની પત્નીએ તેને છોડી મૂકવાની પોતાના પતિને વિનતિ કરી. મિ. કૉવને ગુરુ રામસિંહ વિષે ખરાબ શબ્દો વાપરીને તે બાળકને કહ્યું કે તું એમનો અનુયાયી નથી એમ કહે તો તને છોડી મૂકીએ. પરંતુ પોતાના ગુરુ માટે અપમાનકારક શબ્દો સાંભળીને તે બાળક એટલો ઉશ્કેરાઇ ગયો કે પહેરેગીરના હાથમાંથી છટકી કૉવન પાસે જઈ તેની દાઢી પકડી ખેંચવા લાગ્યો. બધાએ તે બાળકને છોડાવવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ જ્યાંસુધી તેના બંને હાથ કાપી નાખી તેને મારી નાખવામાં ન આવ્યો ત્યાંસુધી તે વીર બાળકે દાઢી મૂકી નહિ! બાકી રહેલા કૂકાઓને બીજે દિવસે ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા.

અંગ્રેજ સરકારને તો ગમે તે ઉપાયે કૂકાઓનું સંગઠન તોડી નાખવું જ હતું. વળી તેણે એ પણ જોયું કે આવા વીર કૂકાઓને તૈયાર કરનાર ગુરુ રામસિંહને જો છૂટા રાખવામાં આવે તો પોતાનું સ્થિર થએલું સામ્રાજ્ય ફરી ઊખડી જાય. આથી તેમણે તે વીર નેતાની પણ ધરપકડ કરી અને કાયમ માટે બ્રહ્મદેશ મોકલી દીધા, જ્યાં ૧૮૮૫માં કારાગૃહમાં જ તેમનું મૃત્યુ થયું.

આમ સ્વાતંત્ર્ય માટેની એક નાની પણ તેજસ્વી ચળવળનો કરુણ અંત આવ્યો. કૂકાઓએ ઉતાવળ કરીને જો ઘાતક પગલું ન ભર્યું હોત તો કૂકા-વિદ્રોહનું પરિણામ કંઈક જુદું જ આવ્યું હોત. છતાં પણ કૂકાઓની બહાદુરી, નિષ્ઠા, નિર્ભયતા તથા હસતાંહસતાં પ્રાણાર્પણ કરવાની તૈયારી માટે કોઇને પણ માન થયા વગર ન રહે.

# ગુરુ રામસિંહ
## અને કૂકા વિદ્રોહ

સત્તાવનનો સ્વાતંત્ર્ય-સંગ્રામ અનેક કારણોને લીધે નિષ્ફળ ગયો. તેમાંનું એક અને પ્રમુખ કારણ એ હતું કે કેટલાક હિંદીઓએ જ—ખાસ કરીને શીખો ને ગુરખાઓએ—અંગ્રેજોને ધન, સૈનિકો અને શસ્ત્રસામગ્રીની મદદ કરેલી. જે રણજીતસિંહે પોતાનું સ્વાતંત્ર્ય ટકાવી રાખવા લોહીની નદીઓ વહેવડાવેલી તે જ રણજીતસિંહના વંશજો સમા શીખો સત્તાવનના એ સંગ્રામમાં અંગ્રેજો તરફથી લડ્યા અને પોતાના જ દેશબંધુઓના સ્વાતંત્ર્યપ્રાપ્તિના વિરાટ આંદોલનને કચડી નાખવામાં મોટો ફાળો આપ્યો.

પણ '૫૭ના એ સ્વાતંત્ર્યયુદ્ધની સમાપ્તિ પછી જ્યારે સર્વ ઠેકાણે સ્મશાનશાંતિ છવાઈ ગઇ ત્યારે પંજાબના કેટલાક વિચારવાન પુરુષોને પોતાની કોમના એ કૃત્યથી શરમ આવવા લાગી અને કોઇપણ ઉપાયે એ કલંક ધોઈ નાખવાનો નિશ્ચય કર્યો. ત્યારથી દરેક ક્રાંતિકારી ચળવળમાં પંજાબ હમેશાં અગ્રસ્થાને રહ્યું છે ને હજારો યુવાનો તથા વીર પુરુષોએ ત્યાર પછી પોતાનું ધગધગતું લોહી તે કલંક ધોઇ નાખવા વહેવડાવ્યું છે.

'૫૭ના વિરાટ આંદોલન પછી પંજાબમાં એવો જે પહેલો સ્વાતંત્ર્યપ્રિત્યર્થ તેજસ્વી યજ્ઞ થયો તે 'કૂકા વિદ્રોહ'ના નામથી પ્રસિદ્ધ છે. તેના નેતા હતા શ્રી ગુરુ રામસિંહ. તેમનો જન્મ ઇ. ૧૮૨૪માં લુધિયાના જિલ્લામાં ભૈણી નગરમાં થયો હતો. યુવાવસ્થામાં તે પંજાબ-કેસરી રણજિતસિંહના સૈન્યમાં જોડાયા હતા અને અંગ્રેજો વિરુદ્ધ ઘણી લડાઈઓમાં ભાગ લીધેલો. પણ તે કાળે ઇશ્વરભક્તિ તરફ તેમનું ધ્યાન વધુ હોવાથી લશ્કરમાંથી રાજીનામું આપી પોતાને ગામ પાછા આવ્યા અને ભગવદ્‌ભજનમાં રત રહેવા લાગ્યા. તેમનાં દૃઢ ભક્તિભાવ તથા આકર્ષક નમ્રતાને કારણે દૂરદૂર સુધી તેમની નામના પ્રસરી અને ઠેકઠેકાણેથી તેમનાં દર્શન માટે લોકો આવવા લાગ્યા. પહેલાં તો તે સમાજની અંદરનાં દૂષણો દૂર કરવાનો ઉપદેશ આપતા પણ થોડા જ વખતમાં તેમને લાગી ગયું કે રાજકીય સ્વાતંત્ર્ય વિના દેશની ઉન્નતિ અશક્ય છે. આથી એમણે ધાર્મિક ઉપદેશમાં રાજકીય બાબતોનો ઉલ્લેખ કરવા માંડ્યો. આ અરસામાં રામદાસ નામના એક સાધુ તેમને મળ્યા. તેમણે પણ રામસિંહને ભક્તિ માર્ગ છોડી દઇ દેશમાં કર્મવાદનો પ્રચાર કરવાનો તથા દેશને સ્વતંત્ર કરવાનો ઉપદેશ આપ્યો. આથી સ્વાતંત્ર્ય મેળવવા માટે એક મોટું સંગઠનબળ ઊભું કરવાનો તેમણે નિશ્ચય કર્યો. પોતાનો જુદો ધાર્મિક પંથ તો બનેલો હતો જ, ને હજારો કૂકાઓ (શીખો) તેમના શિષ્યો બન્યા હતા. તે જ પંથને તેમણે હવે વધારવા માંડ્યો.

સૌથી પહેલાં તો તેમણે અસહકારનો પ્રચાર કર્યો. જે કાળે મહાત્માજીનો જન્મ પણ નહોતો થયો તે કાળે તેમણે પોતાના સર્વ શિષ્યોને કોર્ટ, તાર-ટપાલ તથા રેલવેનો પણ બહિષ્કાર કરી દેવાનો આદેશ આપ્યો; એટલું જ નહિ પણ ટપાલને માટે પોતાની સ્વતંત્ર વ્યવસ્થા ઊભી કરી. એમની આવી સરકાર-વિરોધી પ્રવૃત્તિ જોઇને સરકારે તેમના પર કડક પ્રતિબંધો મૂક્યા. પણ આથી જરા પણ ન દબાતાં તેમણે ગુપ્તરીતે કાર્ય ચાલુ રાખ્યું, એટલું જ નહિ પણ તેને વધુ ને વધુ વ્યાપક કરતા ગયા. તેમણે સમસ્ત પંજાબને ૨૨ જિલ્લામાં વહેંચી દઈ તે દરેક પર પોતાનો એકએક પ્રમુખ નીમ્યો. આ પ્રમુખો નવાનવા લોકોને દીક્ષા આપી પોતાના પંથનું બળ વધારતા જતા હતા. થોડા જ દિવસમાં આ નવો ધાર્મિક—રાજકીય સંપ્રદાય બળવાન બન્યો. પણ તેમનો બહારનો દેખાવ ઓછો કરી નાખી ગુપ્તરીતે તેઓ કાર્ય કરતા હોવાથી સરકારનો તેમના પરનો સંદેહ દૂર થયો અને ૧૮૬૯માં તે સંપ્રદાય પરના પ્રતિબંધો તેણે દૂર કર્યા. આથી તો તે લોકોનો ઉત્સાહ બમણો થયો અને કાર્ય ઝપાટાથી વધવા માંડ્યું. આ પંથનું એક પ્રમુખ કાર્ય ગાયોની કતલ અટકાવવાનું, ગોરક્ષા કરવાનું પણ હતું.

એ અરસામાં કૂકાઓની શિસ્ત દાખવતો એક બનાવ બન્યો. ઈ. ૧૮૭૧માં કેટલાક કૂકા વીરો અમૃતસરથી જઈ રહ્યા હતા. એવામાં રસ્તામાં કસાઈઓ સાથે ઝગડો થવાથી તેમણે તે બધાને કાપી નાખ્યા અને સીધા ગુરુ રામસિંહ પાસે ભૈણી પહોંચ્યા. આ બાજુ કસાઇઓની કતલ માટે અમૃતસરના પ્રતિષ્ઠિત હિંદુઓને પકડવામાં આવ્યા. આ વાતની ગુરુ રામસિંહને ખબર પડતાં જ તેમણે પેલા કૂકાઓને કોર્ટમાં જઇ પોતાનો અપરાધ સ્વીકારી લેવા તથા આત્મસમર્પણ કરી દેવાનો આદેશ આપ્યો. ગુરુની આજ્ઞા માથે ચડાવી તે બધા કોર્ટમાં પહોંચી ગયા. આ વાતની સરકારને ખબર પડતાં મનમાં તો તે પણ ચમકી ગઇ. એક વ્યક્તિનો પ્રજા પર આ જાતનો વધતો જતો પ્રભાવ વિદેશી સરકાર કેમ સાંખી શકે?

ઇ. ૧૮૭૨ની ૧૩મી જાન્યુઆરીએ ભૈણી ગામમાં માઘીનો મેળો ભરાવાનો હતો. હજારો કૂકાઓ ત્યાં જઇ રહ્યા હતા. એવામાં રસ્તામાં માલેરકોટલા નામના મુસ્લિમ દેશી રાજ્યમાં એક કૂકાને મુસલમાનો સાથે કંઇક ઝગડો થયો. મુસલમાનોએ તેને પકડીને સારી પેઠ માર્યો, એટલું જ નહિ પણ એક ગાય તેની પાસે કપાવવામાં આવી. આથી ક્રુદ્ધ બનીને તે કૂકો ભૈણી પહોંચ્યો અને પોતાની દુઃખકથા ત્યાં કૂકાઓની સભામાં જણાવી. એ સાંભળતાં જ ત્યાં બેઠેલા સર્વે જણા સળગી ઊઠ્યા અને ગુરુ રામસિંહને કહેવા લાગ્યા કે: 'જે વિપ્લવની આયોજના આપ ઘણા વખતથી કરી રહ્યા છો તે શરૂ કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે. આપ આદેશ આપો તેટલી જ વાર. અમે અમારાં માથાં આપના ચરણમાં મૂકી દઈશું.' ગુરુએ ગંભીરતાથી આ બનાવ પર વિચાર કર્યો. તેમણે જોયું કે હજુ સંગઠન પૂરેપૂરું વ્યાપક, બળવાન અને સંપૂર્ણ બન્યું નથી, ત્યાં યુદ્ધ શરૂ કરવાથી પરાજય જ થવાનો. વળી, આ દેશનો સામાન્ય દુશ્મન અંગ્રેજ છે. તેની સામેના બળવા તરીકે મુસ્લિમ રાજ્યને નિમિત્ત બનાવવાથી તો હિંદુ-મુસ્લિમ વચ્ચે ભેદભાવ થશે. આથી તેમણે પોતાના શિષ્યોની તે માગણી નકારી અને આજીજીભરી વિનતિ કરીને બધાને સમજાવ્યા. ઘણાખરા તો માની ગયા, પણ ભાવનાશીલ એવા ૧૫૦ કૂકાઓ કેમે કર્યા શાંત થયા નહિ અને વિપ્લવની ઘોષણા કરતા યુદ્ધ માટે નીકળી પડ્યા.

આથી તો ગુરુજી આગળ મોટો કોયડો આવી પડ્યો. પેલા ૧૫૦ જણાની ઉતાવળને કારણે આખા સંપ્રદાય ઉપર મોટી આફત ખડી થવાનો સંભવ ઊભો થયો. આથી પોતાના બાકીના સંગઠનને બચાવી લેવા માટે તેમણે પોલીસને જાહેર કર્યું કે પેલા ૧૫૦ ઉશ્કેરાએલાઓ સાથે પોતાને હવે (અનુસંધાન સામેના પાને)

(અનુ૦ પૃ૦ ૭૨ થી ચાલુ) તેલ, હજામતનાં લોશનો, સાબુ, મોઢે લગાડવાનો પાઉડર, અથાણાં વગેરેવગેરે. આ કાળા વૈજ્ઞાનિકની આવી આશ્ચર્યકારક શોધો જોઈ જગત છક્ક થઇ ગયું અને 'રસાયણના જાદુગર'નું ઉપનામ તેને મળ્યું.

કાર્વરની આ આશ્ચર્યકારક શોધોને કારણે વટાણા અને શક્કરિયાંના જે ઢગલા સડી જતા હતા, તેમાંથી મોટામોટા ઉદ્યોગો ને ધંધાઓ સ્થાપિત થયા અને અર્થપ્રાપ્તિનો એક નવો વિશાળ કાર્યપ્રદેશ ખુલ્લો થયો. પણ કાર્વરની પ્રતિભા આટલાથી જ સંતોષ પામે તેમ નહોતી. કોઈ પણ વસ્તુ નકામી જાય એ તેનાથી સહન જ થતું નહિ. ત્યાંની આસપાસના પ્રદેશમાં 'સ્લૅશ પાઈન' નામનાં વૃક્ષો ખૂબ મબલખપણે થતાં હતાં, પણ તે કંઇ ઉપયોગમાં આવતાં નહોતાં. તરત તેણે તેના પર પ્રયોગો શરૂ કર્યા અને થોડા જ સમયમાં તેમાંથી સુંદર કાગળ પેદા કર્યો. આજે અમેરિકાના દક્ષિણ દેશનો તે એક ધીકતો ઉદ્યોગ બન્યો છે. ઈતર નકામા લાકડામાંથી તેણે કૃત્રિમ આરસપહાણનો પથ્થર બનાવ્યો! લાકડાના વહેર અને કપાસ તથા બીજા અનાજના સાંઠામાંથી ગરમી અટકાવવાનાં પાટિયાં તથા ઘરમાં પથ્થરને બદલે જડી શકાય તેવાં ચોસલાં બનાવ્યાં. ફૂલછોડ પણ તેની અન્વેષક દ્રષ્ટિમાંથી બચ્યા નહિ. ફૂલોનાં થડ તથા ડાળીઓ આદિ નકામાં જાય તે તેને કેમ પાલવે? તેના પર પ્રયોગો કરીને તેણે તેમાંથી કાગળ બનાવ્યો ત્યારે જ તે જંપ્યો!

કાર્વર પોતે દઢતાથી માનતો કે મનુષ્ય પોતાની આસપાસની માત્ર ૧૦૦ વાર જમીનને આધારે સારીરીતે જીવી શકે. અને પોતાની એ માન્યતા તેણે પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા સાબિત કરી બતાવી તેણે પોતાના ઘરની આસપાસનાં છોડવાઓ, ઘાસ, ફૂલો તથા જંગલી ફળો આદિ ભેગાં કર્યાં અને પોતાના રાસાયનિક જાદુવડે તેમાંથી સ્વાદિષ્ટ ભોજન, સાબુ, ચીત્ર, અથાણું, મુરબ્બા આદિ વસ્તુઓ બનાવી! અરે, આલાબામાની ધરતીની એ રાતી માટીમાંથી તેણે વાદળી, લાલ ને જાંબુડિયા રંગ બનાવ્યા! તેની આ શોધ તો એવી શકવર્તી હતી કે આજસુધી માત્ર પ્રાચીન કાળના ઈજિપ્શ્યનોને જ જ્ઞાત એવા કાયમી ટકાઉ રંગો તૈયાર કરવાની પદ્ધતિ તેણે શોધી હતી.

રસાયનનો આ રાજા, ખેતીવાડીનો આ સમર્થ સમુદ્ધારક જાતે તો તદ્દન નિસ્પૃહ અને નમ્ર હતો. માનવજાતની સેવા એ જ તેનો આદર્શ હતો. પોતાની વિવિધ અને અસંખ્ય શોધોમાંથી એકે ય વસ્તુનું તેણે પેટંટ લીધું નથી. તેની એકમાત્ર ઈચ્છા હતી કે તે શોધોનો ઉપયોગ લોકકલ્યાણના કાર્યમાં છૂટથી થાય. જે કોઇ ગરજુ તેની પાસે આવતો તે દરેકને તે મફત સલાહસૂચનો આપતો. લકવાના દરદ પર રામબાણ અસર કરે તેવું 'વટાણાનું તેલ' તેણે શોધેલું, પણ તેનું પેટંટ લેવાનો વિચાર પણ કર્યા વિના ડૉક્ટરો અને વૈદ્યોને તે આપી દીધું! વટાણાના છોડને થતો એક ભયંકર રોગ દૂર કરવાની પદ્ધતિ શોધી કાઢવા માટે વટાણા ઉગાડનારાઓએ એક ભારે કિંમતનો ચેક તેને મોકલી આપ્યો, પણ તરત તેણે તે પાછો વાળ્યો! સાંઠાઓમાંથી આરસપહાણ બનાવવાની પદ્ધતિ તેણે પાસેના મિસિસિપિ પ્રાંતની એક કંપનીને આપી દીધી હતી. તે કંપનીને આરસપહાણ બનાવવાના કાર્યમાં કંઇક મુશ્કેલી ઉત્પન્ન થઇ. આથી તેણે કાર્વરને માગે તે પગારે પોતાને ત્યાં જોડાવાની વિનતિ કરી. પણ કાર્વરે તેની સાફ ના લખી દેવાથી તે કંપની જાતે પોતાનું બધું સાહિત્ય લઇ ટસ્કેજી આવી અને ત્યાં પોતાનું કામકાજ શરૂ કર્યું કે જેથી કાર્વરની સલાહ તેને મળી શકે. કાર્વર ઘણી ખુશીથી તેને સલાહસૂચનો આપતો, પણ અલબત્ત, એક પાઇ યે લીધા વિના!

પૈસાની તો કાર્વરને રજમાત્ર ખેવના નહોતી. ટસ્કેજી સંસ્થાની ઑફિસમાં તેના પગારના ચેકોનો વર્ષોસુધી ઢગલો થયા કરેલો, જેનો ઉપયોગ તેણે મૃત્યુની બેત્રણ વર્ષ પહેલાં તે સંસ્થાના જ કામમાં કરેલો. વીજળીના દીવાના સંશોધક અમેરિકાના મહાન વૈજ્ઞાનિક એડિસને વાર્ષિક પોણા બે લાખ રૂપિયાના પગારથી પોતાના પ્રયોગાલયમાં કામ કરવા આવવાની કાર્વર આગળ દરખાસ્ત કરેલી. પણ તે નિઃસ્વાર્થ મહાપુરુષે તેનો અસ્વીકાર કર્યો! આલાબામામાં જ પોતાનું જીવનકાર્ય પૂરું કરવાનો તેનો દઢ સંકલ્પ હતો.

લોકોનું જીવન સુખી બને તથા પોતાની શોધો તેઓ જાણે, માણે તથા તેનો છૂટથી ઉપયોગ કરે એવી લોકહિતની ભાવના જ તેના હૃદયમાં સતત પ્રજ્વલતી હતી. પોતાની આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા તે પોતાના ખર્ચે પત્રિકાઓ આદિ છપાવી દેશભરમાં છૂટથી વહેંચતો, એટલું જ નહિ પણ જાતે તેનો પ્રચાર કરવા ગામેગામ ફરતો. ક્યાંકથી તેણે એક જૂની ઘોડાગાડી શોધી કાઢેલી ને તેમાં ખેતીવાડીની પોતાની ફરતી પ્રયોગશાળા શણગારેલી. ક્યાંકથી ઘોડા માગી આણીને પોતાની વિવિધ શોધોનું પ્રત્યક્ષ પ્રદર્શન કરતો ગામડેગામડે તે ફરતો, અભણ મુગ્ધ ખેડૂતોને ખેતીને લગતી નવીનવી શોધો સમજાવતો તથા તેમને કંઇ પણ મુશ્કેલી હોય તો તે તરત દૂર કરતો અને યોગ્ય સલાહસૂચનો આપતો. આમ કેવળ સેવાભાવથી પ્રેરાઇને તેણે એ હરતીફરતી શાળાની શરૂઆત કરેલી. તેના એ પ્રયત્નોને પરિણામે જ આજે અમેરિકન સરકાર તરફથી અદ્યયાવત સાધનોથી સજ્જ એવી મોટરટ્રકો તે હેતુ માટે ત્યાંના ગામડેગામડે ફરે છે.

કાર્વરની આ અજબ સિદ્ધિઓને કારણે તેને ઠેકઠેકાણેથી માનસન્માન મળવા લાગ્યાં. ૧૯૧૬માં તેને ઇંગ્લંડની રૉયલ સોસાએટી ઑવ આર્ટ્સના સભ્ય થવાનું માન મળ્યું, તથા વિજ્ઞાનના ક્ષેત્રમાં અદ્વિતીય કામગીરી કરનારને અપાતો રૂઝવેલ્ટ-ચન્દ્રક ઇ. ૧૯૩૯માં તેને અપાયો. સિમ્સન કૉલેજે તેને 'ડૉક્ટર ઑવ સાયન્સ'ની ડિગ્રીથી નવાજ્યો. અમેરિકન હબસીને તેની સૌથી ઉચ્ચ સિદ્ધિ માટે અપાતો 'સ્પિનગાર્ન ચન્દ્રક' તથા વેરાએટી કલબનો 'માનવતા પદક' પણ તેને અર્પણ થયા. દેશવિદેશથી તજ્જ્ઞો તેની મુલાકાત તથા સલાહ લેવા આવવા લાગ્યા. વિવિધ દેશોની સરકારો તથા સમિતિઓ ખેતીવાડીના અટપટા પ્રશ્નો બાબત તેની સલાહ પુછાવતી. સ્વીડનના પાટવીકુંવર ૧૯૨૮માં કેટલા યે મહિનાઓ કાર્વર સાથે રહીને ખેતીવાડીના નકામા પદાર્થોનો ઉદ્યોગમાં કેવીરીતે ઉપયોગ કરવો તે શીખી ગયા હતા. ઈંગ્લંડના ડયૂક ઑવ વિંડસરે પણ આશ્ચર્યચકિત બની કલાકો તેની પ્રયોગશાળામાં ગાળ્યા હતા.

૧૯૪૦માં ૭૬ વર્ષના તે વૃદ્ધ વૈજ્ઞાનિકે પોતાની સમસ્ત જિંદગીની બચત, ૩૦ હજાર ડૉલર, ટસ્કેજીમાં ખેતીવાડીનું સંશોધન કરવાને અદ્યયાવત્ પ્રયોગશાળા સ્થાપવા આપી દીધી! 'જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર ફાઉન્ડેશન'ના નામથી ઓળખાતી એ પ્રયોગશાળા માત્ર તેની વૈજ્ઞાનિક સિદ્ધિઓની જ નહિ પણ તેના સખત પરિશ્રમ અને ઉદાર સેવાભાવની પણ પ્રતીક છે. તેનું આ અમર સ્મારક બંધાયા પછી ત્રણ વર્ષે જ ૧૯૪૩માં તે મૃત્યુ પામ્યો.

ખેતીવિજ્ઞાનના આ સમર્થ સંશોધકને એક માત્ર શોખ હતો ચિત્રકળાનો. કુદરતી દેખાવો ચીતરવા પર તેની પીંછીનો અજબ કાબૂ હતો. ફૂલ ચીતરવાની તેની કાબેલિયત તો અદ્ભુત ગણાતી. આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં મુકાત તેનાં ચિત્રો પ્રશંસા પામતાં. તેની શ્રેષ્ઠ કૃતિ 'The Yucca Plant' ટસ્કેજી ઇન્સ્ટિટયૂટની ગૅલરીમાં આજે પણ લટકે છે. તેનો આ શોખ પણ તેની સર્વગામી

વૈજ્ઞાનિક પ્રતિભાના પ્રભાવથી વંચિત ન રહ્યો. ચિત્રો માટેના એ રંગો તેણે આસપાસની માટીમાંથી જ બનાવેલા, કાગળો વટાણાનાં ફોતરાંમાંથી બનાવેલા અને ચિત્રનું ચોકઠું કુશકીમાંથી સર્જ્યું !! માટીમાંથી તેણે માત્ર રંગો જ નહિ પણ મોઢે લગાડવાનો પાઉડર તથા આકર્ષક વાસણો પણ બનાવવાની નવી રીત શોધી કાઢી હતી. આજુબાજુના ખેડૂતોએ જ્યારે આ સસ્તી પણ ઉપયોગી પદ્ધતિ વિષે જાણ્યું ત્યારે તો તેમના આનંદનો પાર ન રહ્યો.

પ્રતિભાશાળી પુરુષોનું યથોચિત સન્માન કરવામાં જાણીતા અમેરિકા દેશે આ મહાન વૈજ્ઞાનિકનું બે રીતે સ્મારક કર્યું છે: એક તો જ્યાં આગળ ગુલામ તરીકે તેનો જન્મ થયો તે ડાયમંડ ગ્રોવ ગામમાં તેનું પૂતળું ઊભું કરવું અને બીજું તેના સ્મરણમાં ૩ સેન્ટની પોસ્ટની ટિકિટો કાઢવી. (જે આ લેખની શરૂઆતમાં આપી છે).

ગુલામ હબસી કોમ જેવી જગતની સૌથી પછાત કોમમાં જન્મી-ને, પ્રતિકૂળ પરિસ્થિતિના અનુલ્લંઘનીય પર્વતો કેવળ કાળજાંતૂટ પરિશ્રમ અને ઇશ્વરદત્ત બુદ્ધિમત્તા વડે ઓળંગીને, જગતમાં સર્વોચ્ચ માનમર્તબો મેળવનાર આ મહાપુરુષનું જીવન એક નવલકથા કરતાં પણ વધુ અદ્દ્ભુત અને વધુ રસદાયક છે. જગતને તેણે બતાવી આપ્યું કે 'क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे.' સામાન્ય લોકો કરતાં કંઇક અસામાન્ય બુદ્ધિમત્તા ધરાવી જગતકલ્યાણના કાર્યમાં પોતા-નો ફાળો નોંધાવનારને જો ઈશ્વરી અંશ ગણવામાં આવતો હોય તો જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર તે માટે સૌ પહેલો હકદાર ગણાશે. કાર્વર મૃત્યુ પામ્યો છે, પણ તેણે જે અભિનવ તથા લોકોપયોગી એવી સેંકડો શોધોનો ડુંગર રચી રાખ્યો છે તે જોઇને ભાવી પ્રજા સૈકાઓ સુધી તેને સંભાર્યા જ કરશે.

---

## નવાં પુસ્તકો

### ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય તરફનાં પ્રકાશનો

**આકાશદીપ** તથા **પરિશેષ** : ગુજરાતના અગ્રણી લેખક શ્રી ધૂમકેતુની નવી તથા જૂની ટૂંકી વાર્તાઓના બે નવા સંગ્રહો: પ્રત્યેકના ૩-૦-૦; **જય સોમનાથ** : શ્રી કનૈયાલાલ મુનશીની જાણીતી નવલ-કથાની ચોથી આવૃત્તિ: ૫-૦-૦; **હિંમતે મર્દા** : રોચક અને પ્રેરક ઇતિહાસકથાઓ દ્વારા બાળકો તથા કુમારોમાં હિંમત તથા ઝિંદાદિલી જગાવતી સાહસગાથાઓ : લે. 'જયભિખ્ખુ', ૧ ૮-૦; **જનેતાનાં દર્દો**: સ્ત્રીઓનાં વિવિધ રોગોની રસિક શૈલીથી ઝીણવટભરી છણાવટ કરી ઘરગથ્થુ નિર્દોષ દવાઓ સૂચવતી અગાઉ 'સ્ત્રી જીવન' માસિકમાં હપ્તે પ્રગટ થએલી લેખમાળાનો સંગ્રહ: લે૦ વૈદ્ય જટુભાઈ ભટ્ટ, ૩ ૮-૦.


### બાલજીવન કાર્યાલય–વડોદરાનાં પ્રકાશનો

**કૃષ્ણકહાણી**(ભાગ-૨) : બાળકોને ગમી જાય તેવી શૈલીથી અ-નેક ચિત્રો સહિત લખાયેલા ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રનો બીજો ભાગ: લે-રમણલાલ નાનાલાલ શાહ, ૧-૦-૦; **માથેરાન** : તે વિષે પ્રવાસ-માહિતી આપતું પુસ્તક: લે--ઉપર મુજબ, ૦-૮-૦; **નરલશા હીરજી** અને **કરોળિયાનો કાળપાશ** : નાનાં બાળકોને આકર્ષક છપાઇ, ઘણાં ચિત્રો તથા રસપ્રદ શૈલીમાં નાનાં વાર્તા–પુસ્તકો આપતી બાલજીવન કિશોર સાહિત્યમાળાની બીજી શ્રેણીનાં બે પુસ્તકો, પહેલાના લેખક–રમણલાલ ના. શાહ અને બીજાના મોહન-લાલ જ. પાઠક, દરેકની કિં. ૦-૬-૦.

### ઇતર

**વીર વાણી**: સ્વામી વિવેકાનંદનાં પ્રેરક વચનોનો નાનો સંગ્રહ: અનુ૦ જયંતીલાલ મં. ઓઝા પ્ર૦ રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, ૦-૮-૦.

# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ



કોઇ પણ વિષય કે કળામાં ખંત, અભ્યાસ ને સાધના સિવાય આગળ વધી શકાતું નથી. 'કુમાર'માં આવતી ફોટોગ્રાફી હરી-ફાઈનો હેતુ છબિ-કલામાં રસ ધરાવતા ઊગતા કલાકારોને ઉત્તેજન આપી માર્ગદર્શન કરાવવાનો છે. અને તે માટે નિયમિત રીતે હરી-ફાઈમાં આવતાં ચિત્રો ઉપર ટીકા–ચર્ચા ઉપરાંત અવારનવાર લેખો અને એ વિષયના મૂળભૂત સિદ્ધાન્તો, જેવા કે પ્રિન્ટિંગ, ડેવેલપિંગ વગેરે પર વ્યવહારૂ ને અભ્યાસપૂર્ણ માહિતીઓ આપવામાં આવે છે, છતાં અમે જોયું છે કે બહુ જ થોડા શિખાઉ શૉખીનો-ઍમેટરો-ખરા જિજ્ઞાસુ કે અભ્યાસીની દૃષ્ટિએ રસ લઇ કામ કરતા હોય છે.

આ વખતે આવેલાં કુલ ૨૨ ચિત્રોમાંથી ઈનામને પાત્ર ગુણવાળું એકપણ ચિત્ર નથી. પણ વિચારપૂર્વક યત્ન એક માત્ર ભાઈ ચન્દ્ર-કાન્ત જોશીનાં 'યોગીરાજ' અને 'ગુરુદેવ' નામનાં બે પોર્ટ્રેટ (તસ્વીર-ચિત્રો) માં દેખાય છે. પણ હાથ આવેલાં આવાં લાક્ષણિક પાત્રોને યોગ્ય 'પોઝ' (બેઠક), રચના, દૃષ્ટિકોણ કે સમુચિત છાયાપ્રકાશમાં યોજીને તેનો લાભ લઇ શકાયો નથી. પોઝ-બેઠક-નું આયોજન તથા છાયાપ્રકાશ એ બંને તસ્વીરકલાનાં આવશ્યક તત્ત્વો છે. બેઠકનું વિચારવંત આયોજન પાત્રની સુયોગ્ય રૂપરચના ઘડે છે, અને ઉચિત છાયાપ્રકાશની રચનાથી તેની લાક્ષણિકતા બહાર કાઢી શકાય છે. તેમાંયે પાત્રનું વ્યક્તિત્વ લાક્ષણિક હોય ત્યારે તેને યથાતત્ત્વ છબિમાં ઉતારવામાં કલાકારના કૌશલની કસોટી થાય છે.

'યોગીરાજ' (જમણી બાજુ)નું ચિત્ર, કૅમેરાને પાત્રની નજીક રાખીને નીચા કોણથી લેવા જતાં છાતીનો ભાગ વધુ પડતો વિશાળ, તે પછી ગળું, મોં, કપાળ વગેરે નાનાં થતાં જઈ મૂળનું પ્રમાણ ગુમાવી બેસે છે, અને મુખાકૃતિ પ્રમાણની બહાર જાય છે. ઉપરાંત, આકરા પ્રકાશથી આંખો અંજાઇને ઝીણી થાય છે તથા મોં ઉપર સપાટ પ્રકાશ આવવાથી તેજછાયાના વર્ણભેદ (ટોન) જુદા નહિ પડતાં મોં પર એક પ્રકારની જડતા આવી જાય છે. પ્રકાશ બહુ હોય તો સફેદ ધોતી કે ચાદરથી તેને હળવો કરી શકાય. બીજા ચિત્ર 'ગુરુદેવ'માં પણ એ જ ક્ષતિ છે, ફોટોગ્રાફ નીચેથી લેવાએલો હોઇ દાઢીના વાળ મોટી ઝાડી જેવા ને કાળામેશ બની તેમાં જરાયે સ્પષ્ટતા રહેતી નથી અને ઉપરનો ભાગ નાનો થતો જઈ અપ્રમાણ બને છે.

આ બંને તસ્વીરો ૪૫° ડિગ્રીના મૃદુ પ્રકાસમાં સારીરીતે ગોઠવી-ને, કૅમેરાનો કોણ (ઍંગલ) દૃષ્ટિરેખાએ (આઈ લેવલ પર) રાખીને લેવાઇ હોત તો જરૂર પ્રશંસાપાત્ર થઇ શકી હોત. **શ્રીદામ ભટ્ટ**

(અનુ૦ પૃ૦ ૭૫થી)આમડાનું સંગીત-સંગ્રહનું ખોખું મૂકયું. એમાંના ઘણા ઉતારા સામાન્ય હતા. જેમકે ‘ગુડ બાય ડૉલી ગ્રે’, ‘હનીસકલ ઍન્ડ ધ બી’ વગેરે. પણ એમાંનાં કેટલાંક ગીત જૂની ઢબનાં છતાં સુંદર હતાં જેમકે ‘એની લૉરી’, ‘રૉબિન ઍડેર’, ‘ધ લાસ્ટ રોઝ ઑવ સમર’. મેં થોડાં સ્કૉચ ગીતો પણ જોયાં. મને સ્કૉચ ગીતો ઉપર પક્ષપાત હતો એટલે મેં ‘બ્લુ બેલ્સ ઑવ સ્કૉટલંડ’ પસંદ કર્યું અને મૅગીને આપ્યું. એ વગાડતી હતી ને હું એ ગીત સાથે ગણગણતો હતો: ‘ઓ વ્હેર ઈઝ માઈ હાઈલૅન્ડ લેડી ગૉન?’

‘સુંદર ! ખરેખર સુંદર !’ મૅગીએ પૂરું કર્યું એટલે હું બોલી ઊઠયો અને મેં તેનો આભાર માન્યો.

શ્રીમતી કિલફર્ડે જણાવ્યું કે મૅગીને શીખવાની તક મળી જ નથી. કયારે પણ અમે સારો દિવસ જોઈશું તો હું મૅગી માટે સંગીત શીખવાની વ્યવસ્થા કરવાની આશા રાખુ છું.

‘હજી બીજું કંઇ વગાડશો ?’ મેં મૅગીને વિનતિ કરી.

‘તમને શું સાંભળવું ગમશે, કહો ?’

મેં ચોપડીમાં જોયું, પણ તેમાં અદ્યતન લોકપ્રિય કે અત્યારના સમાજમાં બહુ ગવાતું એક પણ ગીત નહોતું. એ ચાલુ ગીતોના પડઘા હજી આ ગરીબ વર્ગ સુધી પહોંચ્યા ન હતા. પણ આખરે મને એક ખૂબ સરસ ગીત મળ્યું: ફાઉસ્ટમાંનું ગાઉનૉડ્સનું ફલાવર સૉંગ. મેં એ શોધીને મૅગીને આપ્યું. જ્યારે ગીત પૂરું થયું ત્યારે કેવળ આશ્ચર્યથી હું શાંત બેસી રહ્યો. મેં જોયું કે જેને આપણે ખરા ‘સંસ્કાર’ કહીએ છીએ તે યુરોપના નીચામાં નીચા સમાજમાં પણ ફેલાએલા છે. આ મૅગી જેણે સંગીતની અઘરામાં અઘરી ચીજ વગાડી, એ એક મામૂલી મજૂર છોકરી હતી. મુંબાઇ-કલકત્તામાં જો કોઈ બૅરિસ્ટરની કે કોઈ મોટા શ્રીમંતની છોકરીએ એ જ ચીજ આવી સુંદર રીતે વગાડી હોત તો એને આપણે આપણા સમાજની એક પ્રતિભાશાળી સંગીતકાર તરીકે ઓળખાવી દીધી હોત.

સંગીતની આવી સુંદર ચીજ સંભળાવવા માટે મેં મૅગીનો આભાર માન્યો અને પૂછ્યું: ‘આ બધું તમે આપમેળે શીખ્યાં ?’

‘ના, અમારા પાદરીની પુત્રી પાસેથી હું શીખી છું’

આ પછી નાટકના કેટલાક અભિનેતાઓની વાત નીકળી મેં કહ્યું: ‘હમણાં “મર્ચન્ટ ઑવ વેનીસ”માં ઇર્વિંગ કામ કરે છે. શ્રીમતી કિલફર્ડ અને તમે મારી સાથે જોવા આવો તો હું બહુ રાજી થઈશ. આવશો ?’

શ્રીમતી કિલફર્ડે આભાર માની મારુ નિમંત્રણ સ્વીકાર્યું, પણ મૅગીએ કહ્યું: ‘ઊંચા ભાવની ટિકિટ ન ખરીદશો. એવું કરશો તો અમને નહિ ગમે.’ મેં કહ્યું કે હું કોઈ હિંદી રાજા-મહારાજા નથી, એટલે સામાન્ય ટિકિટ ખરીદીશ તેની ખાતરી રાખજો. એમ કહી હું છૂટો પડ્યો.

૪

ત્રણ મહિના વીતી ગયા. એ દરમ્યાન હું ઘણીવાર એ મા-દીકરીને મળ્યો. હજી સુધી મૅગીના ભાઈના કંઈ જ ખબર મળેલા ન હતા. અંતે શ્રીમતી કિલફર્ડના કહેવાથી મેં ઈંડિયા ઑફિસમાં તપાસ કરી તો ખબર મળી કે સરહદ ઉપરનાં તોફાનો સામે લડતી ટુકડીમાં ફ્રૅન્ક હજી કામ કરે છે. આ સમાચારથી શ્રીમતી કિલફર્ડને આઘાત થયો.

એક સવારે મને મૅગી તરફથી પોસ્ટકાર્ડ મળ્યું, જેમાં લખેલું: ‘શ્રીમાન્ ગુપ્તાજી, મારાં બા માંદાં છે. એને પરિણામે હું એક અઠવાડિયાથી કામે ગઈ નથી. તમેં અનુકૂળ સમયે એકાદ વાર આવી જશો તો હું તમારી ઉપકૃત બનીશ. —મૅગી.’

હું રહેતો હતો તે ઘરની માલિક-સ્ત્રીને મેં આ વાત કરી. તેને મૅગી અને તેની મા સાથેના મારા પરિચયની ખબર તો હતી જ. તેણે કહ્યું, ‘હું તમારી જગ્યાએ હોઉં તો થોડા પૈસા સાથે લઇને જરૂર જાઉં. મૅગી કામ પર ગઇ નથી, એટલે તેને પગાર મળ્યો નહિ હોય, જેથી એ લોકો ખૂબ આર્થિક અગવડ ભોગવતાં હશે.’

આ સાંભળી હું તરત જ પૈસા લઈ લૅમ્બેથ જવા નીકળ્યો. બારણું ઠોકયું એવું જ મૅગીએ તે ઉઘાડયું. તે બહુ થાકેલી ને માંદા જેવી જણાઈ. તેની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. મને જોતાંવેંત તેણે ઉમળકાથી મારો આભાર માન્યો. મેં તેની માતાની તબિયત પૂછી. તેણે કહ્યું: ‘અત્યારે તો એ ઊંઘી ગયાં છે, પણ તેને તાવ ઘણો છે. ડૉકટર કહે છે કે ફ્રૅન્ક વિષે તે બહુ ચિંતા કરે છે તેનું જ આ પરિણામ છે. હજી સુધી ફ્રૅન્ક તરફથી કશા જ ખબર નથી. મને લાગે છે કે કદાચ મારાં બા સાજાં ન પણ થાય.’

મેં મૅગીને સાંત્વન આપવા પ્રયત્ન કર્યો. થોડીવાર પછી શાંત થઇ મૅગીએ મને પૂછ્યું: ‘અમારા ઉપર એક મહેરબાની કરશો ?’

‘શી?’

‘ચાલો દીવાનખંડમાં.’

શ્રીમતી કિલફર્ડ જાગી ન જાય તેવી સાવચેતી રાખતાં ધીમેથી અમે દીવાનખંડમાં ગયાં. મેં મૅગીને પૂછ્યું: ‘બોલો શું છે ?’

મૅગીએ સજળ નયને મારા સામે જોયા કર્યું. પછી એકાએક બે હાથમાં મોં છુપાવી દઈ રડવા માંડી.

હું બહુ કઢંગી પરિસ્થિતિમાં આવી પડ્યો હતો. કેવીરીતે આ ગરીબ બાળાને મારે સાંત્વન આપવું? તેનો ભાઈ સરહદ ઉપરની લડાઈમાં હતો. તે જીવતો હશે કે ખપી ગયો હશે તે ઇશ્વર જાણે! તેની એકમાત્ર આશા સમી તેની મા અત્યારે તાવમાં ફફડતી હતી. તે પણ ચાલી જાય તો તેનું કોણ? તો આવા મોટા શહેરમાં જુવાનીના ઉંબરમાં પગ મૂકતી આ બાળાનું શુ થાય ? મેં મૅગીને આશ્વાસન આપતાં પૂછ્યું: ‘મૅગી, છે શું ? મને કહે તો ખરી? મારાથી બનશે તો હું જરૂર મદદ કર્યા વિના નહિ રહું. પણ મને કહે, શું છે.’

મૅગી થોડી વાર ખચકાઈ. પછી કહ્યું: ‘હું તમને એક વિનતિ કરું; પણ તમને તે કેવી લાગશે? તમને જો તે બહુ ખરાબ લાગે તો મને માફ કરશો ?’

‘પણ છે શું? મારી પાસેથી તું શી આશા રાખે છે?’

‘ગઇ કાલે આખો દિવસ મારી બા તમારા જ વિષે વાતો કર્યા કરતાં હતાં: જો શ્રી ગુપ્તા વીંટીમાં ફરી જુએ તો ફ્રૅન્ક વિષે કદાચ આપણને કંઈક સમાચાર મળે. આખરે તો તે હિન્દુ છે! આટલા માટે જ મેં તમને અહીં આવવા વિનતિ કરેલી.’

‘તારી ઇચ્છા હોય તો લાવ વીંટી, હું ફરી પ્રયત્ન કરી જોઉં.’

‘પણ, ફરી તમને કંઇ ન દેખાય તો?’ તેણે પૂછ્યું. તે શું કહેવા માગતી હતી તે હું સમજી ગયો અને તેથી શાંત બેસી રહ્યો.

તેણે ફરી કહ્યું: ‘મેં સાંભળ્યું છે કે હિંદુઓ સાચાબોલા હોય છે. તમે ફરી વીંટી જુઓ ને મારી બાને એટલું કહો કે ફ્રૅન્ક સાજોસારો છે, તો એ હડહડતું જુઠ્ઠાણું કહેવાય ખરું? અને ભયંકર પાપ કહેવાય?’ બોલતાંબોલતાં તેની આંખમાંથી આંસુ સર્યે જતાં હતાં.

થોડી ક્ષણો હું વિચારી રહ્યો. હું સંપૂર્ણ સત્યવાદી ન હતો. બીજા દોષો પણ ઘણી વખત કરતો. એટલે બીજા દોષોના પ્રમાણમાં આટલું અતિ અલ્પ જુઠ્ઠાણું આચરવામાં શું ખોટું છે? મેં મારી જાતને પૂછ્યું.

‘મૅગી, રડ નહિ;’ મેં મૅગીને પ્રેમળ ભાવે કહ્યું. ‘લાવ વીંટી. મને આપ. ફરી વાર જોઉં. જો મને કંઈ નહિ દેખાય તો તું કહે છે તેમ કહીશ. જો તે ખોટું કર્યું કહેવાશે તોપણ ઈશ્વર મને માફી આપશે.’

મૅગીએ વીંટી આપી. મેં તે લઈ, જોઈ, મૅગીને કહ્યું: ‘જો જોઉં,

તારાં બા જાગી ગયાં છે?'

પા કલાકમાં તે પાછી આવી અને કહ્યું: 'બા જાગે છે. તમે આવ્યા છો તે મેં તેને જણાવ્યું છે.'

'ત્યારે હું તેમને જોવા આવું?'

'હા, ચાલો.'

હાથમાં વીંટી લઇ હું શ્રીમતી ક્લિફર્ડની પથારી પાસે ગયો. નમસ્તે કરીને મેં જણાવ્યું કે તમારો દીકરો સાજોસારો છે, શ્રીમતી ક્લિફર્ડ. એ સાંભળતાંવેંત તેમણે ઓશીકા પરથી સહેજ માથું ઊંચું કર્યું અને પૂછ્યું: 'તમે કાચમાં જોયું?'

'હા.' અચકાયા વિના નિશ્ચિતતાથી મેં જવાબ દીધો. તેમણે ઊંચકેલું માથું, હતું તેમ ઓશીકા પર પાછું ઢાળી દીધું. હર્ષાશ્રુથી તેમની આંખ ભીની બની ગઈ. 'ઇશ્વર તમને સુખી રાખે! ઇશ્વર તમને સુખી કરે!' એમ બેત્રણ વાર ઝીણા સ્વરે તેમણે બોલ્યા કર્યું.

થોડા સમય બાદ શ્રીમતી ક્લિફર્ડ માંદગીમાંથી સાજાં થઇ ગયાંના સમાચાર મને મૅગી તરફથી મળ્યા.

૫

હવે મારે સ્વદેશ પાછા ફરવાનો સમય નજદીક આવતો જતો હતો એટલે લૅમ્બેથ જઇ મૅગી અને તેની માતાને છેલ્લી વાર મળી આવવાનો મને વિચાર આવ્યો. પણ હવે તે કુટુંબ શોકમગ્ન બની ગયું હતું. થોડા જ વખત પહેલાં મૅગીનો એક અશુભ પત્ર મને મળેલો. તેમાં તેનો ભાઇ લડાઇમાં માર્યો ગયાના સમાચાર તેને લશ્કરી અધિકારીઓ તરફથી મળ્યાનું જણાવેલું. મેં સમયની ગણતરી કરી તો જણાયું કે મેં શ્રીમતી ક્લિફર્ડને તેમના પુત્રની જિંદગી માટે ખાતરી આપી તે પહેલાં તે લડાઈમાં માર્યો ગયો હતો! એટલે હવે શ્રીમતી ક્લિફર્ડ પાસે જતાં મને શરમ અને સંકોચ થતાં હતાં. તેથી મૅગી અને તેની માતાને મેં પત્રદ્વારા મારી છેલ્લી સલામ પાઠવી.

જે દિવસે મારે દેશ આવવા સ્ટીમરમાં ચડી જવાનું હતું તે દિવસે સવારમાં મેં નાસ્તો પૂરો કર્યો એવામાં બારણે ટકોરા પડયા. નોકરે ખબર આપ્યા કે કુમારી ક્લિફર્ડ મને મળવા આવેલી છે. તરત જ હું તેની પાસે ગયો. હું ધારતો હતો કે મૅગી મને છેલ્લી વારનાં વંદન કરવા આવેલી છે. તેણે કાળો પોષાક પહેરેલો હતો. તરત જ તેણે પૂછ્યું: 'તમે આજે જ જાઓ છો?'

'હા, આજે જ ઊપડું છું.'

'ઘેર પહોંચતાં કેટલો વખત લાગશે?'

'લગભગ બે અઠવાડિયાં.'

'હવે હિન્દમાં કયાં રહેશો?'

'હું પંજાબ સરકારની નોકરીમાં જોડાયો છું; પણ તરત જ મને કયાં મૂકવામાં આવે એની ખબર નથી.'

'ત્યાંથી સરહદનો પ્રાંત બહુ દૂર છે?'

'ના, તદ્દન નજદીક છે.'

'ફ્રૅન્કની કબર ડેરા ઘાઝીખાન આગળ મનરો કિલ્લામાં છે.' બોલતાંબોલતાં તેની આંખમાં આંસુ આવી ગયાં.

'હું જ્યારે ત્યાં જઈશ ત્યારે જરૂર તમારા ભાઈની કબર પાસે જઈશ અને તમને ખબર લખીશ.' મેં જણાવ્યું.

'પણ તમને તેથી જરા અગવડ નહિ પડે?' તેણે પૂછ્યું.

'લેશમાત્ર નહિ. ડેરા ઘાઝીખાન મારી જગ્યાથી દૂર હોવા સંભવ નથી; અને ત્યાં જઇને હું જરૂર ડેરા ઘાઝીખાન જવા પ્રયત્ન કરીશ. અને તમને બધી વાત લખીશ.'

મૅગીએ આભારવશ થઈ મારી સામે જોયું. ગળગળા થઈ તેણે મારો આભાર માન્યો અને પાકીટમાંથી એક શિલિંગ કાઢી ટેબલ પર મૂકયો: 'તમે જ્યારે ત્યાં જાઓ ત્યારે એક શિલિંગનાં ફૂલ લઈ મારા ભાઇની કબર ઉપર મૂકશો?' તેણે આજીજીપૂર્વક મને કહ્યું.

મારું હૃદય દ્રવી ઊઠયું મારી ભીની આંખ મેં નીચી ઢાળી નાખી. ક્ષણભર મને વિચાર આવ્યો કે મારે તેનો શિલિંગ પાછો આપી દેવો જોઇએ અને કહી દેવું જોઇએ કે અમારે ત્યાં તો વગર પૈસે જોઇએ તેટલાં ફૂલો મળે છે. પણ બીજી જ ક્ષણે ફરી વિચાર આવ્યો કે શા માટે મારે આ ગરીબ બાળાને પોતાના ભાઈ માટેના ઉત્કટ પ્રેમના પ્રતીક રૂપ આટલો ભોગ આપવાનો સંતોષ માણતી અટકાવવી? ખરો પરસેવો ઉતારીને મેળવેલી એ મોંઘી શિલિંગ પોતાના ભાઇના પ્રેમ ખાતર તે જતો કરતી હતી. એ એક શિલિંગમાં તેને અતિ જરૂરની ઘણી વસ્તુઓ તે જરૂર મેળવી શકે. પણ એ જતું કરીને એ કિંમતી શિલિંગ આપી દેવામાં ઉચ્ચ અર્પણનો આત્મસંતોષ તેને રહેશે. તેથી તેનું સંતપ્ત મન આરામ અનુભવી હળવું બનશે. આમ વિચારી મેં તેનો શિલિંગ તરત જ લઇ લીધો અને કહ્યું: 'મૅગી, હું જરૂર આ શિલિંગનાં ફૂલ લઈને તારા ભાઈની કબર પર મૂકી આવીશ.'

તે ઊભી થઈ અને કહ્યું: 'તમારો આભાર કેમ માનવો તે મને સમજાતું નથી. પણ મારે જવાનું મોડું થાય છે, માટે નમસ્તે. મને પત્ર લખશો?'

મેં મૅગીનો હાથ પકડી નમસ્તે કર્યાં અને કહ્યું: 'ઇશ્વર તને સુખી કરે'. મૅગી ચાલી ગઈ.

મારી આંખમાંથી આંસુનાં બે બિન્દુ સરી પડયાં અને હું મારો સામાન તૈયાર કરવા ચાલ્યો ગયો. **વજુભાઈ પટેલ**

(શ્રી પ્રભાતકુમાર મુખોપાધ્યાયની વાર્તાનો અનુવાદ)

## નવાં પુસ્તકો

**મારી જીવનકથા:** માત્ર હિંદમાં જ નહિ પણ જગતભરનાં સાહિત્યમાં આવકાર પામેલી, પંડિત જવાહરલાલ નહેરુની આત્મકથા: જેમાં સાથોસાથ ઇ. ૧૯૧૩થી આજ સુધીનો લગભગ ચાર દાયકાનો હિંદની સ્વાતંત્ર્ય-સાધનાનો ઇતિહાસ પણ પશ્ચાદ્ ભૂમિકામાં વહેતો આવે છે. વિસ્તૃત ઉપોદ્‌ઘાત તથા સૂચિ સાથે લગભગ ૭૫૦ પાનાંવાળી નવી, સુધારેલી ત્રીજી આવૃત્તિ. મૂળ અંગ્રેજીમાંથી ઉતારનાર સ્વ. મહાદેવ હરિભાઈ દેસાઈ; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૬-૦-૦ **બાળકો અને માતાઓની સંભાળ:** સગર્ભાં સ્ત્રીઓ તથા ધાવણાં બાળકોની માતાઓને ઉપયોગી માહિતી પૂરી પાડતી ગુજરાત સંશોધન મંડળની અભ્યાસપૂર્ણ ઉપયોગી આરોગ્ય પત્રિકા નં. ૫; મુખ્ય વિક્રેતા-એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૦-૮-૦; **ચાર કથાકાવ્યો:** શ્રીમદ્ ભાગવતમાંના ૪ જાણીતા પ્રસંગો પર લખાએલાં કાવ્યોનો સંગ્રહ: લે૦ અને પ્ર૦ ઉપેન્દ્રરાય વોરા, સવાઇગરાનો મઠ, કચ્છ-માંડવી, ૦-૬-૦; **બાલનિબંધ:** પ્રાથમિક શાળાના ધોરણ ૧લાના વિદ્યાર્થીઓને નિબંધ લખતાં શીખવતું પુસ્તક: પ્ર૦ અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ. **બ્રહ્મઅતિથિ:** કવિવર નાનાલાલનાં જીવન અને કવનનો પરિચય કરાવતાં પદ્યરૂપે તેમને અર્પાએલી શ્રદ્ધાંજલિ: લે૦ હસિત બુચ, પ્ર૦ જયદેવ બ્રધર્સ, આત્મારામ રોડ, વડોદરા, ૧-૦-૦; **મોત ઉપર મનન:** મોતની આવશ્યકતા સમજાવી તેને લગતા વહેમો તથા ભય-શોક દૂર કરતું, તથા મૃત્યુ અને મૃત્યુ પછીની સ્થિતિ વિષે વિસ્તારપૂર્વક અભ્યાસયુક્ત માહિતી. જગતની ૧૬ ભાષામાંથી મૃત્યુને લગતાં અનેક અવતરણો રજૂ કરતું દળદાર પુસ્તક: લે૦ પ્રો૦ ફિરોઝ કાવસજી દાવર; પ્ર૦ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૪-૦-૦.

# Our Friends Abroad

જગતસંપર્ક સાધતે
પત્રમિત્ર

[આ પત્ર મેળવનાર · શ્રી. જી. એલ. શ્રૉફ ૧૧/૩ સાકર બજાર, અમદાવાદ-૨] ——— વિભાગ

E. Van Hees
Deftlaam 145 HAARLEM (Holland)
5th February 1948

પ્રિય શ્રૉફ,

ગઈ કાલે મળેલા તમારા માયાળુ અને રસભર્યા પત્ર માટે ઘણો-ઘણો આભાર. વળી તમે કાગળ પર ચોડેલી સુંદર ટિકિટો માટે પણ તમારો ઘણો જ આભાર. મને તે ઘણી સારી સ્થિતિમાં મળી. મેં મારા ગયા પત્ર પર ચોડી મોકલેલી ટિકિટો પણ ખરાબ થયા વિના તમને મળેલી કે? આશા છે કે મળી હશે.

હવે પહેલવહેલું તો એ કહું કે મહાત્મા ગાંધીના મૃત્યુના સમાચાર સાંભળીને અમને બધાંને કેવો સખત આઘાત લાગ્યો હતો! તેમના જવાથી જગતે એક મહાન નર ગુમાવ્યો છે, અને ખાસ કરીને હિંદને માટે તો એ ન પુરાય તેવી ખોટ છે. વળી તેઓ એવે વખતે ચાલ્યા ગયા કે જ્યારે અગાઉ કદી નહિ એટલો તેમનો ખપ હતો અને જ્યારે હિંદે તેમનો ઘણા ઉત્તમ કાર્ય માટે લાભ લીધો હોત. ખરેખર, જગતમાં મહાત્મા ગાંધી જેવી વ્યક્તિ ફરી ઉત્પન્ન થતાં ઘણો દીર્ઘ કાળ લાગશે,—એવી વ્યક્તિ જો પેદા જ થવાની હશે તો!

મારે તમને કેટલાક પ્રશ્નો પૂછવા છે, પહેલો એ કે પાકિસ્તાનનો ધ્વજ કેવો છે? બીજો એ કે તમારા દેશ તથા મહત્ત્વનાં શહેરોના થોડાક ફોટો કે ચિત્ર-કાર્ડ મને મોકલી શકશો? તો મને એ બહુ જ ગમશે. મેં મોકલેલાં કાર્ડ તમને મળી ગયાં જાણી રાજી થયો. ઘણા વખત પર મેં તે પોસ્ટ કરેલાં હોવાથી તમને તે મળ્યાં હશે કે નહિ તેની મને શંકા હતી. એવાં થોડાંક વધુ મોકલું તો તમને ગમશે?

અમારા શહેર વિષે મેં તમને થોડુંઘણું તો લખ્યું હતું ને? હવે એથી ખાસ વધુ કહેવા જેવું નથી. હાલ અમારા હાર્લેમ (Haarlem)ની વસતિ લગભગ ૧,૪૦,૦૦૦ની છે, પણ તેમાંનો મોટો ભાગ અહીંનો રહેનારો નથી, તેમને અમે 'ફૉરેન્સેન' (Forensen) કહીએ છીએ. તેઓ આમ્સ્ટર્ડામ કે હાગની ઑફિસોમાં અથવા આસપાસનાં સ્થળોએ કામ કરે છે. મને લાગે છે કે હાર્લેમ સૌથી પ્રખ્યાત તો તેની ફૂલવાડીઓને માટે છે. આ વર્ષે ફૂલો પૂર બહારમાં ખીલશે એવાં જ મારા કૅમેરા વતી હું થોડાક ફોટો લેવા ધારું છું અને જો તે સરસ આવશે તો તમને મોકલીશ. અહીં વળી કેટલાંક કારખાનાં યે છે, પણ તે બહુ અગત્યનાં નથી. મુખ્યત્વે અહીં મોજાં અને કોરફિનારીઓનાં તથા લોખંડ ને પોલાદનાં કારખાનાં છે. અને ખાસ કહેવા જેવી છેલ્લી વાત એ કે અમારું નગર હૉલાંડમાં સૌથી જૂનું છે. ચોક્કસ તારીખ તો નથી જાણતો, પણ હું માનું છું કે લગભગ ૯મી સદીથી તેની તવારીખ શરૂ થાય છે. અનેક પુરાણી ઇમારતો અહીં છે. દા.ત. અમારું શહેર-સભાગૃહ; ઉપરાંત ઘણાં દેવળો, મઠો વગેરે.

મારા ટિકિટસંગ્રહ વિષે કંઇક જણાવવાનું તમે લખ્યું છે. ઠીક. મારી પાસે હાલ લગભગ ૨,૦૦૦ ટિકિટો છે. યુદ્ધ પહેલાં એક વરસથી મેં ટિકિટો ભેગી કરવાનું શરૂ કર્યું હતું. યુદ્ધ દરમ્યાન તો મને ખાસ નવી ટિકિટો ન મળી, પણ હવે તો સંખ્યા રોજ બ-રોજ વધતી જ રહી છે. અને અત્યારે હું એક સારા આલ્બમની શોધમાં છું. પણ તે મેળવવું સહેલું નથી. મેં થોડાંક જોયાં, પણ તેનો કાગળ ઘણી ખરાબ જાતનો હતો અને વળી તે અદ્યતન પણ નહોતાં. મને જો એકાદ સારી જાત મળી આવશે તો તમને પણ એક મોકલીશ.

આવતી કાલે મારાં બા અને હું એચ. ઓ. વી. (અમારા શહેરની સંગીત મહેફિલ-Orchestraનું ટૂંકું નામ)ના જલસામાં જવાના છીએ અને કદાચ જીનેત હેવન (Ginette hevne) નામે એક પ્રખ્યાત ફ્રેન્ચ વાયોલિન ઉસ્તાદને સાંભળવા અમે શનિવારે આમ્સ્ટર્ડામ પણ જઇશું. તા.૧૩મી અને ૧૯મી ફેબ્રુઆરીએ મારે પણ સંગીતના બે જલસામાં ભાગ લેવાનો છે: એક મારી શાળાનો અને બીજો મારા સંગીત વિદ્યાલયનો. જર્મન સંગીતશાસ્ત્રી ફેલિક્સ મેન્ડેલ્સ્ટોહન(Felix Mendelstohn)ની બે ચીજ મારે વગાડવાની છે. તમને તેનું નામ સુપરિચિત છે? તમે સંગીતનું શિક્ષણ લીધું છે? તમને તેમાં રસ છે ખરો? મારી તો ખાત્રી થઈ ગઇ છે સંગીત અને પિયાનો વિના મારું જીવન તો શૂન્યવત્ થઈ જાય. દુઃખની વાત છે કે તેની પાછળ હું વધુ વખત આપી શકતો નથી. મારો શાળાનો અભ્યાસ જ મારો લગભગ બધો વખત રોકી લે છે. પણ તેની હું કંઇ બહુ ચિંતા કરતો નથી, કારણ કે મને શાળાનો અભ્યાસ પણ પ્રિય છે. શાળાના મેં પસંદ કરેલા અભ્યાસક્રમમાં મારે લુપ્ત થએલી લૅટિન અને ગ્રીક ભાષા જેવા મહત્ત્વના વિષયો શીખવાના હોય છે. અમે ઢગલાબંધ અનુવાદો કરીએ છીએ અને કવિતાનાં પુસ્તકો વાંચીએ છીએ. લૅટિન ભાષાના લેખકોમાં વર્જિલ, લીવી અને સીઝર અમારે વાંચવાના છે. અને ગ્રીક ભાષાના લેખકોમાં હોમર, પ્લેટો ને હૅરૉડ. તમે તેમનાં નામ તો સાંભળ્યાં હશે. મને ભાષાંતર કરવામાં ઘણો રસ પડે છે અને તેમાં ય જ્યારે કોઇ લાંબા ને મુશ્કેલ વાક્ય પાછળ ઘણો લાંબો વખત ગુંચવાવું પડે ત્યારે તો મને ઘણો આનંદ થાય છે.

અમારા શાળા-જીવન વિષે હવે થોડુંક કહું. અમારે અહીં એક મંડળ છે, જેના ભાગ્યે જ કોઈ સભ્ય નહિ હોય. વળી અમારું પોતાનું પત્ર છે જેમાં દરેક જણ વાર્તા, વિવેચન કે કવિતા આદિ લખી શકે છે. ઉપરાંત, અમારા એ મુખ્ય મંડળથી સંચાલિત વિવિધ નાનાં મંડળો છે. દા. ત. સંગીત-મંડળી, વિવાદ-મંડળ વગેરે. અમારા વિવાદ મંડળમાં હાલ અમે જર્મન યુવકો વિષે, અને તેમને મદદ કરવી જોઈએ ને કરી શકીએ કે નહિ તે વિષે ચર્ચા કરીએ છીએ. તે અહીં આજે એક ઘણો મહત્ત્વનો પ્રશ્ન અને મુશ્કેલ કોયડો થઈ પડચો છે.

વારુ ત્યારે શ્રૉફ, હવે મારો અભ્યાસનો વખત થયો છે. બીજું વધારે હવે તમારો જવાબ—જે તરત આવશે એવી હું આશા રાખું છું—આવ્યા બાદ લખીશ તમારા પોતાના ફોટો (મને તો એ બહુ સુંદર લાગ્યો) માટે આભાર માનવાનું તો હું ભૂલી જ ગયો હતો. તે માટે આભાર. આશા રાખું છું કે જે જાણવાની તમને જિજ્ઞાસા હતી તે બધી બાબતો મેં જણાવી છે. તમે પણ વહેલી તકે ઘણુંઘણું લખી મોકલશો ને? વારૂ ત્યારે, નમસ્તે. તમારો ઈ. વાન હીઝ.

## INDIAN PEN FRIENDS

(28) Suresh Amin, Pethe Building, 15 Chitranjan Road, Vile-Parle, Bombay-24—19, Photography, film-stars, dancing; (29) Himatlal Mohanlal Mahida dia, Bhawsar Chawk, Barwala (Ghela shah) Dist-Ahmedabad—17, Science, stamps; (30) Mohanlal Jethalal Gandhi, 1230 Talia's Pole, Sarangpur, Ahmedabad—17, Photography stamps; (31) Punamchand

Fulchand Gandhi, C/o Navanitlal F. Gandhi, Navi Khadki, Mahudha(Dist-Kaira)—16, Drawing, touring; (32) Kantilal Virchand Patel, Vallabh Road, Gozaria (Baroda State)—13, Reading; (33) Vinubhai Manilal Gandhi, C/o Badasa Pole, Dumral Bazar, Nadiad(B.P) —26, Exercise, sports, science; (34) Harinand Manishankar Oga, Bhadavani Street, Bhavnagar—20, Stamps, correspondance; (35) Maheshchandra Chimanlal Pattni, Kharchiker's Lane, Behind Raopura G.P.O, Baroda—18, Photography, cinema, literature; (36) Prabhubhai Purushottamdas Patel, New Houses, Bhailal Bhuvan, Karamsad (Via Anand)—18, History, literature; (37) Bakulkumar Dolarray Mankad, New Houses, Bhailal Bhuvan, Karamsad (Via Anand)—20, Music, photography, spinning; (38) Arunkumar Purushottamdas Patel, Bhailal Bhuvan, Navi Pole, Karamsad, via Anand, (Gujarat)-20, Outdoor sports, autographs, literature; (39) Ramanbhai A. Patel, near Nagarwada, Sinor, Via Miyagam (Gujarat)—16, Cricket, literature; (40) Vijay L. Parekh C/o Laxmichand O. Parekh, opp. Majan Boarding Satya Vijay Bhoovan, Digvijay plot, Jamnagar(Kathiawar)—19, Music, literature; (41) Imdadhussin Shaikh Tayubbhay, Tayebpura, Sidhpur (North Gujarat)—17, Coins, stamps, drawing; (42) Chandrakant K. Bakshi, Khoda Limda, Palanpur (North Gujarat)—16, Stamps, coins, cricket; (43) Bipinchandra Haridas Udeshi, C/o Babulal R. Sampat, Nagarwada, Rajkot c.s (kathiawar)—16, Literature, Indian games, journalism; (44) Khushal C. Pittalia, Near Shanti Sadan, Palitana (North Gujarat)— 17, Stamps, drawing, (45) Dhiru G. Bawishi C/o H. B. Gnan Gruah, Jamnagar—18, Literature, games, music; (46) Shashikant V. Undavia, C/o Vithaldas H. Undavia, DY. S. P. of Western Division, Rajkot C.S. (Kathiawar)—17, Indian games, drawing, Journalism; (47) Kailasray Manilal Trivedi, 660 A 2/3 Krishna Kunj, out side Delhi gate, opp. Painter garden, Ahmedabad—21, Literature, drawing; (48) Chandrakumar Kantilal Shah, B.SC., L. D. Arts College, Biology Department, Ahmedabad-9—21, Correspondance. (49) Kantilal Popatlal Gandhi, Aveda Gate, Botad (Kathiawar)—19, Stamps; (50) Rajanikant C. Soni, Amin Pole, Gozaria (North Gujarat)—22, Music, photography, travelling; (51) Sultan M. Noorani, Sultan Cottage, Devjibhai Garden, Bhavnagar (Kathiawar) —21, Correspondance; (52) Anil Rasiklal Vakil, 418 Lamington Road, Bombay-16, Stamps, sports, photography; (53) Dinker Rasiklal Vakil, 418 Lamington Rd, Bombay-20, Games, music. (Please Mention 'Kumar' monthly from Ahmedabad, India, while writing to any of the above pen-friends.)

પોતાને જોઇતા કોઇ પણ દેશમાંના પત્રમિત્રનાં થોડાંક સરનામ મેળવવા ઇચ્છનારે નીચેના સરનામે પત્ર લખીને મંગાવવાથી મળી શકશે. તે માટે પૈસા મોકલવાના હોતા નથી, પણ જવાબ માટે જરૂરી પોસ્ટેજ મોકલવાનું હોય છે. સરનામું: Dr. Suen V. Knudsen, The Directory of Boys & Girls of All Nations, 62 Veslersohus, COPENHAGEN, (Denmark).

(માહિતી મોકલનાર: ઘનશ્યામ શાસ્ત્રી, નડિયાદ.)

## જર્મનીનાં પત્રમિત્રોનાં સરનામાં

નીચે આપેલાં બધાં જ સરનામાં જર્મનીનાં છે. આથી પત્રવ્યવહાર કરનારે દરેકના ગામને છેડે (છેલ્લા સરનામાં સિવાય) Germany, British Zone એટલું ઉમેરી લેવું.

(1) Hans-Jurgen Konig, 24b Heidgraben NW U Uetersen bei Hinr Ahrens—Sex: Boy, Age: 17, Hobbies: Art, literature, music, education; Wanted Pen-friends: Boy; (2) Hans-Edgar Schoof, 22a Essen-West, Mommsenstr. 49—Boy, 18, Stamp-collecting; Boy or girl; (3) Werner Eichstadt, 22a Essen-West, Kerckhoffstr. 138—Boy, 20, Music; Boy or girl; (4) Helmut Schleicher, 24b Lutjenburg (Ostholst), Neverstorferstr. 12—Man, 30, All interesting Man or Woman; (5) Hans Schiweck, 22a, Essen, Spichernstr. 26—Boy; 21, Art, literature, music, sports, politics; Boy or Girl; (6) Erich Schneyder, 22a Dusseldorf-Gerreshein, Friedingstr. 18—Boy, 17, Stamp-collecting, technics: Boy; (7) Friedrich Friesen, 21b Bochum-Weitmar i. Westf. Schlobstr. 116—Boy, 21, Art, life; Boy or girl. (8) Harald Kottenhoff, 21a Bielefeld, Wellensiek 184—Boy, 14, Sports, natural history, drawing; Girl or boy; (9) Heiner Bosse, 20b Wittmar/Wolfenbuttel, Asseweg 29—Boy, 16, All interesting; Girl; (10) Horst Keller, 22c, Dieringhausen, Aggerstr. 8—Boy, 19, Daily life; Boy-scout; (11) Arno Israel, 21b Dortmund-Brechten, Alte Holthauserstr. 23—Boy, 16, All interesting; Boy or girl; (12) Helmut Sonnke, 24b Hamburg-11, Kuhberg 16 b/Kruse—Boy, 19, Technics, geography, travel, philosophy; Boy or girl; (13) Winfried Arlt, 24a Hamburg-Bahrenfeld, Reichardtstr. 26 III—Boy, 13, Sports, stamp-collecting; Boy or girl; (14) Karl Wilp, 21b Witten/Ruhr, Augustastr. 54—Boy, 15, Music, tennis, latin; Boy or girl; (15) Wolf-Rainer Kroll, 21b Witten-Annen, marktweg 18—Boy, 18, Music, poems, natural philosophy; Boy or girl; (16) Werner Rieken, 22a Emmerich/Rhein., Alte's Heerenberger Strasse 68,—Boy, 18, Sports, travels; Boy or girl; (17) Gunther Burgsmuller, 22a Oberhausen/Rhld., Nathland str. 45-Boy, 19, Culture, nature, art, literature; Boy; (18) Hans Schneider, Schluchtern, Dreibruderstr. 16, Germany, U. S. Zone-Boy, 20, Countries, religions specially of India, Old temples and towns; Boy or girl.

(ઉલ્લેખ : કૃષ્ણવદન જેટલી, અમદાવાદ)



# માધુકરી

બેસી જનારા! કોણ દેશે બેસવા?
આ હર ઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં;
આશા ત્યજો આરામ-સેજે લેટવા
આગે કદમ! આગે કદમ! આગે કદમ!
—ઝવેરચંદ મેઘાણી

## જગવિખ્યાત હિંદી સાઈકલિસ્ટ—જાનકીદાસ

ઝડપથી સાઇકલ ચલાવવાનો જગતભરનો વિક્રમ (record) પોતાની અનન્ય શક્તિ અને નૈપુણ્ય વડે તોડીને આજ સુધી જેને કોઇ આંટી શક્યું નથી એવો નવો જ વિક્રમ પ્રસ્થાપિત કરી હિંદનું નામ જગતભરમાં પ્રસિદ્ધ કરનાર પંજાબના ભડવીર જાનકીદાસનું જીવન હિંદને માટે મગરૂબીનો વિષય છે. કોઈના સાથ સાધનોની મદદ ન હોવા છતાં દુર્દમનીય ધૂન અને અશ્રાંત પરિશ્રમ વડે સાઈકલિંગની હરીફાઇમાં હિંદનું નામ તેમણે ઉજ્જવલ અક્ષરે લખાવ્યું છે.

લાહોરના એક સામાન્ય કુટુંબમાં તેમનો જન્મ થએલો. નાનપણથી જ સાહસ અને તોફાનમાં હમેશાં આગળપડતો ભાગ લેનાર તે નવજવાન જ્યારે કૉલેજમાં બી. એ. ના વર્ગમાં હતો ત્યારે તેના સમગ્ર જીવનને પલટો આપતો એક બનાવ બન્યો. ત્યાં તેને શકુંતલા નામની એક યુવતી સાથે પ્રણય થયો અને તે માનધન યુવતીએ એક દિવસ જાનકીદાસને કહ્યું, 'દરેક યુવાને કોઈ પણ ક્ષેત્રમાં કીર્તિ મેળવવી જોઇએ એમ મને લાગે છે. લેખક, દેશસેવક, કલાકાર, શ્રેષ્ઠ ખેલાડી, એવું કંઇક તને થવું નથી ગમતું? સાઇકલિંગ તરફ જરા તું વધારે ધ્યાન આપ. આપણા દેશમાં હજુ કોઇએ આ ક્ષેત્ર તરફ ધ્યાન આપ્યું નથી. તું ધારે તો તે ક્ષેત્રમાં કીર્તિ મેળવી શકે.'

બસ. જાનકીદાસના લક્ષ્યહીન જીવનને એક ધ્યેય મળી ગયું. કૉલેજનાં પુસ્તકોને તેણે રામરામ કર્યા. મિત્રોને પણ મળવાનું બંધ કર્યું અને પોતાની વિશ્વવિજયી સાઈકલને હાથમાં લીધી. સાઈકલિંગનું શિક્ષણ તેને કોઈના તરફથી મળે તેમ નહોતું, તેથી તેણે સ્વાનુભવે જ પોતાની પદ્ધતિ નક્કી કરી લીધી. તેણે જોયું કે સાઈકલ ચલાવતી વખતે બે વાત ખાસ ધ્યાનમાં રાખવાની હોય છે: (૧) શરીરના કોઈ પણ ભાગ પર વધુપડતું દબાણ ન આવવું જોઈએ અને (૨) પવનનો અવરોધ શક્ય તેટલો ટાળવો જોઇએ. આ માટે તેણે સાઈકલની બેઠક હૅંડલબાર કરતાં ઊંચે બેસાડી લીધી.



ત્રણ મહીના સુધી સખત પરિશ્રમ કર્યા પછી તેણે પંજાબ યુનિવર્સિટીની ૪ માઈલની સાઈકલ-હરીફાઇમાં ભાગ લીધો. ૧૪ કૉલેજો તરફથી આવેલા ત્રેવીસ જેટલા ઉમેદવારો સાથે પોતાની સાદી સાઈકલ સાથે જ્યારે જાનકીદાસ હરીફાઇના મેદાન પર ઊભો રહ્યો ત્યારે ભાગ્યે જ કોઇને તેના માટે આશા યે હતી. પણ હરીફાઈ શરૂ થતાં જ જાનકીદાસે એક પછી એક બધાને પાછળ પાડી દઇ

### માસમાસનાં પંખી—૨૭
### ચીબરી



પોતાના કઠોર કર્કશ અવાજથી સાંજે કે રાત્રે નિસ્તબ્ધ શાંતિમાં દર્દ ને મૃત્યુના પડઘા પાડતું આ પંખી જમાનાઓથી આપણે ત્યાં અપશુકનિયાળ મનાયું છે. હિંદભરમાં વ્યાપક એ પંખી છે તો ઘુવડની જ જાતનું; પણ ફેર એટલો કે ઘુવડ દિવસે બહાર નીકળી શકતું નથી, જ્યારે આ તો ઉનાળાને ખરે બપોરે નજરે પડે છે મનુષ્યથી ઝટ ન બીએ તેવું તે ધીટ હોઈ વસતિની પાસે જ મોટે ભાગે તેના ધામા હોય છે.

ગુજરાતનાં પાંચેક જાતનાં ઘુવડમાં સૌથી નાનું, હોલા જેવડું આ પંખી સંસ્કૃતમાં ચિરિલ્વકા અને અંગ્રેજીમાં Spotted Owlet કહેવાય છે. ભૂખરા-બદામી રંગના શરીર પર સફેદ ટપકાં, મોટા ભારે માથામાં અંગારા જેવી ચળકતી આંખો, એ આંખોની આજુબાજુ તેને બિહામણું સ્વરૂપ આપતાં ધોળાં ચકરડાં, ગોળ પાંખો અને ટૂંકી પૂંછડી, એ તેનાં પ્રમુખ લક્ષણો.

નાનાં જીવજંતુ એ તેનો ખોરાક. છતાં લાગ મળ્યે ઉંદર, ગરોળી કે પંખીનાં બચ્ચાં પણ તે આરોગી જાય! વહેલી સવારે વાડ કે વીજળીના થાંભલા પર કે આંગણામાં બેસી નિરાંતે સહસ્રવિધ જંતુઓ આરોગતું નજરે પડતું આ પંખી ખેતીને ઉપકારક છે.

પણ સૌથી રસિક ને અદ્‌ભુત વાત છે તેની વાણીની. મિઠાશ કે નિયમિતતા વિનાની તેની વાણીના વિવિધ ઉચ્ચાર પરથી પ્રાચીન શાકુનિકોએ અનેક સારાનરસા અર્થો ઘટાવ્યા છે. સાંજથી શરૂ કરી આખી રાત ચાલ[illegible] તેના એ પૈશાચિક સંગીતે ભલભલા ચમરબંધીઓનાં પણ ગાત્ર શિથિલ કરી નાખ્યાં છે.

ઝાડની બખોલ કે ભીંતના બાકામાં રહેતું આ પંખી માર્ચ કે એપ્રિલમાં ૩ થી ૪ સફેદ ગોળ ઈંડાં મૂકે છે. ('વનેચર'ના લેખ પરથી)

કેવળ ૧૧ મિનિટ ને ૧૨ સેંકડમાં તે અંતર પૂરું કરી પહેલો નંબર મેળવ્યો. આમ અગાઉનો ઉચ્ચાંક (record) ૨૫ સેકન્ડથી તોડીને નવો જ વિક્રમ તેમણે કર્યો જેનેઆજ સુધી કોઇ પહોંચી શક્યું નથી.

ત્યાર બાદ ઈ. ૧૯૩૫માં કલકત્તા ખાતે આંતરપ્રાંતીય યુનિવર્સિટીઓની સાઈકલ હરીફાઇમાં ભાગ લઈ તેમાં પણ રમતવાતમાં પ્રથમ નંબર મેળવ્યો. હવે તેમણે આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ભાગ લઈ પોતાનું ખમીર બતાવવાનો નિશ્ચય કર્યો. તે માટે પહેલાં તો તેમણે છાપાંમાં લેખો લખીને પંજાબમાં ઑલિંપિક રમતોમાં સાઇકલિંગને સ્થાન અપાવવા પ્રચાર માંડ્યો. પરિણામે પંજાબની ઑલિમ્પિક સંસ્થાએ ૫૦ માઇલ લાંબી સાઇકલિંગ હરીફાઇ રાખી.

તરત જાનકીદાસે તે હરીફાઈ માટે તૈયારી કરવા માંડી. લાહોરથી ૩૫ માઈલ દૂર આવેલા અમૃતસરમાં રોજ સાઈકલ પર જઈ પાછા આવવાનું તેમણે શરૂ કર્યું ને ૪૦ દિવસ સતત ટેવ પાડીને તે ૭૦ માઇલનું અંતર માત્ર પોણા ત્રણ કલાકમાં કાપીને જગતના કોઇપણ સાઇકલિસ્ટ

## હોળી

આપણા સર્વ તહેવારોમાં સૌથી જૂનો ને કાશ્મીરથી કન્યાકુમારી સુધી એકસરખો લોકપ્રિય જો કોઈ તહેવાર હોય તો તે હોળી. મૂળે તો તે વસંતોત્સવ તરીકે શરૂ થએલો. શિયાળાની કડકડતી ઠંડી પછી પાનખરમાં વનઉપવનની ભવ્ય શોભાનો જે સર્વનાશ થાય છે તેમાં વસંતાગમનને લીધે નવું તેજ, નવો પ્રાણ પ્રવેશે છે. આમ વસંતનું નવજીવન સર્વ સ્થળે વ્યાપી જતાં તેના આનંદપ્રદર્શન તરીકે હોળી સળગાવવાની પ્રથા શરૂ થઇ હોય એમ લાગે છે. એ દૃષ્ટિએ તેને વસંતોત્સવ નામ સાર્થ રીતે આપી શકાય.

પણ જેમ બળેવ બ્રાહ્મણોનો, દશેરા ક્ષત્રિયોનો ને દીવાળી વૈશ્યોનો તહેવાર ગણાય છે, તેમ હોળી એ શૂદ્રોનો તહેવાર ગણાય છે. હોળીના દિવસો નીચલા વર્ણ માટે તો મહા આનંદના દિવસો છે. તે દિવસે રાજાપ્રજા, ઉચ્ચનીચ બધા એક થઇ એકબીજા પર રંગ ઉડાડી આનંદ માણે છે. આજે પણ હિંદી લશ્કરમાં સૈનિકો તે દિવસે અમલદારો પર રંગ છાંટવાની છૂટ ધરાવે છે. હોળીને દિવસે અંત્યજને અડવું જ જોઈએ એવું એક શાસ્ત્રવચન પુરાણમાં પણ છે, તે પણ નીચલા વર્ણને-અનાર્યોને સમાન ભાવે પોતાનામાં મેળવી લેવા માટે જ હશે.

આ તહેવારની ઉત્પત્તિ બાબત જુદાજુદા પ્રાંતોમાં વિવિધ લોકવાર્તાઓ પ્રચલિત છે. પ્રહ્લાદને મારી નાખવાની હિરણ્યકશિપુની આજ્ઞાથી તેની બહેન હોળિકા રાક્ષસીએ તેને પોતાના ખોળામાં બેસાડીને આ દિવસે મોટી હુતાશનીમાં પ્રવેશ કરેલો, જેમાં અંતે તે પોતે જ બળી ગઈ, પણ પ્રહ્લાદનો તો વાળ સરખો યે વાંકો ન થયો, એ લોકકથા આપણામાં સૌથી વધુ પ્રચલિત છે. ઉત્તર તરફના લોકો વળી એમ માને છે કે કૃષ્ણને ઝેરી દૂધ પાઇ મારી નાખવા આવેલી પૂતના રાક્ષસીનું કૃષ્ણને હાથે મૃત્યુ થતાં તેને આ દિવસે બાળવામાં આવેલી ને ત્યારથી આ તહેવાર પ્રચલિત થયો. મહારાષ્ટ્રના લોકો ભવિષ્ય-પુરાણને આધારે એવી માન્યતા ધરાવે છે કે પૂર્વે ઢૂંઢા નામની રાક્ષસી નાનાં છોકરાંને ખૂબ હેરાન કરવા લાગી ત્યારે ગામના લોકોએ બીભત્સ ગાળો તથા શાપ આપીને અને ઠેરઠેર પ્રચંડ અગ્નિ સળગાવીને તેને બીવડાવીને ગામની બહાર હાંકી કાઢવા આ વિધિ શરૂ કરેલો. કઠણ તપસ્યા કરતા ભગવાન શંકરને ચળાવવા કામદેવે જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે શિવે ક્રોધિત બની પોતાના તૃતીય નેત્ર વડે મદનને આ દિવસે બાળીને ભસ્મ કરી નાખ્યો એમ દક્ષિણ તરફના લોકો માને છે. આમ, કોઈ પણ અનિષ્ટના નાશના આનંદના તહેવાર તરીકે આને ગણવામાં આવે છે.

પ્રાંતેપ્રાંતે આ તહેવારનાં નામ પણ વિવિધ છે. ઉત્તરમાં હોળી કે હોલિકાદહન, મહારાષ્ટ્રમાં શિમગા, દક્ષિણમાં કામદહન અને બંગાળ બાજુ દોલયાત્રા તરીકે તે ઓળખાય છે. પ્રાંત પરત્વે આ તહેવારની ક્રિયામાં પણ ફેર છે. બંગાળમાં ફાગણ સુદ ૧૪ થી આ ઉત્સવ શરૂ થાય છે. તે દિવસે કૃષ્ણની મૂર્તિની પૂજા કર્યા બાદ ભેગા થએલા લોકો પર કંકુ નાખીને ઘરની બહાર ઘાસનું એક પૂતળું બનાવીને બાળવામાં આવે છે. આને જ તેઓ હોળી કહે છે. બીજે દિવસે કૃષ્ણની મૂર્તિને દોલા પર કે પારણામાં બેસાડી તેને હીંચવામાં આવે છે. ઓરિસ્સામાં બંગાળની માફક જ દોલોત્સવ થાય છે; માત્ર ત્યાં હોળીનો વિધિ થતો નથી. ઉત્તર હિંદમાં તો સુદ પાંચમથી જ લોકો લાલ પીળાં કપડાં પહેરી, ગુલાલ ઉડાડવાનું શરૂ કરી, પૂનમ સુધી દિવસો આનંદમાં વિતાવે છે. હોળીના બીજા દિવસે કેટલાક લોકો હોળીની ભસ્મને પાપનાશક માની શરીરે ચોળે છે. મદ્રાસ ઈલાકામાં આ તહેવાર ધામધૂમથી ન ઊજવાતાં માત્ર શિવાલયની સામે જ હોળી સળગાવવામાં આવે છે.

આપણા મુંબાઈ ઇલાકામાં જુદેજુદે ઠેકાણે જુદાજુદા વિધિ છે. પણ બધે ઠેકાણે હુતાશની તો ફાગણ સુદ પૂનમે જ પેટાવવામાં આવે છે. ગામેગામ હોળીની વચમાં સોપારી, આંબો, એરંડો, કેળ આદિ ઝાડ કે તેની ડાળ રોપી મોટી હોળી સળગાવવામાં આવે છે. ગુજરાતમાં રંગપંચમીનો તહેવાર સ્વતંત્રરીતે પળાતો ન હોવાથી તેનો સમાવેશ આ તહેવારમાં જ થાય છે. હોળીને દિવસે તથા ત્યાર પહેલાં પણ ભરી પીચકારીની બંદુક હાથમાં રાખી 'કાકા, હોળીનો પૈસો'ની ટહેલ શરૂ થાય છે; નવાં કપડાં પર રંગોનાં ચીતરામણ થાય છે અને રાત્રે ઠેકઠેકાણેથી ચોરી આણેલાં લાકડાંઓ હોળી માતાને સમર્પણ થાય છે. આ દિવસોમાં ગાળાગાળી, તોફાનમસ્તી, અને બીભત્સપણાની છૂટ મનાય છે! હલકા વર્ણના લોકો તો નાચગાન તથા રંગ છાંટવામાં પસાર કરી બેભાન થતાં સુધી આ દિવસે દારૂ ભાંગ આદિનું સેવન કરે છે.

મૂળે વસંતોત્સવ તરીકે અને ઉચ્ચનીચના ભેદ દૂર કરી સમાનતા માટે શરૂ કરેલા આ ઉત્સવમાં જે અનેક કુરૂઢિ તથા સડા પાછળથી પેસી ગયાં છે તે કોઈ પણ વિચારશીલ માણસને ખૂંચે તેવાં છે. આનંદપ્રદર્શન તરીકે હોળી સળગાવવી, અબીલ-ગુલાલ ઉડાડવાં તથા ગાયનવાદનમાં વખત ગાળવો એ મૂળની નિર્દોષ ક્રિયાઓમાં આજે જબરદસ્તીએ રંગ છાંટવા, દમદાટીથી હોળીના પૈસા ઉઘરાવવા, ચોરીછુપીથી લોકોના માલ બાળી નાખવા, બળજબરી અને ગાળાગાળી કરવાં, અશ્લીલ વર્તાવ, બેહદ મદ્યપાન, સ્ત્રીઓ સાથે અઘટિત વર્તાવ આદિ અનેક અસંસ્કૃત કુરૂઢિઓ પેસી ગઈ છે તે કોઈ પણ સુસંસ્કૃત સમાજને શોભે તેવી નથી. સુશિક્ષિત અને સંસ્કારી લોકોએ તે સડો દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. હોળીનો દિવસ મેદાની તેમજ મર્દાની રમતો માટે વિશેષ અનુકૂળ છે. માટે તે દિવસે ગ્રામસફાઇ, રમતગમતની હરીફાઇ, રાત્રે હોળી થયા બાદ સમૂહભોજન અને ત્યાર બાદ આટાપાટા જેવી રમતો,—એવા કોઈ સાત્વિક આનંદ આપનાર કાર્યક્રમ રાખવામાં આવે તો જ આપણો આ વસંતોત્સવ દીપી ઊઠે.

કરતાં સાઈકલ દોડાવવામાં વધુ ગતિ પ્રાપ્ત કરી.

૫૦ માઈલની હરીફાઈમાં કુલ બાવન ઉમેદવાર હતા; જેમાં એક અંગ્રેજ હતો. જાનકીદાસની અસાધારણ ગતિ આગળ બીજા બધા જ પાછળ પડી ગયા. કેવળ પેલો અંગ્રેજ તેમની પાછળ પાછળ આવતો હતો. પણ છેવટે તે ય પાછળ પડી જઈ બન્ને વચ્ચેનું અંતર ૧૫ માઇલનું જેટલું થયું ! ૫૦ માઈલનું કુલ અંતર તેણે ૨ કલાક ૪ મિનિટ અને ૧૨.૨ સેકંડમાં કાપ્યું ! અગાઉના ૧૯૩૩ના એલ. જે. રૉસના ૨ કલાક ૫ મિનિટના બ્રિટિશ વિક્રમ કરતાં જાનકીદાસનો આ વિક્રમ અધિક ઊંચો હતો. જગતભરનો જાનકીદાસનો આ ઉચ્ચાંક હજુ સુધી કોઇ તોડી શક્યું નથી.

આ અસાધારણ કામગીરીને કારણે જાનકીદાસને ઈન્ડિયન ઑલિંપિક એસોસીએશન તરફથી હિંદના પ્રતિનિધિ તરીકે ઑસ્ટ્રેલિયામાં ભરાનાર એમ્પાયર ગેમ્સમાં ભાગ લેવા મોકલવામાં આવ્યા. સિડનીના વિખ્યાત મેદાન પર ૧૯૩૮ની ૮મી ફેબ્રુઆરીએ જ્યારે જાનકીદાસ પોતાની એ જ સાદી સાયકલ સાથે અરધા માઇલની સાઈકલ હરીફાઇ માટે ઊભા રહ્યા ત્યારે વિશાળ હિંદના પોતે એક માત્ર પ્રતિનિધિ હોવાની પોતા પરની જવાબદારીનો તેને સંપૂર્ણ ખ્યાલ હતો. બીજા ઉમેદવારોની અવનવી રેસિંગ સાઈકલો તથા ઈતર અદ્યતન સાધનસામગ્રી જોઇને તે ન તો ગભરાયો કે ન તો તેણે આત્મવિશ્વાસ ગુમાવ્યો. બ્રિટિશ સામ્રાજ્યના જગવિખ્યાત ચૅમ્પિયન સાઈકલિસ્ટો તે હરીફાઈમાં ઊતર્યા હતા. અને છતાં પણ તેણે તે અરધા માઈલનું અંતર કેવળ ૬૦.૧ સેકન્ડમાં કાપીને સૌથી પહેલો નંબર મેળવ્યો! તેનું તથા મૅક્સવેલ નામના બીજા ઉમેદવારનું પ્રમાણ સરખું જ હતું. પણ જાનકીદાસે માત્ર સાદી સાઈકલના બળે આવો પ્રથમ પંક્તિનો યશ મેળવેલો હોવાથી બીજી હરીફાઈઓમાં તેની જ જીત થશે એમાં લોકોને રજ માત્ર સંશય ન રહ્યો.

પણ વિધિએ કંઈ બીજું જ ધાર્યું હતું. જાનકીદાસ બીજી હરીફાઈ માટે નવી સાઇકલ વેચાતી લઈ તે પર પ્રૅક્ટિસ કરવા જતાં તેનું પેડલ નીકળી જઈ તે જોસથી જમીન પર પટકાયો અને બેભાન થઇ ગયો. ડૉક્ટરોએ ૧૦ દિવસ સુધી બીજી કોઈ શરતમાં ભાગ લેવાની તેને મના કરવા છતાં માથે પાટા બાંધેલી સ્થિતિમાં એક હજાર મીટરની સાઈકલની શરતમાં તેણે ભાગ લીધો. થોડો વખત તો તેણે મૅક્સવેલની સાથે જ સાઈકલ દોડાવી. પણ પછી ચક્કર આવવાને કારણે મેક્સવેલ જીતી ગયો. બે દિવસ પછી દસ માઈલની બીજી શરતમાં પણ બધાએ ના પાડવા છતાં પણ તેણે ભાગ લીધો. પણ તેમાં માથાની ચૂંક અસહ્ય થઇ તે રસ્તામાં જ ગબડી પડ્યો. આથી આગળ બીજી કોઇપણ હરીફાઇમાં ભાગ લેવો તેને માટે અશક્ય થઈ પડ્યું. છતાં પણ તેણે જે વિક્રમ હિંદમાં નિર્માણ કરેલો તે કોઈ પણ ઉમેદવાર તે હરીફાઈઓમાં તોડી શક્યો નહોતો.

હિંદ પાછા આવ્યા પછી તેણે સાઈકલિંગની ચળવળને ઉત્તેજન આપવા 'નૅશનલ સાઈકલિસ્ટ ફેડરેશન ઑવ ઈન્ડિયા' નામની સંસ્થા સ્થાપી અને તેને 'યુનિયન સાઈકલિસ્ટ ઇંટરનેશલ, પારીસ' એ સંસ્થાનું પ્રતિનિધિત્વ મેળવી આપ્યું. આ સંસ્થાએ ઈ. ૧૯૪૫માં જાનકીદાસના યશોજ્જ્વલ જીવન માટે તેનું એક ભવ્ય તૈલચિત્ર પારીસમાં લટકાવીને તેનું બહુમાન કર્યું હતું.

પણ જાનકીદાસનાનો જીવન કીર્તિકલશ રૂપ બનાવ તો ૧૯૪૬ માં સ્વિટ્ઝર્લૅંડમાં ઝૂરિચ ખાતે બન્યો. તે વર્ષે ત્યાં ભરાએલી 'વર્લ્ડ સાઈકલિંગ કૉંગ્રેસે' તેમની સાઇકલિંગની જાગતિક હરીફાઈ માટે પંચ (અમ્પાયર) તરીકે વરણી કરી, એટલું જ નહિ પણ જેમણે-જેમણે સાઈકલિંગના ક્ષેત્રમાં વિક્રમ નિર્માણ કર્યો હોય તેમનું સન્માન કરવાના ભવ્ય કાર્યક્રમમાં હાજર રહેવાનું તેમને આમંત્રણ મળ્યું. આ બંને પ્રકારનું અત્યુચ્ચ માન જગતમાં બહુ જ ઓછાઓના ભાગ્યે આવે છે. મ. ગાંધીજી આદિના આશીર્વાદ મેળવી તે ઝૂરિચ પહોંચ્યા ને ત્યાં પાંચ લાખ જેટલા વિરાટ જનસમુદાયની હાજરીમાં હિંદને ગૌરવ અપાવે તેવો તે ભવ્ય સમારંભ થયો.

જાનકીદાસ તે વર્ષના સાઈકલિંગના ક્ષેત્રમાં જગજ્જેતા ગણાયા હોવાથી તેમને એક ઊંચા મંચ ઉપર ઊભા રાખવામાં આવ્યા હતા. પાસે જ વિજયી રાષ્ટ્રનો ધ્વજ ચડાવવા માટે એક સ્તંભ ઊભો કરેલો હતો. આજુબાજુ પાંચ લાખ લોકોનો વિરાટ સમુદાય સ્તબ્ધ બનીને ઊભો હતો. સ્વિસ સૈનિકોની એક ટુકડી તેમના માનમાં બૅન્ડ વગાડતી હતી. ત્યાં જગતની 'સૌંદર્યસામ્રાજ્ઞી' તરીકે ચુંટાએલી એક કુમારિકાએ પ્રવેશ કર્યો. તેના હાથે જાનકીદાસનું અભિવાદન થવાનું હતું. જગતના કરોડો લોકોમાંથી એકાદને જ આવું ભાગ્ય, આવું માન, આવી પૂજા મળે છે. તે કુમારિકાએ એક પુષ્પમુકુટ જાનકીદાસના મસ્તક પર ચઢાવ્યો અને તાળીઓના પ્રચંડ અવાજ સાથે પ્રેક્ષકોએ તેમનું અભિવાદન કર્યું. ત્યાર બાદ જાનકીદાસના હસ્તે ધ્વજારોહણ થયું. તે માટે પ્રથમ તો જાનકીદાસને તે વખતે હિંદ બ્રિટનનું ગુલામ હોવાથી યુનિયન જૅક આપવામાં આવ્યો. પણ જાનકીદાસે તે ધ્વજ ચઢાવવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો અને હિંદના ત્રિરંગી ધ્વજની માગણી કરી. આખરે સંચાલકોને નમતું આપવું પડ્યું અને જાનકીદાસે હિંદનો તે ગૌરવશાળી ત્રિરંગી ધ્વજ યુરોપના એ વિખ્યાત મેદાન પર ફરકાવ્યો.

હિંદ પાછા આવ્યા પછી તે ધ્વજ સન્માનની અમૂલ્ય વસ્તુ તરીકે પંડિત જવાહરલાલને તેમણે અર્પણ કર્યો. આવતે વર્ષે શિકાગો (અમેરિકા) ખાતે ભરાનાર સાઇકલિંગ કૉંગ્રેસ માટે પણ તેમને આમંત્રણ આવેલું હોઈ ત્યાં પણ તે સ્વતંત્ર ભારતનો વિજયી ધ્વજ પોતાના પરાક્રમથી ફરકાવીને પાછા આવશે એવી આપણી સ્વાભાવિક રીતે જ અપેક્ષા રહે છે. ('કિર્લોસ્કર' પરથી)


## ટમેટાં—ગરીબોનાં સંતરાં

આજે તો ઘણાખરા તે ખાય છે; પણ એક કાળ એવો યે હતો કે જ્યારે ધાર્મિકો તેને માંસના રંગરૂપવાળાં સમજી તેની ઘૃણા કરતા. પરદેશમાં પણ એક કાળે લોકો તેને એક ઝેરી ફળ ગણી અખાદ્ય માનતા અને કેવળ શોભા અર્થે ભોજન સમયે ટેબલ પર રાખવા કે પોતાનાં પ્રિયજનને ભેટ આપવા તેનો ઉપયોગ કરતા.

ટમેટાં સૌથી પહેલાં રેન ટાપુ પર જડેલાં. ત્યાંથી ૭૦ વર્ષ પર સર વૉલ્ટર રૅલે રાણી વિક્ટોરિયાને ભેટ આપવા તે ઈંગ્લંડ લઇ ગએલો. કેટલાક એમ માને છે દક્ષિણ અમેરિકાથી ટમેટાં યુરોપ ગએલાં. એ જે હોય તે, પણ આજે તો તે વિશ્વભરમાં વ્યાપી ગયાં છે. જોકે હિંદમાં તો તે ૨૦-૨૫ વર્ષથી જ વપરાય છે.

ટમેટાં એ ખરૂં જોતાં શાક નહિ પણ ફળ ગણાય તેમાં બધાં જ વિટામિન છે, પણ તે સૌમાં વિટામિન 'ક'(સી) સૌથી વધુ છે. આ વિટામિન ખાસ મોંઘી જાતનાં ફળોમાં જ મળતું હોઈ જ્યાં સુધી ટમેટાં મળી શકે ત્યાં સુધી તેનો ઉપયોગ ખૂબ કરવો જોઇએ. ઘી, દૂધમાંથી મળતું વિટામિન 'અ' પણ તેમાં સારી પેઠે છે. ને રોજનાં પાશેર-દોઢ પાશેર ટમેટાં ખાવાથી તે શરીરને જોઈતા પ્રમાણમાં મળી રહે છે. વિટામિન 'બ' પણ તેમાં યોગ્ય પ્રમાણમાં છે. ઉપરાંત કુદરતી ક્ષારો પણ તેમાં ઘણા પ્રમાણમાં હોય છે. તેમાં રહેલું લોહનું પ્રમાણ દૂધ કરતાં બમણું અને નારંગી, સંતરાં, તરબૂચ તથા કાકડી

કરતાં વધારે છે. કૅલ્શ્યમની દૃષ્ટિથી જોઈએ તો પણ કેળાં અને ચોખા કરતાં તે શ્રેષ્ઠ ઠરે છે. અને પૉટેશ્યમ તો તેમાં એટલું બધું છે કે એ બાબતમાં ઘણાં ઓછાં ફળ તેની બરાબરી કરી શકે. આ કારણે જ ટમેટાં ગરીબોનાં સંતરાં કહેવાય છે.



ટમેટાંનો ઉપયોગ લગભગ ઘણાખરા રોગોમાં લાભદાયક છે. તે લોહીને શુદ્ધ કરે છે તથા દાંતને બહુ મજબૂત બનાવે છે. હૃદયની નબળાઇ પર તે વિશેષ ગુણકારી હોઇ સ્નાયુને માટે તે રસાયનનું કાર્ય કરે છે. તેનાથી ભૂખ વધે છે અને પાચનશક્તિ તીવ્ર થાય છે. મધુમેહના રોગમાં જ્યારે બીજાં કોઈ ફળ ખાવાની બંધી હોવાથી દર્દી બીજા પણ રોગથી પીડાતો હોય છે ત્યારે તેને ટમેટાં આપવાથી તે બીજા રોગોથી બચવા સાથે મધુમેહમાંથી પણ છુટકારો મેળવવા તેની મદદ લઈ શકે છે. જીર્ણ રોગો સિવાય તીવ્ર રોગોમાં પણ ટમેટાં લાભદાયક છે. તાવવાળા દરદીને તેનો રસ આપવાથી ગરમીને શાંત કરવા સાથે તૃષ–શોષને પણ તે મટાડે છે.

ટમેટાંના સર્વ ગુણો એ જ ટમેટાંમાં હોય છે જેમની ખેતી સ્વાભાવિકરીતે થાય છે. વૈજ્ઞાનિક ખાતરની મદદથી પેદા કરેલાં મોટાં–મોટાં ટમેટાંમાં આ ગુણો ઘણા ઓછા હોય છે. વળી ડબ્બામાં પૅક થઈને આવતાં ટમેટાંમાં તથા શીશીમાં ભરીને વેચવામાં આવતા તેના રસમાં પણ તેના ગુણો ઓછા થઈ જાય છે. ટમેટાંમાંથી સંપૂર્ણ ફાયદો ઉઠાવવા માટે તેને હમેશાં તાજાં તથા અગ્નિના સંસર્ગમાં લાવ્યા સિવાય લેવાં જોઇએ. સવારે ખાલી પેટે અથવા નાસ્તા સાથે લેવાથી તે ઘણો લાભ કરે છે.

આમ તો ટમેટાંનો ઉપયોગ ખાવામાં વિવિધરીતે થાય છે, પણ તેનું કચુંબર કરી લેવાથી સ્વાદ સાથે તેના સર્વ ગુણો સચવાઈ રહે છે. તે બનાવવા ૪ ભાગ ટમેટાં તથા એક ભાગ ગાજર, પાલક કે એવું જ કોઇક પૌષ્ટિક શાક લઈ તેના પાતળા કટકા કરી તેમાં વાટેલું જીરૂં, મીઠું તથા થોડો લીંબુનો રસ નાખવો. ભોજન સાથે આ કચુંબર જો પાશેરેક લેવામાં આવે તો કબજિયાત પણ દૂર થઈ શકે છે.

આમ ભોજન અને ઔષધિ એમ બંનેરીતે ઉપયોગી એવાં આ ટમેટાંનો પ્રચાર તથા વપરાશ ખૂબ વધવો જરૂરી છે. (આરોગ્ય)

## જંતુઓ સામે જેહાદ

ઉપદ્રવી અને રોગવાહક જંતુઓના નાશ માટે છેલ્લાં વરસોમાં જે અદ્ભુત અને અસરકારક દવાઓ શોધાઈ છે, તેમાં ડી.ડી.ટી. તો જાણીતી દવા છે; પણ તેના કરતાં યે કેટલીક બાબતોમાં ચડિયાતી પણ ઓછી જાણીતી એક જંતુનાશક દવા છે. તેનું નામ ગૅમેકસે (Gammexane). તેનું રાસાયણિક નામ તો છે બન્ઝેઈન હેકસાક્લોરાઈડ, પણ ટૂંકમાં તે ૬૬૬ના નામથી જાણીતી છે. તે સૈકાઓ પહેલાં મિશેલ ફેરાડેએ શોધેલી, પણ તેની કાર્યસાધકતાની તે વખતે પિછાન નહોતી થઈ. છેક ઈ. સ. ૧૯૪૨માં, અસરકારક જંતુનાશક પદાર્થની શોધ પાછળ આઠ વર્ષ જહેમત લીધા બાદ, બ્રિટિશ વૈજ્ઞાનિકોને હજારો પદાર્થોની કસોટી બાદ ગૅમેકસે ઘણું અસરકારક જણાયું.

ગૅમેકસે ભૂકાના રૂપમાં તથા પ્રવાહીના રૂપમાં છાંટવા માટે વપરાય છે. ડી.ડી.ટી.ના જેવું તે જલદી અસર કરે તેવું નથી, પણ તેની અસર કલાકોના ગાળા પછી થાય છે, જે લાંબા સમયસુધી ચાલુ રહે છે. વળી તે પાણીમાં ઓગળતું નહિ હોવાથી જમીનના જંતુઓના નાશ માટે ઉપયોગી નીવડે તેવું છે. મચ્છર તથા માખો માટે તે કાતિલ ઝેર જેવું હોવા ઉપરાંત તીડ, વંદા, ચાંચડ, જૂ, માકણ, કિલ્લાં, જિવાત અને કીડી માટે પણ તેવું જ અસરકારક છે. એક એકર જમીન ઉપર ફક્ત અધોળ જેટલું ગૅમેકસે છાંટવામાં આવે તો મચ્છરની ઈયળોનો નાશ થઇ જાય છે. તીડના નાશ માટે તો તેના જેવી બીજી એકે દવા નથી. અનાજને બગાડનારાં કિલ્લાં ને ફળની જિવાતના નાશ માટે તે ઉપયોગી છે. ચૂનાની આછ સાથે ભેળવી અનાજમાં તે ભેળવવામાં આવે તો અનાજમાં જીવડાં પડતાં નથી.

ગૅમેકસે ઘણાં પ્રકારનાં જંતુઓ માટે ઝેર હોવા છતાં માણસો અને પ્રાણીઓ માટે બિનહાનિકારક છે, એટલું જ નહિ પણ તેનાથી ચામડીને પણ કોઈ પ્રકારનું નુકસાન થતું નથી. વળી તેની અસર લાંબા સમય સુધી ટકતી હોવાથી તે જનસુખાકારી માટે તેમજ અનાજના રક્ષણ માટે સરળતાથી વાપરી શકાય છે.

જંતુઓ માણસની પાસે શા કારણથી આવે છે અને કરડે છે એ જાણવા પ્રયત્નો થયા છે. તે દ્વારા એમ જણાયું છે કે માનવી સમીપનું વાતાવરણ ગરમ હોવાથી જંતુઓ માનવદેહનું અસ્તિત્વ વરતી જઈ તેના તરફ ધસી આવે છે. વળી આપણા ઉચ્છ્વાસમાંના કાર્બન ડાયૉકસાઈડ કે બીજા વાયુઓની વાસથી દોરવાઈ જઇ મચ્છરો તે દિશામાં ઊડે છે. જંતુઓને અણગમતી વાસના વપરાશથી દૂર રાખવા પ્રયત્નો થયા છે. તેવા વાસવાળા પદાર્થોમાં એકનું નામ ડાઇમિથાએફથેલેટ (Dimethyephthalate) છે, જે ડી.એમ.પી. કહેવાય છે. આનું પાંચ ટકા દ્રાવણ શરીર પર લગાડવાથી છ કલાક સુધી મચ્છર, માખ, મગતરાં આપણી પાસે આવતાં નથી.–ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

## તમે પણ ધારો તો—

કાળબળે ૧૩ વર્ષની વયના એક બુદ્ધિમાન વિદ્યાર્થીને પોતાના ભરણપોષણ માટે નોકરી કરવાનો વખત આવ્યો અને તે એક છાપખાનામાં બીબાં ગોઠવવા રહ્યો. પણ એ કામના બોજા તળે પોતાની મહત્ત્વાકાંક્ષાને ચગદાવા ન દેવાનો તેનો નિર્ધાર હતો. તે સખત નોકરીમાં તેને બે માસ થયા ન થયા ત્યાં તો તેણે પોતાની કાકીને પોતાની ભવિષ્યની યોજનાઓ અંગેનો નીચે મુજબ પત્ર લખ્યો:

'આ ધંધામાં જોડાયો ત્યારથી હું જોઉં છું કે ઘણાખરા કારીગરો રોજ બીડી તથા દારૂ પાછળ ઘણા પૈસા ખરચે છે. મેં તે ખરચની સંપૂર્ણ ગણત્રી કરી તો જણાયું કે જો એક માણસ રોજના ૧૦ સેન્ટ દારૂ પાછળ વાપરે તો ૧૦ વર્ષમાં વ્યાજ વગર તે રકમ ૩૬૫ ડૉલર થાય; અને તમાકુ પાછળ અઠવાડિયાના ૨૦ સેન્ટ વાપરતો હોય તો ૧૦ વર્ષમાં તે રકમ ૧૦૪ ડૉલર થાય. હવે આ બંને રકમ જો ભેગી કરીએ તો તેના વડે એક જૂનું છાપખાનું તથા તેને માટેનાં બીબાં સહેલાઇથી ખરીદી શકાય. મારી ઉમર અત્યારે ૧૩ વર્ષની છે અને મેં આજથી મારા પગારમાંથી તમાકુ તથા દારૂ પાછળ પૈસા વેડફી નાખવાને બદલે દર પગારે તે જુદા કાઢી તેની બચત કરવાનો નિર્ધાર કર્યો છે. આમ જ્યારે મારી ઉમર ૨૩ વર્ષની થશે ત્યારે એક સરસ જૂનું છાપખાનું ખરીદ કરવા જેટલી મૂડી મેં ભેગી કરી હશે.

—આજ્ઞાંકિત આર્ટ કૅપર'

આ કાગળ લખનાર આર્થર કૅપર આજ કેટલાં યે છાપખાનાંનો માલિક હોઇ અમેરિકન કૉંગ્રેસનો સેનેટર પણ છે. ચાર પ્રાંતોમાં તેનાં ૧૦ છાપાં ચાલે છે, જેના ૪૦ લાખ તો ગ્રાહકો છે. તે બે રેડિયો સ્ટેશન ચલાવે છે ને ખેતી વિષયનો તજ્જ્ઞ મનાય છે. તેના 'કૅપર્સ ફાર્મર' પત્રની ગ્રાહક સંખ્યા તો ૨૦ લાખ છે! (ટ્રેઝર ચેસ્ટ)

# ફેબ્રુઆરીની તવારીખ

**તા. ૪** ૪૩૨ વર્ષે બાદ લંકા આઝાદ બન્યું.

**તા. ૪** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો.

**તા. ૮** મુસ્લિમ નૅશનલ ગાર્ડ્સ અને ખાકસાર તથા રૅડગાર્ડ્ઝ અને સમતાસેવક સંઘને પણ ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યા.

**તા. ૧૨** પ્રયાગના ત્રિવેણીસંગમમાં ૫૦ લાખલોકોની હાજરીમાં ગાંધીજીનાં અસ્થિનું ભારે દબદબાપૂર્વક વિસર્જન. દેશભરમાં અનેક સ્થળે એ જ રીતે એ ક્રિયા થઇ.

**તા. ૧૩** જગન્નાથપુરીના પ્રખ્યાત મંદિરમાં હરિજનોનો પ્રવેશ.

**તા. ૧૫** ૪૪૯ જેટલાં દેશી રાજ્યોને લોપીને એક અખંડ કાઠિયાવાડનું 'સૌરાષ્ટ્ર' નામથી સર્જન થયું શ્રી ઉછરંગરાય ઢેબરના પ્રમુખપણા નીચે પ્રજાકીય સરકારની રચના થઈ. જામસાહેબ તેના રાજપ્રમુખ નિમાયા.

**તા. ૧૮** જૂનાગઢના લોકમતમાં ૯૯.૯ ટકા એ હિંદી સંઘમાં જોડાવાનો મત આપ્યો.

**તા. ૧૯** દક્ષિણ હિંદનાં ૧૫ દેશી રાજ્યો મુંબાઇ પ્રાંતમાં ભળી ગયાં.

**તા. ૨૬** કચ્છના મહારાવ શ્રી વિજયરાજજીનું અવસાન.

**તા. ૨૬** દક્ષિણ આફ્રિકામાં ચાલતા હિંદીઓના સત્યાગ્રહમાં બે પ્રમુખ આગેવાનો શ્રી દાદુ તથા શ્રી નાઇકરને છ છ મહિનાની સખત કેદની સજા. ¶ મુંબાઈ પ્રાંતનું બજેટ બહાર પડયું જેમાં આવક લગભગ ૪૧॥ કરોડ ને ખર્ચ ૪૪ કરોડ બતાવવામાં આવ્યા. મોજશોખની વસ્તુ પર નવા કરોની જાહેરાત.

**તા. ૨૭** ચેકોસ્લોવાકિયામાં કૉમ્યુનિસ્ટ બહુમતિવાળું નવું પ્રધાનમંડળ રચાયું.

**તા. ૨૮** હિંદ સરકારનું બજેટ બહાર પડયું, જેમાં ગયે વર્ષે આવક ૧૭૮ કરોડ ને ખરચ ૧૮૫ કરોડ થયાની તથા આ વર્ષે આવક ૨૩૦ કરોડ અને ખરચ ૨૫૭ કરોડ થવાની નાણાંમંત્રીની જાહેરાત (અંદાજે ૨૭ કરોડની ખાધ)

**તા. ૨૮** હિંદમાંથી છેલ્લી બ્રિટિશ લશ્કરી ટુકડીની મુંબાઇથી વિદાય.

# આ માસ (માર્ચ) ઈતિહાસમાં

**તા. ૩** રાજકોટ–ઠાકોર પાસે રાજકીય સુધારા કરાવવા ગાંધીજીના ઉપવાસ, ૧૯૩૯.

**તા. ૯** અંગ્રેજોએ ટીપુ સુલતાન સાથેના કરારોમાં અર્ધું મ્હૈસુર પડાવી લીધું, ૧૭૯૨.

**તા. ૧૨** ચીનના રાષ્ટ્રપિતા ને પ્રખર લોકસેવક સુનયત સેનનું પેકિંગમાં મૃત્યુ, ૧૯૨૫.

**તા. ૧૪** સૂર્યમાળાનો સૌથી દૂરનો ગ્રહ 'પ્લૂટો' લૉવેલ વેધશાળાએ શોધ્યો, ૧૯૩૦.

**તા. ૧૯** અંધારો આફ્રિકા સૌપ્રથમ ખેડનાર સાહસ-સફરી લિવિંગસ્ટન જન્મ્યો, ૧૮૧૩.

**તા. ૨૧** ગુજરાતના વિખ્યાત મસ્તકવિ બાલાશંકર ઉલ્લાસરામનું અવસાન, ૧૮૯૮.

**તા. ૨૨** સુભાષબાબુની આઝાદ હિંદ ફોજનો હિંદની ધરતી પર ઈમ્ફાલમાં પ્રવેશ, ૧૯૪૪.

**તા. ૨૯** બરાકપુરમાં મંગળ પાંડેએ '૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામના શ્રીગણેશ કર્યા, ૧૮૫૭.

## આ માસની વ્યક્તિ-વિશેષ : ટૉમસ ગૅરિક મસારિક



ત્રણત્રણ સદીથી ઑસ્ટ્રો-હંગેરિયન સરકારની એડી તળે કચડાતા પરતંત્ર ચેકોસ્લોવાકિયાને અવિશ્રાંત પરિશ્રમ અને નીડર નેતાગીરીવડે એકલે હાથે ઝઝૂમી સ્વતંત્ર કરનાર આ મહાન તારણહારનો જન્મ ઈ. ૧૮૫૦ની ૭મી માર્ચે ચેકોસ્લોવાકિયાના હોડોનિન ગામે રાજકુળના એક ગરીબ ગાડીવાનને ત્યાં થયો હતો. કુશાગ્ર બુદ્ધિ છતાં, ગામડાના પ્રાથમિક શિક્ષણ પછી તેને શાળામાં જ નોકરી લેવી પડી. ત્યાંથી વીએનામાં એક તાળાકૂંચીવાળાને ત્યાં ને ત્યાંથી પોતાના ગામમાં એક લુહારને ત્યાં શિખાઉ તરીકે રહ્યો. એક તેજસ્વી વિદ્યાર્થીને આમ લોઢું ટીપવાનું કામ કરતો જોઇ તેના એક જૂના શિક્ષકે તેના પિતાને સમજાવી ફરી શાળાની જૂની નોકરીએ રખાવ્યો, જ્યાં મસારિકે ઉત્સાહથી અધ્યયન-અધ્યાપનનું કાર્ય શરૂ કર્યું.

ત્યાંથી તે બ્રૂનોની જર્મન શાળામાં ગયો જ્યાં તેને એક પ્રજાની પરતંત્રતાનું પહેલું ભાન થયું. ત્યાં તેના બળવાખોર માનસનું અધિકારીઓ સાથે ઘર્ષણ થતાં તે વીએના ગયો ને નોકરી કરતો ગ્રૅજ્યુએટ થયો ને તત્ત્વજ્ઞાનનો વિષય લઇ, નવનવ ભાષા શીખી, 'આત્મહત્યા' પર એક માર્મિક પ્રબંધ લખ્યો જેને કારણે તેને ડૉક્ટરેટની પદવી મળી. તેની આ યશસ્વી સિદ્ધિથી તે પ્રાગની યુનિવર્સિટીમાં પ્રોફેસર નિમાયો જ્યાં અલ્પ કાળમાં જ તેણે લોકપ્રિયતા સંપાદન કરી. ત્યાં તેના સ્વાતંત્ર્યપિપાસુ બળવાખોર માનસે કૉલેજના નવજવાનોમાં તેમજ બહાર, ચેકોસ્લોવાકિયાની મુક્તિ ને અસ્મિતાનો સંદેશ આપવો શરૂ કર્યો.

૧૮૮૯માં તે ઑસ્ટ્રિયાની પાર્લામેન્ટમાં ચુંટાયો ને પ્રજામાં સ્વાતંત્ર્યનો ખુલ્લો પ્રચાર કરી જનતાને સ્વાતંત્ર્યાભિમુખ કરવા માંડી. ત્યાં તો ૧૯૧૪ના મહાયુદ્ધનો સુવર્ણ અવસર આવી પહોંચ્યો. એ તકનો લાભ લઈ તેણે દેશમાં એક પ્રબળ ગુપ્ત-સંગઠન ઊભું કર્યું ને સરકાર તેની ધરપકડ કરે તે પહેલાં જ મિત્રરાષ્ટ્રોની મદદ મેળવવા ઇટાલી ચાલ્યો ગયો.

પરદેશોમાં સતત પ્રચાર કરીને તથા અનેક રાજપુરુષોની મુલાકાત લઇને તેણે સર્વ સાથી રાષ્ટ્રો પાસે ચેકોસ્લોવાકિયાને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્ય કરાવ્યું. આથી યુદ્ધ પૂરું થયા પછી ૧૯૧૮ની ૧૪મી નવેમ્બરે સ્વતંત્ર ચેકોસ્લોવાકિયાની પહેલી રાષ્ટ્રીય લોકસભા મળી ત્યારે તેણે પોતાના તારણહાર મસારિકને જ પ્રમુખ ચૂંટી કાઢયો. સતત ૧૬ વર્ષ સુધી એ પદે રહી તેણે પોતાના દેશને આબાદ તથા શક્તિશાળી બનાવવાની તનતોડ મહેનત કરી. ૧૯૩૫માં ૮૫ વર્ષની વયે એ પદેથી નિવૃત્ત થયા પછી બે વર્ષે જ તેનું મૃત્યુ થયું.

¶ આ માસનો પ્રસંગ-વિશેષ : **દાંડીકૂચ :** ૧૯૨૯ની લાહોર કૉંગ્રેસમાં થએલા ઠરાવ અનુસાર પૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય હાંસલ કરવા માટેની ચળવળ શરૂ કરવા મહાત્માજી સેનાપતિ નિમાતાં તેમણે મીઠાનો જુલમી કાયદો તોડીને ચળવળના શ્રીગણેશ કરવાનો નિશ્ચય કર્યો. તે માટે સાબરમતી આશ્રમથી પોતાના ૭૯ સાથીઓ સાથે નીકળી આખું ગુજરાત પગપાળા વીંધીને દાંડીના દરિયાકાંઠે જવાનું ઠરાવ્યું. ઈ. ૧૯૩૦ની ૧૨મી માર્ચે એ જગવિખ્યાત દાંડીયાત્રા શરૂ થઇ. ગામેગામ હજારો લોકો સ્વરાજ્યના આ ૮૦ યાત્રીઓનાં દર્શને આવતાં, જંગી સભાઓ થતી અને મહાત્માજી પાસેથી સ્વરાજ્યનો ચેતનાદાયી સંદેશ લઈ પાછાં જતાં. આમ ૨૫ દિવસે ૫ મી એપ્રિલના રોજ જ્યારે મહાત્માજીએ ૨૪૧ માઇલનું આ 'મહાભિનિષ્ક્રમણ' પૂરું કર્યું ત્યારે માત્ર ગુજરાતમાં જ નહિ પણ દેશસમસ્તમાં જયિષ્ણુ નવચૈતન્ય તથા બલિદાનની ઉત્કટ ભાવના પ્રસરી ગયાં હતાં. આથી છઠ્ઠી એપ્રિલે મહાત્માજીએ છડેચોક મીઠું ઉપાડીને તે પાશવી કાયદાનો ભંગ કરતાં જ દેશની કોટિગણ જનતાએ પણ નીડરતાથી તે ચળવળ ઉપાડી લઇ બ્રિટિશ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા.

**માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને**
**મહાપદ પામ્યા તે મરજીવા મૂકી મનનો મેલ જોને**

—પ્રીતમ

આગાખાન મહેલમાંની નજરકેદ દરમ્યાન સરોજિની નાયડુએ એકવાર ગાંધીજીને બૅડમિન્ટન રમવા વીનવ્યા. ગાંધીજી આવ્યા તો ખરા, પણ કદી બૅડમિન્ટન રમેલા નહિ, એટલે સરોજિનીદેવીનું અનુકરણ કરીને તેમણે રૅકેટ ડાબે હાથે પકડ્યું. સરોજિનીદેવીએ તેનું કારણ પૂછતાં તેમણે કહ્યું, 'તમે યે ડાબે હાથે જ પકડ્યું છે ને?'

'એ તો મારો જમણો હાથ દુખે છે તેથી.' સરોજિનીદેવીએ ખુલાસો કર્યો. પણ છતાં ગાંધીજીએ તો ડાબે જ હાથે રમત ચાલુ રાખી. ફરી સરોજિનીદેવીએ ભૂલ બતાવી ત્યારે એમણે કહ્યું, 'પહેલાં તો મેં ભૂલ કરી હતી, પણ હવે તેમ નથી. સ્ત્રીના દુઃખનો હું ગેરલાભ લેવા માગતો નથી.'

કહેવતોની કથા: 'મેલ કરવતિયા કરવત કે મોચીડાના મોચીડા'—બીજાની સ્થિતિ કે પ્રવૃત્તિ કરતાં ગમે તેવી ઊતરતી હોય તો યે માણસ, બહુ આનાકાનીભરી વિચારણા અને લાંબી દ્વિધાને અંતે છેવટે પોતાની જ મૂળ સ્થિતિ કે પ્રવૃત્તિ પસંદ કરે છે, એ માનવ સ્વભાવનું લક્ષણ દર્શાવતી આ કહેવત પાછળ એક વાત છે. જે માણસ કાશીના તીર્થક્ષેત્રમાં જઈને, કરવત વડે પોતાનો દેહ વહેરાવીને પ્રાણત્યાગ કરે તેને આવતે જન્મે પોતાની ધાર્યા મુજબની જાતિમાં જન્મ મળે એવી લોકમાન્યતા હતી. તે મુજબ એકદા, કાશીમાં કરવત મુકાવીને બીજે જન્મે પોતાનો ઇચ્છિત કોઇ ચડિયાતો વર્ણ મેળવવાની ધારણાથી મોચીઓનો એક સંઘ કાશી ગયો. આવતે જન્મે તમે કયો વર્ણ ઈચ્છો છો એમ કરવતિયાએ તેમને પૂછતાં તેઓ નિર્ણય કરવા બેઠા. બ્રાહ્મણોનો વર્ણ, તેની પરોપજીવી જજમાનવૃત્તિને કારણે તેમને ન ગમ્યો; ક્ષત્રિય વર્ણ તેની તામસી વૃત્તિને કારણે નકાર્યો; અને વૈશ્ય વર્ણ તેના વેપારનાં કૂડકપટને કારણે તેમને ન રૂચ્યો. છેવટે રહ્યો શૂદ્ર વર્ણ. અને જો શૂદ્ર જ જન્મવું તો પછી મોચીનો જ વર્ણ શો ખોટો? એમ વિચારી તેમણે કરવત મૂકનારને ઉપલી કહેવતવાળું વાક્ય કહી, આવતા જન્મે પણ મોચીના જ કુળમાં જન્મવાની પોતાની ઈચ્છા દર્શાવી.

અનેકાર્થી શબ્દ: **દાવ**=રમતમાં આવતો વારો; પાસામાં પડતા દાણા; લાગ; યુક્તિ કે પેચ.



અકબરે પાડેલા રૂપસુંદર સિક્કાઓ પૈકીનો આ ૧૮૨ ગ્રેન સોનાનો સિક્કો આગ્રામાં તેના રાજ્યઅમલના ૫૦મા વર્ષમાં પાડેલો, જેમાં ચોમેર વેલના સુશોભન વચ્ચે બતકનું ચિત્ર છે.


જેનો સરવાળો તથા ગુણાકાર એક જ આવે એવી બે સંખ્યાઓ શોધવાની સહેલી રીત એ છે કે, પહેલાં ગમે તે એક પૂર્ણાંક આંકડો પહેલી સંખ્યા તરીકે લેવો. પછી તે આંકડામાંથી ૧ બાદ કરીને જે આવે તે વડે મૂળ આંકડાને ભાગવો. એમ કરવાથી જે બને તે બીજી સંખ્યા. દા.ત. એક સંખ્યા ૩ લીધી. તેમાંથી એક બાદ: $૩-૧=૨$; હવે $૩\div૨=\frac{૩}{૨}$ એ બીજી સંખ્યા. તાળો મેળવી જુઓ: $૩+\frac{૩}{૨}=\frac{૯}{૨}$ અને $૩\times\frac{૩}{૨}=\frac{૯}{૨}$ એ જ પ્રમાણે ૪ અને $\frac{૪}{૩}$, ૫ અને $\frac{૫}{૪}$, ૬ ને $\frac{૬}{૫}$ અને એમ આગળ.

—નૌતમ વખારિયા


શિયાળો ઊતર્યે ગરમ કપડાં પેટીમાં મૂકતાં પહેલાં તેમને ચાર ક્વાર્ટ પાણીમાં ૧ રતલ ફટકડી ઓગાળેલા મિશ્રણમાં નિખારી નાખવાં અને સુકાયા બાદ ગડી વાળીને મૂકવાં. એથી એમાં જીવાત નહિ પડે.

રોમ ભડકે બળતું હતું ત્યારે ફિડલ વગાડવાનો બાદશાહ નીરો પર મુકાએલો આરોપ તદ્દન નાપાયાદાર છે. તે કાળે ફિડલની શોધ જ થઈ નહોતી, એટલું જ નહિ પણ તે વખતે નીરો તો રોમથી ૫૦ માઇલ દૂર હતો.

સૂર્યપ્રકાશ હાથીદાંતને પીળો નહિ પડવા દે.




મુસાફરીમાં મજૂરો ન મળતા હોય તેવે વખતે બિસ્તરામાં આ પ્રમાણે બે બાજુ બહાર રહે તે રીતે એક લાકડી વીંટી રાખવાથી બે જણા બે છેડેથી પકડીને તેને સહેલાઇથી ઊંચકી જઇ શકશે.





જંગલી ગણાતા આદિવાસીઓની સંસ્કૃતિમાંની કલાકૃતિ. નાળિયેરીના પાનના રૂપની પ્રેરણા પર રચાએલી આ આકૃતિ A આગળથી શરૂ થઇને B આગળ પહોંચતાં સુધીમાં માત્ર એક જ સળંગ રેખામાં પૂરી થાય છે એ તેની ખૂબી છે.

કપડાં પર પડેલા સીવવાના સંચાના તેલના ડાઘ કાઢવા તેના પર નવસારના પાણીમાં ભીંજવેલો કકડો ઘસવો અને પછી સાબુથી ધોઈ નાખવો. ડાઘ દૂર થશે.



'મો.ક.ગાંધી' એવા નામાક્ષરોમાં રચાએલી ગાંધીજીની મુખાકૃતિ (આલેખક: બંસીલાલ વર્મા)



**ચાંદનીમાં** (ચિત્રકાર - વૈદ્યનાથ દાસ) પ્રશાન્ત, મીઠાં, તળપદાં ભૂમિદૃશ્યોને રજૂ કરવાની શ્રી દાસની ઢબનો નમૂનો.